Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૮૯
તા.૧૩-૦૮-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૩ શ્રાવણ વદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૭ સૂર્યાસ્ત : ૦૭:૧૨

તાપમાન: ડીસા ૩૪.૦, અમદાવાદ ૩૪.૦, ગાંધીનગર ૩૫.૦, વડોદરા ૩૩.૪, સુરત ૩૧.૮, નલિયા ૩૦.૮

ચાંદી : ૩૯૫૦૦ સોનું : ૨૯૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ

પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭

જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ગોરખપુર કાંડ : મોતનો આંકડો વધીને ૬૩ : તપાસનો ધમધમાટ

## ઓક્સિજનની કમીના કારણે મોત થયા નથી : સિદ્ધાર્થનાથ સિંહ : યોગી આદિત્યનાથના મતવિસ્તારમાં સ્થિત બાબા રાઘવ દાસ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ખળભળાટ






ગોરખપુર

ઉત્તરપ્રદેશના બાબા રાઘવદાસ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ૬૩ બાળકોના મોત થયા બાદ સમગ્ર દેશ હચમચી ઉઠ્યું છે. ઉત્તર પ્રદેશ સરકાર અને કેન્દ્ર સરકાર પણ હચમચી ઉઠી છે. યોગી આદિત્યનાથ સરકારે એકાએક સક્રિય થઈને આક્રમક પગલા લેવાની શરૂઆત કરી દીધી છે. બીઆરડી હોસ્પિટલમાં મોટી સંખ્યામાં બાળકોના મોત થયા બાદ ઉત્તરપ્રદેશના આરોગ્યમંત્રી સિદ્ધાર્થનાથ સિંહે આજે આ સમગ્ર ઘટના અંગે પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ પુરતી માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, કેટલાક કલાકો માટે ઓક્સિજનના પુરવઠાને ચોક્કસપણે અસર થઈ હતી પરંતુ મોતનું કારણ ગેસ પુરવઠો ખોરવાઈ જવાનો નથી. જો કે, તેમણે કહ્યું હતું કે, સમગ્ર મામલામાં લાપરવાહી રાખવા બદલ કોલેજના પ્રિન્સિપલને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. યોગી સરકારે કહ્યું છે કે, ઓક્સિજનની કમીના કારણે બાળકોના મોત થયા નથી. મંત્રીએ કહ્યું હતું કે, દોષિતોની સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. પત્રકાર પરિષદમાં સિદ્ધાર્થનાથ સિંહે કહ્યું હતું કે, ઓગસ્ટના મહિનામાં બાળકોના મોત થતા રહ્યા છે. ઓગસ્ટ ૨૦૧૪માં ૫૬૭ બાળકોના મોત થયા હતા. અમે બાળકોના મોતને ઓછું મહત્વ આપી રહ્યા નથી. મેડિકલ કોલેજમાં બાળકોને છેલ્લા સ્ટેજમાં લાવવામાં આવે છે. ગેસનો પુરવઠો ચોક્કસપણે ૧૧.૩૦થી લઈને ૧.૩૦ વચ્ચે ખોરવાયો હતો પરંતુ ત્યારબાદથી ગેસ સિલિન્ડરથી પુરવઠો જારી છે. પાઈપ મારફતે સપ્લાય કરવામાં આવનાર લિક્વિડ ગેસના પ્રેશર લો હોવાના લીધે સિલિન્ડર મારફતે સપ્લાય જારી છે. ૧૦મી તારીખના દિવસે સવારે ૭.૩૦થી લઈને ૧૦.૦૦ વાગ્યા વચ્ચે સાત બાળકોના મોત થયા હતા પરંતુ આ મોત ગેસ પુરવઠાને લીધે થયા ન હતા.

અનુસંધાન પાના નં.૬

### વિચાર વૈભવ...

આજકાલ પ્રધાનશ્રીઓ, અધિકારીઓ અને ઠગ લોકો, હાલાણી જેવા હાલી નીકળ્યા છે અને કરોડો અબજોની સંગ્રહ કરે છે. જાણે જન્મોજન્મ કમાવાની ચિંતા જ નહીં! માણસની સંગ્રહવૃતિને કોઈ મર્યાદા નથી. લોભને થોભ ન હોય!

સ્વામી દયાનંદ સરસ્વતી કલકત્તાના ગંગાસાગર પાસે સમુદ્ર અને ગંગાના સંગમસ્થાને બેસી સત્સંગનો આનંદ માણતા હતા.

એમાંના એક શિષ્યને સંન્યાસી હોવા છતાં કૌપીન, વસ્ત્રો, પ્રસાદ અને પૂજાના ઉપયોગના વાસણ સાચવીને સંગ્રહ કરવાની ટેવ ફરિયાદ આવી હતી કે એના 'સ્વભાવ' માં સંગ્રહવૃત્તિ છે.

આ સત્સંગમાં એ જ શિષ્યએ સ્વામી દયાનંદ સરસ્વતીને પ્રશ્ન પૂછ્યો, 'ગુરુદેવ, આ સમુદ્રમાં હજારો મીઠા પાણીની નદીઓ વરસોથી રાત- દિવસ ઠલવાયા કરે છે, સમુદ્રને એના વિના બીજી કોઈ 'આવક' નથી છતાં સમુદ્રનું પાણી 'ખારું' જ કેમ રહે છે?'

સ્વામીજીએ સમય જોઈને સોગઠી મારી, કહ્યું, 'જુઓ ભાઈ! નદી સતત દાન દેનારી છે. પોતાની પાસે પોતાના પ્રાણ સમું પાણી રાખતી નથી અને સમુદ્રમાં સમાઈ જાય છે. જે દાન આપી ખાલી થઈ જાય એ મધુર બને અને જે મારું- મારું, લાવ- લાવ જેવી સંગ્રહવૃત્તિ ધરાવે એના હૃદયમાંથી ક્યારેય 'ખારાશ' જતી નથી.'

શિષ્ય શાનમાં સમજી ગયો.

- સુરેશ પ્રા. ભટ્ટ

### સાર સમાચાર...

#### બજાર કડડભુસ : ૪ દિનમાં ૬.૪ લાખ કરોડનુ નુકસાન

મુંબઈ

અમેરિકા અને ઉત્તર કોરિયા વચ્ચે સંભવિત યુદ્ધના વાગી રહેલા ભણકારા વચ્ચે શેરબજાર કડડભુસ થઈ જતા કારોબારીઓની હાલત કફોડી બનેલી છે. શેરબજારમાં લોકો પરેશાન થયેલા છે. છેલ્લા ચાર કારોબારી સેશનમાં રોકાણકારોએ ૬.૪ લાખ કરોડ રૂપિયા ગુમાવી દીધા છે. ભારતીય શેરધારકોને ભારે નુકસાન થઈ રહ્યુ છે. છેલ્લા ચાર દિવસના ટ્રેડિંગ સેશનમાં ભારતીય રોકાણકારોએ આશરે ૧૦૦ અબજ અમેરિકી ડોલરની રકમ અટલે કે ૬.૪ લાખ કરોડ રૂપિયાનુ નુકસાન થયુ છે. બોમ્બે સ્ટોક એક્સચેંજમાં માર્કેટ કેપ હવે ૧૩૩.૧ લાખ કરોડ છે. સાતમી ઓગષ્ટના દિવસે તે પોતાની સર્વોચ્ચ સપાટી પર હતી. એ દિવસે માર્કેટ કપનો આંકડો ૧૩૯.૫ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચ્યો હતો.

બજારમાં માર્કેટ કેપ છઠ્ઠી જુલાઈના દિવસે ૧૩૩ લાખ કરોડ રહેતા તેની પણ બજારમાં ચર્ચા રહી હતી. ત્યારબાદ ૨૩ ટ્રેડિંગ સેશનના ગાળા બાદ સાતમી ઓગષ્ટના દિવસે ૧૩૯.૫ લાખ કરોડના સર્વોચ્ચ સ્તરે આંકડો હતો. દુનિયાભરના રોકાણકારોને આશરે એક ટ્રિલિયન ડોલર એટલે કે આશરે ૬૪૦ ખર્વ ૮૫ અબજ રૂપિયાનુ નુકસાન થયુ છે. શુક્રવારના દિવસે ભારે અફડાતફડી રહી હતી.

### શિખર ધવને શાનદાર ૧૧૯ રન ફટકાર્યા

## કેન્ડી ટેસ્ટ મેચ : ભારતના છ વિકેટે ૩૨૯

#### ટોસ જીતી પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ શિખર ધવન અને રાહુલ વચ્ચે ૧૮૮ રનની ઉપયોગી ભાગીદારી

કેન્ડી

કેન્ડી ખાતે શરૂ થયેલી ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચના આજે પ્રથમ દિવસે રમત બંધ રહી ત્યારે ભારતે છ વિકેટે ૩૨૯ રન કર્યા હતા. ભારત તરફથી શિખર ધવને ફરીએકવાર સદી ફટકારી હતી. પલ્લાકલ્લે મેદાન ઉપર શિખર ધવન છવાયેલો રહ્યો હતો. શિખર ધવને ૧૨૩ બોલમાં ૧૭ ચોગ્ગા સાથે ૧૧૯ રન કર્યા હતા. જ્યારે લોકેશ રાહુલ ૮૫ રન કરીને આઉટ થયો હતો. અગાઉ આજે સવારે ત્રીજી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચમાં ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો



નિર્ણય કર્યો હતો. આજે શ્રીલંકાના બોલરો નિષ્ફળ રહ્યા હતા. કોઈ બોલરને મોટી સફળતા હાથ લાગી ન હતી. બીજી બાજુ શરૂઆતની બે ટેસ્ટ મેચોમાં બે સદી ફટકારનાર ચેતેશ્વર પુજારા આઠ રન કરીને આઉટ થયો હતો. કોલંબોના સિંઘાલી સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં શ્રીલંકા

અનુસંધાન પાના નં.૬

## સ્વાઈન ફ્લુનો ભરડો : મૃતાંક વધીને ૧૭૦થી વધુ

#### રાજયભરમાં સ્વાઈન ફ્લુનો કહેર જારી : લોકોમાં દહેશત : સ્વાઈનફ્લુની પરિસ્થિતિ કાબૂમાં હોવાનો સરકારનો દાવો પણ વાસ્તવિક સ્થિતિ બિહામણી હોવાનું ચિત્ર સપાટીએ

અમદાવાદ

રાજયભરમાં સ્વાઈન ફ્લુના કહેરને બેકાબૂ અને ભયાનક બનેલી સ્થિતિને લઈ હવે ગુજરાત સરકાર સ્થિતિ કાબૂમાં હોવાના દાવા સાથે આજે કૂદી પડી હતી અને પૂરતા ડોકટરો, પૂરતી દવાઓ અને પૂરતી સવલતો સાથે સ્વાઈન ફ્લુના દર્દીઓને સારવાર અપાઈ રહી હોવાના અને સ્વાઈન ફ્લુને કંટ્રોલમાં લેવાના પ્રયાસો ચાલી રહ્યા હોવાના દાવાઓ કરવામાં આવ્યા હતા પરંતુ વાસ્તવમાં, રાજયભરમાં સ્વાઈન ફ્લુની ખતરનાક અને ચિંતાજનક સ્થિતિ છે. સરકારના આ દાવાઓ બીજુ કંઈ નહી પરંતુ



પોતાની નિષ્ફળતા અને આ ખતરનાક વાયરસ સામે લડવાની બિન અસરકારકતા છતી ના થઈ જાય તેનો એક પ્રયાસ માત્ર છે. ખુદ સરકારના આંકડા પ્રમાણે, રાજયભરમાં અત્યારસુધી સ્વાઈન ફ્લુના કારણે ૧૭૦થી વધુ લોકોના મોત થયા છે, જયારે ૧૩૫૦થી વધુ સ્વાઈન ફ્લુ પોઝીટીવના કેસો સામે આવ્યા છે. જો સરકારનો આંકડો આટલો મોટો હોય તો, રાજયનો સ્વાઈન ફ્લુ પોઝીટીવના અને મૃત્યુનો આંક કેટલો ઉંચો હોઈ શકે તે સ્વાભાવિક રીતે સમજી શકાય એમ છે. સ્વાઈન ફ્લુના ભરડામાં આજે પણ સુરત, બનાસકાંઠાના દિયોદર સહિતના પંથકોના નાગરિકોનો ભોગ લેવાયો હતો. જેના કારણે સ્વાઈન ફ્લુથી રાજયના જુદા જુદા શહેરો અને વિસ્તારોમાં મૃત્યુઆંક વધવાનો દોર આજે પણ જારી રહ્યો હતો. તો, સ્વાઈન ફ્લુના કારણે વધતા જતાં મૃત્યુ આંક વચ્ચે સ્વાઈન ફ્લુ પોઝીટીવના દર્દીઓની સંખ્યા પણ ચિંતાજનક

અનુસંધાન પાના નં.૬

## પાલનપુર ખાતે મહેસુલ મંત્રીના અધ્યક્ષસ્થાને પૂરગ્રસ્ત વિસ્તારોમાં થયેલ કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

#### રાજ્ય સરકાર દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારમાં કરવામાં આવેલ કામગીરીની સમગ્ર દેશમાં નોંધ લેવાઈ છે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

પાલનપુર

પાલનપુર મુકામે મહેસૂલ અને શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં થયેલ કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં શ્રમ તથા રોજગાર તથા જિલ્લાના પ્રભારી મંત્રી દિલીપકુમાર ઠાકોર અને સામાજિક તથા શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ રાજયમંત્રીશ્રી કેશાજી ચૌહાણ સહિત બંન્ને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં આવેલ ભારે પૂરના સમયે રાજયના વહીવટીતંત્ર ધ્વારા



કરવામાં આવેલ બચાવ અને રાહત કામગીરીની સમગ્ર દેશમાં નોંધ લેવાઈ છે. તેમણે કહ્યું કે પૂરના સમયે આપણા સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને મંત્રીમંડળના ૧૪ જેટલાં મંત્રીશ્રીઓએ આ વિસ્તારમાં રોકાણ કરી તંત્રને જરૂરી નેતૃત્વ અને માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. મંત્રીએ કહ્યું કે સરકાર ધ્વારા પૂર અસરગ્રસ્તોને કેશડોલ, ઘરવખરી અને પશુ મૃત્યુ સહાય ઝડપભેર અને ઉદારતાથી ચુકવવામાં આવી છે. તેમણે કહ્યું કે મકાન- ઝુંપડાઓનો સર્વે પૂર્ણ કરી તા.૧૫ ઓગષ્ટ સુધીમાં અસરગ્રસ્તોને સહાય ચુકવી દેવામાં આવશે. મંત્રીએ કહ્યું કે બનાસકાંઠા અને પાટણ જિલ્લાના તમામ ગામોમાં રસ્તા, વીજળી, પાણી અને એસ.ટી.બસની સુવિધા ચાલુ કરી દેવામાં આવી છે. તેમણે કહ્યું કે પાક નુકશાન અને જમીન ધોવાણનો સર્વે પાટણ જિલ્લામાં પૂર્ણ થઈ ગયો છે અને બનાસકાંઠા જિલ્લામાં તા.૨૦ ઓગષ્ટ સુધી પૂર્ણ કરવામાં આવશે. મંત્રીએ કહ્યું કે પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં ૪૫ લાખ કિ.ગ્રા. ઘાસનું મફત વિતરણ

અનુસંધાન પાના નં.૬

## બનાસકાંઠાની ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર - પ્રિન્ટરો ધૂળ ખાય છે

#### ઈ - ગ્રામ યોજના હેઠળ કરોડો રૂપિયાનું આંધણ ઉતારા માટે ખેડૂતોની તાલુકા મથકોએ રઝળપાટ

ડીસા

રાજ્ય સરકારે ખેડૂતોને અને અરજદારોને ઘર આંગણે દાખલા અને ઉતારા મળી રહે તે માટે ઈ-ગ્રામ યોજના અંતર્ગત કરોડો રૂપિયાના ખર્ચે ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર અને પ્રિન્ટર ફાળવ્યા છે પરંતુ બનાસકાંઠા જિલ્લામાં આ મશીનરી ધૂળ ખાય છે. તેથી ખેડૂતોને ઉતારા મેળવવા તાલુકા મથકોની રઝળપાટ યથાવત રહેવા પામી છે.

રાજ્ય સરકારે ખેડૂતો અને વિદ્યાર્થીઓ તથા ગામ લોકોને



ભરત સુંદેશા

જરૂરી ઉતારા અને દાખલા ઘર આંગણે મળી રહે તે માટે ઈ-ગ્રામ યોજના હેઠળ કરોડો રૂપિયાના ખર્ચે દરેક ગ્રામ પંચાયતોને કોમ્પ્યુર અને પ્રિન્ટર ફાળવી ઈન્ટરનેટની સુવિધા પણ પુરી પાડી છે પરંતુ જિલ્લામાં ક્યાંક સ્ટેશનરીનો અભાવ તો ક્યાંક ઓપરેટરના અભાવે તો વળી ક્યાંક તલાટી અને સરપંચની નિષ્ક્રિયતાના કારણે કોમ્પ્યુટર અને પ્રિન્ટર ધૂળ ખાઈ રહ્યાં છે જેથી લોકોને ઘર આંગણે દાખલા કે ઉતારા મળતા જ નથી. જેના કારણે

અનુસંધાન પાના નં.૬

## નયા ભારતના નિર્માણ માટે સંકલ્પ સે સિધ્ધિના કાર્યક્રમો કરવામાં આવશે : ભાજપ

ગાંધીનગર

તા. ૯મી ઓગષ્ટ, ૧૯૪૨ના રોજ સ્વરાજય માટેનો સંકલ્પ સાથે આ ''ક્રાંતિ દિવસ'' અંગ્રેજોને ''ભારત છોડો'' આંદોલનના સંકલ્પથી પ્રારંભ થયો અને ૫ વર્ષ પછી તા. ૧૫ ઓગષ્ટ, ૧૯૪૭ના દિવસે દેશની સ્વતંત્રતા સાથે આ સંકલ્પ સિધ્ધ થયો હતો. ભારતને ૨૦૨૨માં આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તા. ૯ મી ઓગષ્ટ, ૨૦૧૭ આવેલ ક્રાંતિ દિવસથી શરૂ કરીને ૨૦૨૨ સુધી એટલે કે ૫ વર્ષ સુધી સંકલ્પ સે સિધ્ધિ મંત્ર સાથે ''નયા ભારત''ના નિર્માણ માટે ''ભારત જોડો'' નું એક મહાઅભિયાન ચલાવવા દેશની જનતાને આહ્વાન કર્યું છે. રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ દ્વારા કેન્દ્ર ભાજપની યોજના પ્રમાણે પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીના નેતૃત્વમાં ગુજરાત ભાજપે ''નયા ભારત''ના નિર્માણમાં ''સંકલ્પ સે સિધ્ધિ''નાં કાર્યક્રમોનું આયોજન કર્યું છે. આ અંગેની માહિતી

અનુસંધાન પાના નં.૬

## દીઓદર તાલુકામાં સ્વાઈન ફ્લૂનો કહેર : બેના મોત

#### દીઓદર પંથકમાં આરોગ્ય તંત્ર ગાઢ નિંદ્રામાં : લોકો અજંપાભરી સ્થિતિમાં

તા.પ્રતિનિધિ દીઓદર/રૈયા

સમગ્ર ગુજરાતમાં સ્વાઈન ફ્લૂની કહેર વર્તાઈ રહી છે. જેની અસર દીઓદર તાલુકામાં દેખાઈ રહી છે. દીઓદર તાલુકાના મુલકપુર અને રૈયા ગામે વિશેષ અસર દેખાઈ રહી છે. દીઓદર તાલુકાના મુલકપુર ગામે બે વ્યક્તિઓને સ્વાઈન ફ્લૂની અસર દેખાયેલ જેમાં મુલકપુરના વતની ઠાકોર વાહજીભાઈ શંભુજી (ઉ.વ.૩૫)ને અસર દેખાતાં સારવાર અર્થે પ્રાઈવેટ દવાખાને ખસેડાયેલ. બાદ અમદાવાદ સીવીલ લઈ જવામાં આવેલ જ્યાં સારવાર દરમ્યાન મૃત્યું પામેલ. જેનો આજરોજ અગ્નિદાહ કરવામાં આવેલ. બે બાળકોનો પિતા મૃત્યું પામતાં ગામમાં અરેરાટી વ્યાપેલ તેમજ સમગ્ર ગામમાં આ રોગ વધુ ફેલાશે કે નહી તેને લઈને ગામમાં ભારે દહેશતનું વાતાવરણ છે.લોકો ચિંતામાં મુકાયા છે.ત્યારે આરોગ્ય તંત્ર જાણે કે ગાઢ નિંદ્રા માણી રહ્યું છે.અહીંના રહીશોનું કહેવું છે કે ગામમાં ભયંકર રોગચાળાની દહેશત જણાય છે.ત્યારે માત્ર એકવાર આરોગ્યની ટીમ આવી જતી રહેલ કોઈ લોકોની દરકાર લેવામાં આવતી નથી.

દરમ્યાન દીઓદર તાલુકાના રૈયા ગામે હસમુખભાઈ કરમશીભાઈ પરમારનું બે દિવસ અગાઉ જ અમદાવાદ ખાતે મોત થવા પામેલ જેની અસર સમગ્ર ગામમાં

અનુસંધાન પાના નં.૬

### પક્ષ વિરોધી પ્રવૃત્તિ ચલાવવા બદલ શરદ યાદવ સામે કાર્યવાહી

## શરદ યાદવ સામે કાર્યવાહી : અંતે રાજ્યસભામાં પાર્ટી નેતા તરીકે દૂર

નવીદિલ્હી

ધારણા પ્રમાણે જ જેડીયુએ આજે પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ રાજ્યસભામાં પાર્ટીના નેતા તરીકે શરદ યાદવને દૂર કર્યા હતા. જેડીયુના પ્રમુખ વશિષ્ઠ નારાયણે પત્રકારોને માહિતી આપતા કહ્યું હતું કે, આ હિલચાલ ખુબ જરૂરી હતી. કારણ કે, શરદ યાદવ પક્ષ વિરોધી પ્રવૃત્તિ ચલાવી રહ્યા હતા. એક સારા નેતા તરીકે કોઈપણ વ્યક્તિને પક્ષ વિરોધી પ્રવૃત્તિમાં સામેલ રહેવું જોઈએ નહીં. પક્ષ વિરોધી પ્રવૃત્તિ શરદ યાદવ છેલ્લા કેટલાક દિવસથી ચલાવી રહ્યા હતા. પક્ષ વિરોધી પ્રવૃત્તિને કોઈ કિંમતે ચલાવી શકાય નહીં. તેમણે વધુમાં કહ્યું હતું કે, બિહારના સાંસદ આરસીપી સિંહ અને પાર્ટી ધારાસભ્યો રાજ્યસભાના ચેરમેન વેંકૈયા નાયડુને મળ્યા હતા અને

અનુસંધાન પાના નં.૬

**સૂર્યોદય - ૬.૧૭ સૂર્યાસ્ત - ૭.૧૨**

## તિથિદર્શન

શ્રાવણ વદ-૦૬ રવિવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ વદ :છઠ્ઠ રવિવાર નક્ષત્ર : રેવતી સવારે ૫.૫૦ પછી અશ્વિની યોગ: શુલ કરણ: ગર આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.)સવારે ૫.૫૦ પછી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. **- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

**- સુરેશ પ્રા.ભટ્ટ**

### ખલ સહક્રિયમાણો અપિ દદાતિ કલહ સતામ્ દુગ્ધેનધોતો અપિ કિયાંતિ વાયસ કલ હંસામ્

‘દુર્જનને ગમે તેટલો પ્રેમ- સત્કાર - માન આપો છતાં પણ તે સજ્જન લોકોને તો એના બદલે કજીયો- કંકાસ જ આપશે. ભલે ને કાગડાને નિત્ય દૂધથી ધોવામાં આવે છતાં પણ તે હંસ જેવો સફેદ થોડો થઈ જવાનો?! કેટલાક લોકો દુષ્ટ- વહેમી- શંકાશીલ અને સ્વભાવથી જ નકારાત્મક અને બીજાનું બુરું અને કેમ ખરાબ થાય એવા જ વિચાર ધરાવે છે. વિના વિચારે મરજી મુજબ ગમે તેમ - ગમે તેવું બોલી સજ્જન લોકોના હૃદયને ઠેંસ પહોંચાડે છે. સજ્જન લોકો પોતાના સારા સ્વભાવથી દુર્જનને એમાં દોષ જ દેખાય છે. અને સાદી- સરળ વાતમાં પણ વાંધાવચકા ઊભો કરી સત્કાર્યને ખોરવી નાખે છે. સારા પ્રસંગોમાં વાંધા-વચકા પાડી બાધા ઊભી કરે છે, આવા માણસને ગમે તેટલો સાચવવામાં આવે છતાં પણ એ સજ્જન લોકોને માટે તો ત્રાસ- કંકાસ જ આપશે.

દુર્જનની નસેનસમાં નકારાત્મતાનું લોહી વહે છે. કોઈ પણ બાજુની કાળી બાજુ જ તેને વધારે દેખાય કાગડાને દૂધે નવડાવવાથી એ કંઈ હંસ થઈ જતો નથી, તેમ દુર્જનને કોઈ સલાહ- સૂચન -જ્ઞાન -સમજ અસર કરતા જ નથી.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) આર્થિક બાબતે સંભાળવું હિતાવહ. નવિન લાભની તક મળે.**
**વૃષભ : (બ.વ.ઉ.) નવિન વાહન, જમીનની ખરીદી થાય. વ્યર્થ ઉગ્રતાથી દૂર રહેવું.**
**મિથુન : (ક.છ.ઘ.) ભાગીદારી સાથે મતભેદ, અગત્યના પ્રશ્નો ગુંચવાતા લાગે.**
**કર્ક : (ડ.હ.) કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા પ્રાપ્ત થાય.**
**સિંહ : (મ.ટ.) જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.) સફળતા માટે મહેનત વધારવી પડે. વ્યર્થ મનોભાર રહે.**
**તુલા : (ર.ત.) વ્યાપાર-નોકરીમાં લાભ. આકસ્મીક-પ્રવાસ, મુસાફરી થાય.**
**વૃશ્ચિક :(ન.ય. ) વડીલ વર્ગ કે મિત્રો સાથે વાણી ઘર્ષણ થાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.**
**ધન : (ભ.ફ.ધ.) મહત્વના કાર્યોમાં રૂકાવટ, જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું.**
**મકર : (ખ.જ.) યશ, માન, કીર્તિમાં વધારો થાય. ધાર્મિક કાર્યોમાં ધન વપરાય.**
**કુંભ : (ગ.શ.સ.) માનસિક આનંદ-ઉલ્લાસમાં વધારો થાય. નવિન કાર્યમાં સફળતા મળે.**
**મીન : (દ.ચ.જ.થ.) અણધાર્યો પ્રવાસ. નવિન કાર્યની તક મળે.**

## ડી.એન.પી. ગર્લ્સ હાઈસ્કૂલનું ગૌરવ

ડીસા

ગત તા. ૧૦/૮/૧૭ ના રોજ જિલ્લા કક્ષાની અંડર-૧૭ સોફટબોલની બહેનો માટેની સ્પર્ધા એસ.સી.ડબલ્યુ હાઈસ્કુલ, ડીસા ખાતે યોજાયેલ. જેમાં ડી.એન.પી. ગર્લ્સ હાઈસ્કુલની ટીમ ચેમ્પીયન બનેલ. આ સિધ્ધિ બદલ શાળાના આચાર્ય, વ્યાયામ શિક્ષકો તથા સમગ્ર સ્ટાફગણે ટીમની વિદ્યાર્થીનીઓને બિરદાવેલ.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

### વર્ષમાં માત્ર બે વાર જ ખુલે છે શ્રી નાગણેજી માતાનું મંદીર

# કોમી એકતા અને સર્વધર્મ સમભાવનું પ્રતિક


સંજય જોષી

પાલનપુર

પાલનપુરના નવાબે બંધાવેલું સર્વધર્મ સમભાવના પ્રતિક સમું ચમત્કારિક શ્રી નાગણેજી માતાનું મંદિર નાગ પંચમી નિમિત્તે શ્રધ્ધાળુઓ માટે ખુલ્લું મુકાયું હતું. વર્ષમાં માત્ર બે વાર જ ખુલતા શ્રી નાગણેજી માતાના મંદિરે ગતરોજ ભાવિકોની ભારે ભીડ જામી હતી. નાગ પાંચમના તહેવાર નિમિત્તે પાલનપુરની રાજગઢી ખાતે આવેલા કોમી એકતાના પ્રતિક સમા શ્રી નાગણેજી માતાના મંદિરને દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકવામાં આવ્યું હતુ. જેનો ભાવિક ભક્તોએ લાભ લઈ શ્રી નાગણેજી માતાની પુજા અર્ચના કરી ધન્યતા અનુભવી હતી. પાલનપુર નવાબની રાજપૂત રાણીના દાયજામાં શ્રી નાગણેજી માતા આવ્યા હતા.જોકે, પાલનપુર નવાબે આજથી ૩૦૦ વર્ષ પૂર્વે બંધાયેલું શ્રી નાગણેજી માતાનું મંદિર, નાગ પાંચમ અને શિવરાત્રી આઠમ સહિત વર્ષમાં માત્ર બે વખત જ ખુલે છે. આજે પણ નવરાત્રિ આઠમે શ્રી નાગણેજી માતાના મંદિરે થતા હવનમાં પાલનપુર નવાબના પરીવારજનો ફાળો આપી રહ્યા છે.ત્યારે પાલનપુરના રાજગઢી વિસ્તારમાં આવેલું નવાબી કાળનું શ્રી નાગણેજી માતાનું મંદિર કોમી એકતાની મિશાલ પુરી પાડી રહ્યું છે.

## ભાભર જુના પે.કે.શાળામાં “રક્ષાબંધન” તથા ‘ભારત કો જાનો’ કાર્યક્રમ યોજાયા

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર જુના પે.કે.શાળામાં તા. ૧૦/૮/૧૭ ના રોજ બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય ભાભર શાખા દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી. જેમાં ઉર્મિલાદીદીની સાથે આવેલ સહયોગી એવા વિનોદકુમાર મણીલાલ ઠક્કર તથા અમરતભાઈ મોચી વગેરેના માર્ગદર્શન હેઠળ પ્રાર્થના કાર્યક્રમમાં સંસ્કારલક્ષી પ્રવચન યોજાયું તથા શાળા પરિવારને રાખડી બાંધવામાં આવી. બાળકોને ભાઈ-બહેનના હેતનું મહત્વ સમજાવી કુરિવાજ નાબૂદી વિશે સમજ આપવામાં આવી. ત્યારબાદ ભારત વિકાસ પરિષદ ભાભર શાખા દ્વારા ‘ભારત કો જાનો’ ની લેખિત કસોટી લેવામાં આવી. જેમાં ભાભર જુના પે.કે.શાળાના ૪૯ તથા જાસનવાડા પ્રા.શાળાના ૧૦ બાળકોએ ભાગ લીધો. જેમાં બાબુલાલ સી.હાલાણી, પ્રવિણભાઈ એમ.પ્રજાપતિ, હિરાભાઈ ટી.અખાણી, જામાભાઈ જે. રબારી, સુરેશભાઈ કે. રાઠોડ વગેરેએ ઉપસ્થિત રહી બાળકોને બોલપેન ભેટ આપી પેપર લખવા પ્રોત્સાહિત કર્યા. સમગ્ર કાર્યક્રમનું સંકલન શાળા પરિવારના સહકારથી આચાર્ય પી.કે.રામીએ કરેલ છે.

## વાવ તાલુકાના કુંભારડી મુકામે મંત્રી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા

વાવ

વાવ તાલુકાના કુંભારડી મુકામે શિવ પરિવાર તથા રાધાકૃષ્ણ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સ વમાં આરોગ્યલ અને પરિવાર કલ્યાણિ તથા શહેરી વિકાસ રાજય મંત્રી શંકરભાઇ ચૌધરીએ ઉપસ્થિત રહી ભકિતભાવપૂર્વક દર્શન અને પૂજા અર્ચના કરી હતી. આ પ્રસંગે ધારાસભ્યએશ્રી પરબતભાઇ પટેલ, જી. પંચાયતના પ્રમુખશ્રી દિનેશભાઇ દવે, બનાસ બેન્કના ચેરમેન એમ.એલ.ચૌધરી, અગ્રણીઓ સર્વ ઉમેદદાન ગઢવી, રૂપસીભાઇ પટેલ, ધનજીભાઇ ગોહિલ, પીરાજી ગામોટ સહીત અગ્રણીઓ અને સારી સંખ્યોમાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ભારતમાં સૌથી મોટો દુકાળ પાણી, અનાજનો નહિ, સાચા માણસનો છે : રાજરક્ષિતવિજયજી મ.

શ્રાવણ માસ ધર્મ કરવાની મસ્ત મૌસમ છે. વૈદિક ધર્મ અને જૈન ધર્મના સેંકડો ભાવુકો તપ - ત્યાગ - તિતિક્ષામાં આગળ વધે છે. દેવાલય અને જિનાલયોમાં પ્રભુભક્તો મોટી સંખ્યામાં ઉમટે છે. જૈનોના પર્વાધિરાજ પર્યુષણ પણ શ્રાવણ મહિનામાં આવે છે. શ્રી વાસુપૂજય જિનાલય - મહાવીર સોસાયટી નવસારીમાં આચાર્ય હંસકીર્તિસૂરિજીએ શ્રાવણમાસનું મહામંગલીક તથા વાસક્ષેપથી આશિષ આપ્યાં હતાં. સેંકડો ભાવુકોએ તપ - ત્યાગ - બ્રહ્મચર્ય - તપશ્ચર્યા માટેના ભિષ્મ સંકલ્પ કર્યા હતા.

પંન્યાસ ભવ્યકીર્તિ વિજયજીએ કહ્યું કે, અધ્યાત્મિક જગતમાં બેડી સમાન મિથ્યાત્વ છે. પ્રભુ આજ્ઞાથી વિપરીત માનવું - આચરણ કરવું તે આત્મા માટે નુકશાનકારક છે. મિથ્યત્ત્વ સંસારમાં ખૂબ ભટકાવે છે.

પ્રવચનકાર પંન્યાસ રાજરક્ષિત વિજયજીએ જણાવ્યું કે ભારતમાં સૌથી મોટો દુકાળ પાણી - પેટ્રોલ કે અનાજનો નહી પરંતુ સાચા માણસનો છે. આજે ડૉકટર, વકીલ, પ્રધાન, સી.એ, શિક્ષક, પ્રોફેસર ઠેરઠેર જોવા મળશે. પરંતુ સજ્જન માણસ દીવો લઈને શોધવા જશો તો મુશ્કેલીથી મળશે. માણસાઈ વિનાના ડૉકટર, વકીલ, પ્રધાન, શિક્ષકો સમાજ માટે દેશ માટે ભારભૂત છે. ડૉકટરો ખોટા રીપોર્ટ, દવા આપીને દર્દીને ખાડામાં નાંખશે. વકીલ વારંવાર કોર્ટમાં તારીખો પડાવીને તગડી ફી લઈને અસીલને નીચોવી નાંખશે. ભ્રષ્ટાચારી પ્રધાનો કટકી અને કૌંભાંડ કરી પ્રજાને ચૂસી લેવાના ગોરખધંધા કરશે અને નામધારી શિક્ષકો, પ્રોફેસરો ભોળી ભોળી તરૂણ શિષ્યાનું શોષણ કરશે. (???) જો ભારતની પાર્લામેન્ટમાં ૫૦૦ સજ્જન માણસો ગોઠવાઈ જાય તો ભારત વિશ્વનો સુપરપાવર દેશ બની જાય અમેરિકા, ચીન, રશિયા જેવા દેશો આ અધ્યાત્મિક ગુરૂ એવા ભારત પાસે ઘુંટણીએ પડતા આવે તેમાં કાંઈ નવાઈ નથી.

જૈનમુનિએ કહ્યું કે કુદરતે કમાલ કરી છે. તમામ પશુ - પક્ષીને હોટીઝોન્ડલ (આડા) બનાવ્યા છે. જ્યારે માનવને (વર્ટીકલ) સીધો બનાવ્યો છે. પરંતુ આડા એવા પશુ - પક્ષી સીધા ચાલે છે. ગાયને ઘાસ આપો તો દૂધ આપશે. કૂતરાને રોટલો આપો દિવસ - રાત ચોકી કરશે. જ્યારે સીધો એવો માણસ આડો ચાલે છે. માતા - પિતાને ઘરડા ઘરમાં મોકલે છે સંતાનોનો ગર્ભપાત કરાવે છે. ભ્રષ્ટાચાર - અનિતિ કરીને દેશનું શોષણ કરે છે... ચાલો... આપણે સાચા માણસ બનવાનો સંકલ્પ કરીએ.

# નારણલાલ હોલમાં વિશિષ્ટ પ્રભુ મિલનનો ભવ્ય કાર્યક્રમ

***“કર્મ સાથેના યુધ્ધમાં વિજય મેળવવા પરમાત્માનું શરણું લો.”: રાજરક્ષિત વિજયજી મ.સા.***



ડીસા

શ્રાવણ મહિનાના સોમવારના મેળામાં ફરવા નિકળેલા બાળકને એટલી તો સમજણ છે કે, મમ્મીની આંગળી બરાબર પકડી રાખીશ તો ચોકલેટ, રમકડા, ફુગ્ગા, કપડાં બધુજ મળશે.પરંતુ મેળો જોવાની ધૂનમાં મમ્મીનો પાલવ છોડી દઈશ તો ખાવા-પીવાની ચીજા તો નહી મળે પરંતુ ગાયના શીંગડે ભરાઈ જવાનું થશે અથવા કોઈ બાવો ઉપાડી જશે.માટે નાનો બાળક કોઈપણ પ્રલોભનમાં આવ્યા વિના મમ્મીની આંગળી કે પાલવ છોડતો નથી.આટલી બુધ્ધી આપણામાં આવી જાય તો બેડો પાર થઈ જાય.નારણલાલ હોલમાં શ્રી મહાવીર સોસાયટી જૈનસંઘ આયોજીત પ્રભુમિલન પ્રસંગે ભરચક સભાને સંબોધતા પંન્યાસ રાજરક્ષિત વિજયજીએ કહ્યું કે.પરમાત્મા આપણી મમ્મી છે.આપણે તેમના બાળક છીએ.સંસારરૂપી મેળામાં સેકડો પ્રલોભનો આવશે.વિષય કષાયના હુમલાઓ પણ થશે.તેવા સમયે જો આપણે પ્રભુનું ભાવ પૂર્વક શરણ લઈશું તેમનો પાલવ પકડી રાખીશું તો સંસારના તમામ સુખો આપણા ચરણ ચૂમતા આવશે.સુખની સાથે શાન્તિ સમાધિ-સદગુણો પણ પ્રાપ્ત થશે.અર્જુન કરતાં વધારે હોશીયાર બાણાવલી કર્ણ હતો તેનાથી પાંડવો પણ ધ્રુજતા હતાં છતાં પણ કર્ણનો ઘોર પરાજય થયો અને અર્જુનનો જવલંત વિજય થયો.કારણ કે કર્ણના સારથી મહારાજ શલ્પ ખૂબજ અહંકારી હતાં.જ્યારે અર્જુનના સારથી શ્રી કૃષ્ણજી કરૂણાનાં ભંડાર હતાં.આપણે જો કર્મ સાથે, દોષો સાથેના યુધ્ધમાં વિજય પ્રાપ્ત કરવો હોય તો આપણું સુકાન પરમાત્માને સોંપવુ જોઈએ.

આ પ્રસંગે આચાર્ય હંસકીર્તિ સૂરિજી તથા મુનિ હંસ બોધિવિજયજીએ પણ પ્રભુ મહિમાનો પ્રભાવ બતાવેલ, લાભાર્થી પરિવાર મદનબેન ભોમરાજજી તાતડે તથા કૈલાશબેન પુનમચંદ દોશીએ પરમાત્માને ફુલથી વધાવીને વંદના કરી હતી.

# ડીસામાં સરકારી ગોગા મહારાજના મંદિરે યજ્ઞ યોજાયો


ભરત સુંદેશા

ડીસા

ડીસા- પાલનપુર હાઈવે પર આવેલ હવાઈ પિલ્લર મેદાન સામેના નવિન ન્યાય સંકુલની બાજુમાં બિરાજમાન રાજરાજેશ્વર શ્રી સરકારી ગોગા મહારાજના મંદિરે શ્રાવણ વદ-૫ (નાગ પાંચમ) ને શનિવારે શ્રી સરકારી ગોગા મહારાજનો યજ્ઞ કરવામાં આવ્યો હતો. યજ્ઞની વિધિ મંદિરના પૂજારી વિજયભાઈ જોષી દ્વારા કરાવવામાં આવી હતી. જ્યારે ૧૨.૩૯ ના શુભ મુહુર્તે શ્રી ગોગા મહારાજની ધજા ચઢાવવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી ગોપાલ સેના રબારી સમાજ બનાસકાંઠા ડીસાના નરસિંહભાઈ દેસાઈ (બાઈવાડા), ગંગારામભાઈ પોપટ(વકીલ), હીનાબેન ઠક્કર (વકીલ), જીવરાજભાઈ દેસાઈ (રાણપુર), રાજુભાઈ બાર (મુડેઠા), કિરણભાઈ લોઢા (વડાવળ), બાબુભાઈભોંકુ (ભાસ્કર), પ્રવિણભાઈ દેસાઈ (ભાટસણ), મહેન્દ્રભાઈ દેસાઈ (ટિકરા), બળદેવભાઈ પંચાલ, કૌશલ જોષી, બાબુભાઈ દેસાઈ (વરનોડા), રસીકભાઈ નોગોસ(ખરડોસણ) સહિત મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ હાજર રહી દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો.

## ખોડા વિનય વિદ્યામંદિરમાં આરોગ્યની ટીમ દ્વારા રાષ્ટ્રીય કૃમિ મુક્ત દિવસની ઉજવણી



પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકાના ખોડા વિનય વિદ્યામંદિરમાં આરોગ્યની ટીમે તા. ૧૦ ઓગસ્ટના રોજ ‘‘રાષ્ટ્રીય કૃમિ મુક્ત દિવસ’’ ની ઉજવણી કરી હતી. આરોગ્ય વિભાગના કર્મચારીઓએ હાઈસ્કુલના વિદ્યાર્થીઓને સ્વચ્છતા અને તંદુરસ્તીનું મહત્વ સમજાવ્યું હતું અને રાષ્ટ્રીય કૃમિ મુક્ત દિવસની ઉજવણી વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ કૃમિનાશક ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને જણાવ્યું હતું કે કૃમિનાશક ગોળી કૃમિથી થતા ચેપ સામે રક્ષણ આપે છે. ભારત સરકાર દ્વારા બાળકોને વિટામીન- એ ના રાઉન્ડ સાથે કૃમિનાશક ટેબલેટ વર્ષમાં બે વખત આપવામાં આવે છે. શરીરમાં કૃમિથી થતા નુકશાનની માહિતી પણ આપી હતી અને શરીરને કૃમિથી રક્ષણ આપે તેવી ગોળીઓ પણ આપવામાં આવી હતી. ‘‘રાષ્ટ્રિય કૃમિ મુક્ત દિવસ’’ ની ઉજવણીમાં ખોડા ગ્રામજનો અને શાળા પરિવારે આરોગ્ય ટીમને ખુબ જ સાથ-સહકાર આપ્યો હતો. આરોગ્ય પરિવાર ટીમનો સંસ્થાના પ્રમુખ કાળુભાઈ તરકે આભાર માન્યો હતો.

## મચ્છર જન્ય રોગોના નિયંત્રણ માટે જિલ્લાના પૂર પ્રભાવિત તાલુકાઓમાં જંતુનાશક દવાનો છંટકાવ થશે : આરોગ્ય મંત્રી

ડીસા

તાજેતરમાં બનાસકાંઠા જિલ્લામાં ભારે અતિવૃષ્ટીના કારણે જિલ્લાના મોટાભાગના ગામો પૂરથી પ્રભાવિત થતાં જિલ્લામાં વાહક જનિત રોગ નિયંત્રણ માટે દવાનો સુઈગામ, વાવ, થરાદ, ભાભર તાલુકાના તમામ ગામોમાં ઘર - ઘર છંટકાવ આજથી શરૂ કરવામાં આવનાર છે.

આ અંગેની વિગતો આપતાં રાજયના આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે ભારે વરસાદ અને નદીઓના વહેણને કારણે ઠેરઠેર પાણી ભરાવાથી મચ્છરોનો ઉપદ્રવ ન થાય અને તેના નિયંત્રણ માટે રાજય કક્ષાએથી જરૂરી પંપ-સાધન સામગ્રી અને માણસો પુરા પાડીને દવાનો છંટકાવ કરવામાં આવશે. તેમણે ઉમેર્યુ હતું કે, આ દવા ગંધ અને રંગ વિહીન હોઈ ઘરની દિવાલો કે રાચરચીલાને ડાઘ પડતી નથી. તદ્ઉપરાંત તેની રાસાયણીક અસર અઢીમાસ સુધી રહેતી હોઈ તેની અસરકારતા સારી રહે છે જેને કારણે મચ્છર જન્ય રોગોથી બચી શકાય છે.

# આકોલી પે.કેન્દ્ર શાળામાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરાઈ


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

ગત રોજ ગત વર્ષ ની આ વર્ષે પણ આકોલી પે .કેન્દ્ર શાળામાં જન્માષ્ટમી પર્વ ની શાળાના આચાર્ય શ્રીમતિ બિંદુબા ઝાલા એ શાળા ના બાળકો ને અલગ અલગ વેષભૂશા મા તૈયાર કરી વિવિધ કાર્યક્રમો કરાવ્યા હતા અને શાળાના શિક્ષકો અને બાળકો રાસે રમ્યા હતા. ત્યાર બાદ મટકી ફોડ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો ત્યારે એક બાળકને કૃષ્ણ ભગવાનની વેષભૂશામાં ઊંચી બાધેલી મટકી ફોડી હતી અને આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગામ લોકો ઉપસ્થિત રહ્યા અને આનંદ માન્યો હતો આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય શ્રીમતિ બિંદુબા ઝાલા અને શાળાના શિક્ષક સ્ટાફે સારી જહેમત ઉઠાવી હતી.

## ફતેગઢ ગામે ગોગા મહારાજનો હવન યોજાયો


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

કાંકરેજના ફતેગઢ ગામે બિરાજમાન ગોગા મહારાજના મંદીરે હવન યોજાયો હતો અને ભુવાજી દેસાઈ મકશીભાઈ એ હવનનુ સુંદર આયોજન કરેલ હતું. ત્યારે બ્રાહ્મણોના મંત્રોચારથી વાતાવરણ ભક્તિમય બન્યુ હતુ આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યા મા લોકો દર્શન નો લાભ લેવા ઉમટ્યા હતા ,આ મંદીરે દર રવિવાર અને પાંચમના દિવસે મોટી સંખ્યામાં દર્શન કરવા અને બાધા આખડી માટે આવે છે.

## ભારત સેવાશ્રમ સંઘ તથા વિશ્વ હિન્દુ પરિષદના સંયુક્ત ઉપક્રમે જન્માષ્ટમી નિમિત્તે ધર્મ સંમેલન અને શોભાયાત્રાનું આયોજન

વર્ષ ૧૯૧૭માં પ્રસ્થાપિત ભારત સેવાશ્રમ સંઘ આજે દેશના ૨૩ રાજ્યોના ૭૭ નગરો અને વિદેશના ૧૧ દેશોમાં જનસેવા રાહતપ્રવૃતિ, આદર્શ શિક્ષા પ્રચાર, અસ્પૃશ્યતા નિવારણ, આદિવાસી કલ્યાણ, ધર્મ પ્રચાર, તીર્થ સંસ્કાર, પરદેશમાં ભારતીય સંસ્કૃતિનો પ્રચાર અને પ્રસારની સાથે સાથે લોકસેવાકીય પ્રવૃત્તિઓની માનવતાની સેવાની જ્યોતને છેલ્લા ૧૦૧ વર્ષથી પ્રજ્જવલ્લિત રાખી છે.સંસ્થા અનેક સેવામય કાર્યો તેમજ ધર્મ-સંસ્કાર- શિક્ષા જનજાગૃતિ અભિયાનના સાનિધ્યમાં સેવાકીય પ્રવૃત્તિઓને આગળ ધપાવી રહી છે.ભારત સેવાશ્રમ સંઘ તથા વિશ્વ હિન્દુ પરિષદના સંયુક્ત ઉપક્રમે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી નિમિત્તે તારીખ ૧૪ ઓગસ્ટ ૨૦૧૭નેસોમવારના રોજ સવારે ૧૦-૩૦ વાગે ધર્મ સંમેલન તથા બપોરે ૧૧-૩૦ વાગે શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.ભારત સેવાશ્રમ સંઘ આશ્રમ સંકુલ, આશ્રમ રોડ, કર્ણાવતી ખાતેથી સ્વામી આત્મભોલાનંદજી મહારાજ ભગવી ધજા ફરકાવીને શોભાયાત્રાને પ્રસ્થાન કરાવશે. આશોભાયાત્રામાં ગીતાનો કર્મબોધ આપતા પૂર્ણપુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણની સુદર્શન ચક્રધારી દર્શનીય- મનોહર મુર્તિ, યુગાચાર્ય સ્વામીશ્રીપ્રણવાનંદજી મહારાજના તૈલ ચિત્રો, વંદનીય દેવ-દેવીઓની કલાત્મક તસ્વીરો- ચિત્રાંકનોથી સુશોભિત ટ્રકો જોડવામાં આવશે. બેન્ડનાડંકા સાથે આ શોભાયાત્રા બપોરે ૧૧-૩૦ વાગે સંસ્થાના સંકુલમાંથી પ્રસ્થાન કરી બપોરે ૧-૩૦ વાગે વિશ્વ હિન્દુ પરિષદ પ્રાંત કાર્યાલયપાલડી ખાતે પહોંચશે. શોભાયાત્રા ભારત સેવાશ્રમ સંઘથી પ્રસ્થાન થઈ સ્વસ્તિક ચાર રસ્તા- ગિરીશ કોલ્ડ્રીંક્સ, સી.જી. રોડ, ગુલબાઈટેકરા ચાર રસ્તા, પંચવટી પાંચ રસ્તા, આંબાવાડી સર્કલ, પરિમલ ગાર્ડન ચાર રસ્તા, અંડરબ્રીજ-વિહિપ પ્રાંતીય કાર્યાલય થઈ ભારત સેવાશ્રમ સંઘમાં પૂર્ણ થશે.શ્રી આત્મભોલાનંદજી મહારાજે ભાવિકોને આ બંને કાર્યક્રમોમાં ભાગ લેવા હાર્દિક આમંત્રણ આપતાં જણાવ્યું હતું કે, સંઘ દ્વારાછેલ્લા ૩૭ વર્ષથી જન્માષ્ટમી નિમિત્તે ધર્મ સંમેલન અને શોભાયાત્રા સહિત અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આપ્રસંગે અત્રે કૃષ્ણ પુજા, આરતી, હિન્દુ ધર્મ શિક્ષા સંસ્કૃતિક સંમેલન, વૈદિક વિશ્વશાંતિ યજ્ઞ, ગીતા પાઠ જેવા આધ્યાત્મિક કાર્યક્રમોનું પણઆયોજન કરવામાં આવ્યું છે તેમજ સાથે સાથે સંસ્થાના સંકુલમાં આશીહારા કરાટે શો અને યોગાસન પ્રદર્શન તથા શ્રી પ્રણવાનંદ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ દ્વારા સાંજે ૬-૦૦ કલાકે એક સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે.

# કર્મફલ દાતા શનિમાં સુધા ચંદ્રન સિમ્હિકાની ભૂમિકા ભજવે છે



કોતુહૂલપૂર્ણ કથારેખા તથા જકડી રાખનાર વર્ણન વડે દર્શકોનું મનોરંજન કર્યા પછી કલર્સની લોકપ્રિય પૌરાણિક શ્રુંખલા કર્મફલ દાતા શનિ ડ્રામાને વધુ ઉપર લઈ જવા સુસજ્જ છે.આ માટે ચેનલે પીઢ અભિનેત્રી સુધા ચંદ્રનને ઉતારેલ છે જે રાહુ અને કેતુની માતા સિમ્હિકાની ભૂમિકા ભજવશે જે પોતાના પુત્ર રાહુ(ઝાહેબે સિદ્દીકી) સાથેના દુર્વ્યવહારની સામે બદલો વાળવા માગે છે.સિમ્હિકાનો પ્રવેશ શનિ(કાર્તિકેય માલવિય)ની મુશ્કેલીઓમાં વધારો કરશે કેમ કે તેણી શનિ જે કાંઈ પણ કાર્ય હાથ ધરશે તેમાં અવરોધો ઉભા કરશે.

બ્રહ્મા(અમર દીપ ગર્ગ)પાસેથી પોતે મેળવેલા વરદાનના પ્રતાપે, સિમ્હિકા લોકોના પછડાટ પર નિયંત્રણ ધરાવવાની શક્તિ ધરાવે છે.સિમ્હિકા લડાઈ દરમ્યાન પોતાના પુત્ર રાહુનું મસ્તક વધ કરવા બાબતે શનિ સાથે ટક્કર લેવા માંગે છે.તેણી માને છે કે પોતાના પુત્રના વચન બાબતે શનિ જવાબદાર છે અને શક્ય તે રીતે તેના માર્ગમાં મુશ્કેલીઓ ઉભી કરવાના સોગંદ લે છે.

‘‘સિમ્હિકા એક નિતાંત ઉપદ્રવી પાત્ર છે જે શનિ સાથે બદલો વાળવા ઈચ્છે છે.અત્યાર સુધી મેં ભજવેલ દરેક પાત્રએ આંખને આકર્ષી લે તેવો દેખાવ ધરાવતું આવેલ છે.સિમ્હિકાનો દેખાવ પણ ખૂબ જ અનુપમ, ઘેરો અને આચરણયુક્ત છે.માયથોલોજીકલ ડ્રામામાં હું પ્રથમ વખત ભાગ લઈ રહેલ છું.સિમ્હિકા જેવી વળાંક ધરાવતી ભૂમિકા બાબતે હું સાચેજ ખૂબ આતુર છુ અને આશા રાખુ છુ કે દર્શકો મારા આ નવા સાહસને પસંદ કરશે.’’શું સિમ્હિકા શનિ સામેના પોતાના દુષ્ટ ઈરાદાઓમાં સફળ થશે ?જાણવા માટે, જોડાયેલ રહો કર્મફલ દાતા શનિ દર સોમવારથી શુક્રવાર રાત્રે ૯:૦૦ કલાકે કલર્સ પર!

# પ્રિયલ ગોર બિગ મેજિકના હોરર શો ચીખમાં જોવા મળશે



બિગ મેજિકનો હોરર શો ચીખ તેની બિહામણી વારતારેખા સાથે સમુદાયો પાસેથી ઉત્તમ સમીક્ષા મેળવી રહ્યો છે. હાલમાંશોએ મંત્રમુગ્ધ કરની વારતાઓ સાથે દર્શકોને આકર્ષ્યા છે, જેને લીધે તેઓ તેમના ટેલિવિઝન સ્ક્રીન સામે જકડાઈ રહ્યાછે. આગામી શોમાં અપવાદાત્મક પ્રતિભાશાળી અભિનેત્રી પ્રિયલ ગોર પ્રવેશ કરશે. તેણે પોતાની અભિનય કુશળતાથી દર્શકોને રીઝવ્યા છે. હવે આ શો થકી દર્શકો પર છવાઈ જવા આવી રહી છે.નિર્માણ ગૃહનાં સૂત્રોએ અમને માહિતી આપી હતી કે પ્રિયલ ગોરને શોના આગામી એપિસોડમાં લેવામાં આવી છે. તેણેચીખ માટે શૂટ ચાલુ કરી દીધું છે અને ટૂંક સમયમાં જ તે પ્રવેશ કરતી જોવા મળશે.મને હોરર શો અને ફિલ્મો બહુ ગમે છે અને તેથી આવા પ્રકારનો હિસ્સો બનવાનું સારું લાગે છે. મેં ચીખ જોઈ છે અને તે અદભુત શો છે. દરેક એપિસોડમાં અનોખા બિહામણા વિષયો લાવવામાં આવે છે, જે સાંભળ્યા કે જોયા પણ નથી હોતા એવા હોય છે. દર્શકોને હવે શોમાં મારી એન્ટ્રી સાથે વધુ એક લખલખું પ્રસરાવનારો એપિસોડ જોવા મળવાનો છે. ચીખમાં પ્રિયલ ગોરનો અદભુત પરફોર્મન્સ જોવા માટે જોતા રહો બિગ મેજિક, દર સોમવારથી શુક્રવારે રાત્રે ૯

## શ્રદ્ધા કપૂરે રિફ્રેશ્ડ ડાયના લોન્ચ કર્યું




ડાયના બ્યુટી સોપ દ્વારા ભવ્ય અને બહુમુખીબોલીવુડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર ને તેના નવા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે લીધાછે.ડાયના ના નવા સાબુ નવી તાજગીયુક્ત સુગંધ આપે છે અને કુદરતીઘટકો સાથે આકર્ષક પેક માં ઉપલબ્ધ છે.વપરાશકર્તાઓ ની ત્વચા સુંદર અનેતેજસ્વી બનાવ્વા માટે ડાયના દ્વારા ૬ નવા ફ્લેવર ની રજૂઆત કરાઈ છે.આ ફેરફારની જાહેરાત કરવા માટે ડાયના એ યુવા અને મનમોહક શ્રદ્ધા કપૂર ને તેના નવાબ્રાન્ડ એમ્બેસેડર જાહેર કર્યા છે. ડાયના ત્વચા ને સરળ અને જુવાન બનાવ્વાની સાથે તેની મનમોહક ખુશ્બું સમગ્ર દિવસ માં સુગંધ માં વધારો કરે છે.નવું ડાયના હવે જાસ્મિન એન્ડ મિલ્ક,લાઈમ એન્ડ એલોવેરા,મિલ્ક ક્રિમ એન્ડ આલ્મંડ ઓઈલ, રોઝ એન્ડ મિલ્ક ક્રિમ, સેન્ડલ એન્ડસેફ્રોન અને લવેન્ડર એન્ડ મિલ્ક ક્રિમ એમ ૬ ફ્લેવર માં મળશે. ડાયના ના નવા પ્રોડક્ટસ ની શુદ્ધતા ત્વચા નેનોંધપાત્ર પોશણ આપે છે અને એક વિશ્વાસ પૂરો પાડે છે.રિફ્રેશ્ડ અને ટ્રેન્ડીપેક માં ડાયના યુવાનો જે પોતાના જીવન માં પોતાના ચિહ્નો બનાવીરહ્યાં છે તેમના માટે છે માટે શ્રદ્ધા કપૂર અમારી પ્રથમ પસંદગી છે.

# થરાદની ભડોદર શાળા હજુ પણ પાંચ ફુટ પાણીમાં ગરકાવ

**તળાવ અને ભાપીનું પાણી એક થતાં ચાર કિમીના ૩૦૦ એકરમાં પાણી પથરાયેલું પડ્યું છે.**

પ્રતિનિધિ થરાદ

થરાદના ભડોદર ગામની શાળામાં દસ દિવસ બાદ પણ પાંચ ફુટ પાણીનો ભરાવો રહેતાં શાળા હજુ પણ ચાર મહીના શરૂ થઇ શકે તેમ નથી.ગામ લોકોએ લપી જમાવવાના કારણે પાણી શોષાતું નહી હોવાનું જણાવ્યું હતું.આથી પાણીનો તાકીદે નિકાલ કરવામાં આવે અને શાળાના નવીન મકાનની કામગીરી શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામીછે.

થરાદ પંથકમાં દસ દિવસ પુર્વે આવેલા પુરનાં પાણી હજુ પણ ઘણા ગામોમાં ભરાયેલાં પડ્યાંછે. જે પૈકી થરાદ શહેર અને તાલુકાના લુણાલ, માંગરોળ, ભડોદર, ઝાણદ, નાગલા, ડોડગામ, ખાનપુર જેવા ગામોની શાળાઓમાં કેડસમાં પાણી ભરાયેલાં પડયાંછે. ભડોદરના અગ્રણી હેમજીભાઇ પટેલે જણાવ્યું હતુંકે ગામની પ્રાથમિક શાળાની બાજુમાં ચેરા તળાવ આવેલુ હોવાથી વર્ષોથી ચોમાસુ પાણીનો પ્રશ્ન રહે છે. પરંતુ ૨૦૧૫ની જેમ જૂલાઈ ૨૦૧૭ માં અતિવૃષ્ટિથી શાળા પાણીમાં ગળાડૂબ થઈ જતાં હાલ રૂમોમાં ૩ ફૂટ અને મેદાનમાં ૫ ફૂટ પાણી ભરાયેલે પડ્યુ છે જે ચારથી પાંચ મહીના સુધી ઓસરતુ નથી.

અત્યારે ગામમાં બનેલ દૂધડેરીના નવીન મકાનમાં બાળકો ભણી રહ્યા છે. છેલ્લા ૧૦ વર્ષથી નવીન શાળાની વારંવાર માંગણી કરાતાં શિક્ષણ વિભાગ તરફથી નવીન શાળાની મંજૂરી મળી ગયેલ છે પરંતુ સરકારના જમીન સંપાદનના આંટી-ઘૂટીવાળા કાયદાઓને લીધે સરકાર જમીન સંપાદન કરાતી નથી. ૨૦૧૫માં શાળામાં પાણી ભરાતાં ગ્રામજનોએ સ્વખર્ચે ઉંચાણવાળી ૩ એકર રોડ ટચ જમીન સમતલ કરી પ્લોટીંગ કરી આપી હતી.આથી હવે ગ્રામજનોની ફકત એક જ માંગણી છે કે સરકાર તાત્કાલિક જમીન સંપાદન કરી નવીન શાળાનુ બાંધકામ ચાલુ કરે નહી તો બાળકોના ભવિષ્યના ભણતર ઉપર અસર થવાની શક્યતાછે.

ગામના રૂપસીભાઇ પટેલે જણાવ્યું હતુંકે શાળાથી ગામતળાવ અને ચાર કીમીના ધેરાવામાં ત્રણસોથી ચારસો એકર જમીનમાં ભાપી ગોળીયા સુધી પાણી ભરાયેલ છે.જે દસ દિવસમાં માંડ અડધો ફુટ જ ઓસર્યું છે.જમીનના તળમાં લપી બાજવાના કારણે પાણી શોષાતું નથી આથી સરકાર દ્વારા તાકીદે પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# વાવના તીર્થગામના ઠાકોર પરિવારનો ભયના ઓથાર હેઠળ જીવન ગુજારો

**૨૦૧૫ માં મકાન પડી ગયું પણ સહાય ન મળી : પાણીના પ્રવાહ વચ્ચે ઝુંપડાનો એકમાત્ર સહારો**


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

તાજેતરમાં આવેલા અતિભારે વરસાદના પૂરના લીધે તીર્થગામમાં હાલમાં પણ અંદાજે ૨૦ થી વધુ પરિવારોના ઘરમાં પાણી ઓસર્યા નથી. અમારા વાવ ખાતેના પત્રકારે તીર્થગામ પંથકની રૂબરૂ મુલાકાત લેતાં વરવી વાસ્તવિકતાનો ચિતાર જોવા મળ્યો હતો. જેમાં તીર્થગામથી સવપુરા રોડ પર આવેલી કેનાલના કિનારા ઉપર એક ઠાકોર પરિવાર મેણીયા અને લાકડાના વાંસનો ઓથ બનાવી પાણીના પ્રવાહ વચ્ચે ભયના ઓથાર વચ્ચે જીવી રહ્યું છે. આ પરિવારની મુલાકાત લેતાં મગનભાઈ લગધીરભાઈ ઠાકોરે (ઉ.વર્ષ ૫૫) જણાવ્યું હતું કે સને ૨૦૧૫ માં અતિ ભારે પૂર આવતાં મારું મકાન ધરાશાઈ થઈ ગયું હતું. અને ત્રણ પશુઓના પણ મોત થઈ ગયા હતા. પરંતુ એક પણ રૂપિયાની સહાય મળી ન હતી. આ વખતે દિવસે પાણીનો પ્રવાહ આવતાં ઉંચાણવાળી જગ્યા ઉપર સ્થળાંતર કરી જીવ બચાવ્યો છે. પરંતુ મકાનની સહાય ન મળવાથી મેણીયા અને લાકડાના વાંસની ઝુંપડી બનાવી આ ભયજનક વિસ્તારમાં રહેવું પડે છે. વધુ પડતા વરસાદથી જમીનનું ધોવાણ થઈ ગયું છે. પાકનું ધોવાણ થયું છે. ઘરવખરી સાફ થઈ ગઈ છે. માત્ર કેશડોલ્સ પેટેની રૂા. ૩૦૦૦/- ની સહાય મળી છે. રહેવાની સગવડ ન હોઈ જવાબદાર તંત્ર સરકાર તરફથી સહાય કરી આવાસ યોજનામાં સમાવેશ કરી આ ગરીબ પરિવારને સહાય અપાવી આ ભયજનક જગ્યા પરથી સ્થળાંતર કરાવે તે જરૂરી છે.

# થરા પોલીસે રૂવેલ ગામે રેઈડ કરી પાંચ જુગારીયા પકડ્યા

**રોકડા રૂા.૧૧૫૩૦ સહિત કુલ રૂા.૧૬૫૩૦ નો મુદ્દામાલ જપ્ત**



તા.પ્રતિ. થરા

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નિરજ બડગુજરની સુચના અને નાયબ પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાના માર્ગદર્શન હેઠળ થરા પીએસઆઈ અમરસંગ ડી.પરમારે રૂવેલ ગામમાં કેટલાક ઈસમો શ્રાવણીયો જુગાર ગંજીપાના વડે પૈસાથી રમી રમાડી રહ્યા હોવાની બાતમીના આધારે પો.કો. દિલીપસિંહ એ.એસ.આઈ નરસીભાઈ, હેડ કો. શંભુસિંહ, રમેશભાઈ પો.કો. ગુલ મહમદભાઈએ રૂવેલ ગામની સીમમાં હેમજીજી રામસંગજી ઠાકોર (મૂળ રહે- અબાસણા તા. ભાભર) હાલ રહે. રૂવેલ તા.કાંકરેજના ઘરની આગળ ખુલ્લા ચોકમાં ઓચિંતી પંચો સાથે રેઈડ કરતાં ત્યાં ગંજીપાના વડે પૈસાથી હારજીતનો જુગાર વાસુભાઈ કાંતિભાઈ પ્રજાપતિ,

અનુસંધાન પાના નં.૬

# તેનીવાડામાં તીનપત્તીનો જુગાર રમતા સાત પકડાયા




પ્રતિ. છાપી

વડગામ તાલુકાના તેનીવાડા ગામે સાત ઈસમો જાહેરમાં જુગાર રમતા પોલીસે ઝડપી પાડી જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત વિગતો મુજબ છાપી પી.એસ.આઈ એમ.એન.દેસાઈને મળેલ ખાનગી બાતમી આધારે છાપી પોલીસે શુક્રવારની રાત્રીએ વડગામના તેનીવાડા ગામે ચૌહાણવાસના સ્ટ્રીટ લાઈટના અજવાળે સાત ઈસમો જાહેરમાં તીનપતીનો હારજીતનો જુગાર રમતાં હોઈ રેડ કરતાં સાત ઈસમોને ઝડપી પાડ્યા હતા જુગાર રમતા સાત ઈસમોમાં સુરેશ અંબારામ રાવળ, મહેશ નાનજી ચૌહાણ, પ્રવિણજી ભીખાજી ઠાકોર, અમરત ચેલાભાઈ ચૌહાણ, અશોક અંબારામ રાવળ, ઉદાજી રણછોડજી ઠાકોર અને ગણપતભાઈ મગનભાઈ ચૌહાણ (તમામ રહે. તેનીવાડા તા. વડગામ) રંગે હાથ ઝડપાઈ ગયા હતા. સ્થળ ઉપરથી પોલીસે રોકડ રૂા.૨૪૦૦ તેમજ પાંચ મોબાઈલ (કિંમત રૂા.૩૫૦૦) મળી કુલ રૂા.૫૯૦૦ નો મુદામાલ જપ્ત કરી જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી.

# વડગામ તાલુકાની દુષ્કર્મ પિડિતાએ આત્મહત્યાનો પ્રયાસ કરતા ચકચાર

**કોંટુબીંક કાકા-સસરાએ વિધવાની એકલતાનો લાભ ઉઠાવી દુષ્કર્મ આચરતા ફિટકાર**

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના એક ગામમાં વિધવા મહિલાની એકલતાનો લાભ ઉઠાવી વિધવાનાં કૌટુંબીંક કાકા-સસરાએ ખેતરમાં દુષ્કર્મ આચરતા પંથકમાં ભારે ચકચાર મચવા સાથે ફિટકાર વરસી રહી છે.પિડિત મહિલાએ દુષ્કર્મના આરોપી વિરૂધ્ધ છાપી પોલીસ મથકે શુક્રવારે ફરીયાદ નોધાવી હતી.

પોલીસ સુત્રો દ્વારા પ્રાપ્ત હકીકત મુજબ વડગામ તાલુકાના એક ગામમાં ત્રણ સંતાનની વિધવા માતા સાથે કૌટુંબીંક કાકા-સસરાએ ખેતરમાં ચારના પુળા નાખવાના બહાને પોતાના છાપરામાં મોકલી પાછળથી વિધવા મહિલા ઉપર તા.૪-૮-૨૦૧૭ ના બપોરના સુમારે દુષ્કર્મ આચર્યુ હોવાનું પિડિત મહિલાએ ફરીયાદમાં જણાવ્યું હતું.જોકે આ આઘાત પિડિતા સહન ન કરી શકતા આખરે સોમવારની સાંજે પોતાના ઘરમાં શરીરે કેરોસીન છાંટી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.જોકે શરીર ઉપર આગ વધુ પ્રસરતા પિડિતાએ બુમાબુમ કરતાં કુટુંબીજનો આવી આગ ઓલવી હતી.અને દુષ્કર્મની પિડિત મહિલાને પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.પરંતુ તબીયત વધુ નાજુક જણાતા વધુ સારવાર અરથે અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.પિડિત મહિલાની ફરીયાદ આધારે છાપી પોલીસે આરોપી રમેશભારથી ગંગાભારથી ગૌસ્વામી સામે કાર્યવાહી હાથ ધરી અટકાયતી પગલાં ભરવા તજવીજ હાથ ધરી હોવાનું છાપી પી.એસ.આઈ. દેસાઈએ જણાવ્યું હતું.

# પાલનપુરમાં વિજ્ઞાનના શિક્ષકોની તાલીમ

પાલનપુર

ગુજકોસ્ટ ગાંધીનગર પ્રેરિત જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર- પાલનપુર દ્વારા નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ કાર્યક્રમ માટે બનાસકાંઠા જિલ્લાની માધ્યમિક અને પ્રાથમિક સ્કુલોના વિજ્ઞાનના શિક્ષકોની તાલીમ તા. ૨૨/૮/૨૦૧૭ ના રોજ એનઆઈબી સ્કુલ ઓફ સાયન્સમાં ગોઠવાઈ હતી. ગાંધીનગરના ડૉ.અનિલભાઈ પટેલે સમગ્ર તાલીમનું સંચાલન કર્યુ. જિલ્લાના એકેડમી કો- ઓર્ડિનેટર ડૉ.વી.એમ. મોદી અને મુખ્ય મહેમાન તરીકે સાયન્સ કોલેજના ભૂતપૂર્વ આચાર્ય ડૉ.હાથી ઉપસ્થિત રહ્યા. ૫૦ સ્કુલના શિક્ષકો હાજર રહ્યા હતા.

# શિવનગર મહિલા આત્મહત્યા પ્રકરણ : પતિ સામે દુષ્પ્રેરણની ફરીયાદ

**પરિણિતાના પિતાએ થરાદ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી**

(પ્રતિ.) થરાદ

શહેરના શિવનગરમાં પરિણીતાએ ગળે ફાંસો ખાઇને જીવનલીલા સંકેલી લીધી હતી.આ ઘટનામાં તેણીના પિતાએ પતિ શંકા અને શારિરીક ત્રાસ આપતો હોવાની પોલીસમથકમાં ફરીયાદ નોંધાવતાં વળાંક આવ્યો છે.પોલીસે યુવકની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

શુક્રવારના ચારેક વાગ્યાના સુમારે થરાદના શિવનગરના ચમનભાઇ કાનજીભાઇ પરમારની પત્ની ભાવનાબેને ઘરના વચ્ચેના ખંડમાં સાડલાથી પંખા વડે ગળે ફાંસો ખાઇ જીવનલીલા શંકેલી લીધી હતી. આ બનાવની તેના પતિ ચમનભાઇએ થરાદ પોલીસને જાણ કરી હતી. આથી આત્મહત્યાનું કોઇ ચોક્કસ કારણ પ્રાથમિક દષ્ટીએ નહી જણાતાં પોલીસે અગમ્યકારણોસર મોત અંગે અકસ્માત રજીસ્ટરે નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. બીજી બાજુ પરિણિતાનાં અમદાવાદ સ્થિત પિયરીયાંને જાણ કરાતાં તે પણ થરાદ દોડી આવ્યાં હતાં.પરિણીતાના પિતા જયંતીલાલ અમથુલાલ પરમાર રહે.સીતામંદીર રામપુરાની ચાલી અમદાવાદનાઓઓ ચમનભાઇ તેણી પર શંકાઓ રાખતો હોવાની તથા મારકુટ કરતો હોવાની ફરીયાદ નોંધવી હતી.ખોટા વહેમ સહન નહી થવાના કારણે લાગી આવતાં તેણીએ મોતને વ્હાલું કર્યાની ફરીયાદના આધારે પોલીસે ચમનાભાઇ સામે આઈપીસી કલમ ૩૦૭ પ્રમાણે દુષ્પ્રેરણનો ગુનો નોંધી તેની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવથી નગરમાં ભારે ચકચાર મચવા પામી હતી.

# ભાભરમાં શ્રાવણિયો જુગાર રમતા છ પકડાયા


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

ભાભર સહિત તાલુકામાં શ્રાવણિયા જુગારની મોસમ ખીલી છે પરંતુ પોલીસે જુગારીયાઓ સામે તવાઈ હાથ ધરી છે ત્યારે ગઈકાલે પોલીસે અસાણા ગામે જુગાર રમતા ચાર શખ્સો ઝડપી પાડ્યા હતા. જેના બીજા દિવસે પણ ભાભરના ખેતરોમાં રાતના સુમારે જુગાર રમતા છ શખ્સોને ઝડપી પાડયા હતા.

ભાભર પોલીસે જિલ્લા પોલીસ વડાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ભાભર તાલુકામાંથી જુગાર અને દારૂ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા કામગીરી હાથ ધરી છે. ગઈકાલે રાત્રે ભાભર શહેરમાં આવેલ લાલસિંહ રાઠોડ રહે. ભાભર જુનાવાળાના ખેતરમાં અમુક માણસો ભેગા મળી તીનપતીનો લાઈટના અજવાળે જુગાર રમતા હોવાની બાતમી મળતા ભાભર પી.એસ.આઈ. એમ.જે.ચૌધરી અને સ્ટાફે બાતમીવાળી જગ્યાએ અચાનક રેડ કરતા લાલસિંહ કાશુભા રાઠોડ, વનાજી મફાજી ઠાકોર, તલાજી સવરામજી ઠાકોર, વિક્રમજી મફાજી ઠાકોર, કિર્તીભાઈ સવરામભાઈ ઠાકોર અને સનાજી સવરામજી ઠાકોર (તમામ રહે. ભાભર જુના, તા.ભાભર) જાહેરમાં તીનપતીનો હારજીતનો જુગાર રમતા પોલીસ હાથે ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ ઉપરથી રોકડ રૂા.૩૭૩૦/- તથા મોબાઈલ નંગ - ૩(કિં. રૂા.૩૦૦૦) મળી કુલ રૂા.૬૭૩૦/- નો મુદામાલ કબ્જે લઈ છ ઈસમો સામે જુગારધારા મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. શ્રાવણીયો જુગાર રમતા ઈસમો ઉપર પોલીસની તવાઈ જોઈ જુગાર રમવાના શોખીનોમાં ફફડાટ ફેલાયો છે.

# થરા પોલીસે ઈન્દ્રુમાણા ગામેથી છ જુગારીયા પકડ્યા


યશપાલસિંહ ટી. વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના થરા પોલીસ સ્ટેશને મળેલી બાતમી જિલ્લા એસપી નિરજ બડગુજરની સુચના અને ડીવાયએસપી અક્ષયરાજ મકવાણાના માર્ગ દર્શન હેઠળ થરા પી.એસ. આઈ. અમરસંગ ડી. પરમારે પોલીસ સ્ટાફના માણસો તથા પંચો સાથે ઈન્દ્રુમાણા ગામની સીમમાં ચતરાજી નવાજી ઠાકોરના ખુલ્લા ખેતરમાં કેટલાક ઈસમો ગંજીપાના વડે પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડે છે. જે હકીકતથી રેઈડ કરતાં આરોપી રમેશજી સોનાજી ઠાકોર (કાકર તા. કાંકરેજ) કિરાજી મણાજી ઠાકોર(ઈન્દ્રુમાણા), પિન્ટુજી જોમાજી ઠાકોર(કાકર), શ્રવણજી અમરાજી ઠાકોર (ઈન્દ્રુમાણા), સુભાષજી જીતાજી ઠાકોર (ઈન્દ્રુમાણા), રણુભા રંગુજી દરબાર(ઈન્દ્રુમાણા) પાસેથી રોકડ રૂા. ૧૦,૫૦૦/- મોબાઈલ નં.૪ (કિંમત ૯૦૦૦) ગંજીપાના- રૂમાલ વગેરે મળી કુલ ૧૯૫૦૦ સાથે છ ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

# ધાનેરાના ધારાસભ્ય દ્વારા પુર સહાય અંગે પ્રાંત ઓફિસરને આવેદન પત્ર આપ્યું

તા.પ્રતિ. ધાનેરા

ગતરોજ ધાનેરાના ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ અને કોંગી કાર્યકરો દ્વારા પુર પિડીતોને આપવામાં આવેલ સહાયની યોગ્ય ચૂકવણી ન કરવામાં આવી હોવાના અને અમુક રહી ગયેલા પુર પિડીત પરિવારો માટે ફરી સર્વે કરવામાં આવે તેવી માંગણી સાથે પ્રાંત ઓફિસરને આવેદનપત્ર આપ્યું હતું.

ધાનેરામાં આવેલા ભયાનક પુરથી તારાજી બાદ સરકાર દ્વારા અસરગ્રસ્ત લોકોને સહાય રૂપે કેશડોલ અને મકાન સહાયની ચૂકવણી કરવામાં આવી રહી છે ત્યારે આમા અમુક અસરગ્રસ્ત પરિવારો આ સહાયથી વંચિત રહી ગયા છે. તેઓને પણ માત્ર ૯૨૦૦/- રૂપિયા જ મકાન સહાયનો ચેક આપવામાં આવતા આ પરિવારો દ્વારા સહાયનો ચેક સ્વીકારવાની ના પાડી ચેક પરત કરવામાં આવતા આ બાબતે ફરી યોગ્ય રીતે સર્વે કરી સહાય ચૂકવવામાં આવે તે માટે ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ તથા પાલિકા પ્રમુખ બળવંતસિંહ રાવ સહિતના આગેવાનો, કાર્યકરો દ્વારા પ્રાંત ઓફિસરને આવેદનપત્ર આપવામાં આવેલ.

# બોડાલ ગામની સીમમાંથી સાત જુગારીયા ઝડપાયા


સાદુલસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજરે જિલ્લામાં દારૂ જુગારની પ્રવૃતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતાં જે. એચ. સિંધવ પોલીસ ઈન્સ્પેકટર એલસીબીના માર્ગદર્શન હેઠળ એલસીબી સ્ટાફના રઘુવીરસિંહ, જયપાલસિંહ, નરેશભાઈ, દિગ્વિજયસિંહ, રાજેશકુમારની ટીમે ભીલડી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન બાતમી હકીકત આધારે બોડાલ ગામની સીમમાં આવેલ ખેતરમાં રેઈડ કરતા શંકુજી અનારજી વાઘેલા રહે.બોડાલ તા.ડીસા, રાજેશકુમાર ત્રિભોવનદાસ પંચાલ રહે. છત્રાલા તા. ડીસા, જગદીશકુમાર રતિલાલ ઠક્કર રહે.બોડાલ તા. ડીસા, રાયમલજી ગંભીરજી ઠાકોર રહે.બોડાલ તા.ડીસા,કરશનજી બાજુજી રાઠોડ રહે.મુડેઠા તા.ડીસા, રાજુજી ગેનાજી રાઠોડ રહે. મુડેઠા તા. ડીસા, સવજી શિવાજી રાઠોડ રહે.મુડેઠા તા.ડીસાવાળાઓ બોડાલ ગામની સીમમાં આવેલ ખેતરમાં ખુલ્લી જગ્યામાં તીન પતીનો જુગાર જાહેરમાં રમતાં પોલીસ રેઈડ દરમિયાન પકડી રોકડ રકમ રૂ ૧૬,૩૭૦/- તથા મોબાઈલ નંગ-૭ કી. રૂ.૧૦,૫૦૦/- તથા મોટર સાયકલ નંગ-૨ કી. રૂ.૫૫,૦૦૦/-તથા જુગારનું સાહિત્યો મળી કુલ રૂ.૮૧,૮૭૦/-નો મુદામાલ કબ્જે કરી તમામ ઈસમો સામે ભીલડી પો.સ્ટે.મા જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## ડીસાના ધારાસભ્ય ખેંટવા ગામની મુલાકાતે

# લોકોના પ્રશ્નો સાંભળી નિરાકરણની ખાત્રી આપી


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ડીસા વિધાનસભાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ રાજ્ય સભાની ચૂંટણી હોઈ બહાર હોવાથી પોતાના મત વિસ્તારમાં જઈ શક્યા નહોતા. જો કે તેમના પરિવારના સભ્યો અને પૂર સમિતિ મત વિસ્તારની મુલાકાતે ગયા હતા. ચૂંટણી પત્યાના બીજા જ દિવસે ગોવાભાઈ દેસાઈએ ઝંઝાવાતી પ્રવાસ ખેડીને પોતાના મત વિસ્તારના લોકોની મુશ્કેલીમાં સહભાગી થવા માટે તેઓ પ્રવાસ ખેડી રહ્યા છે. શુક્રવારના ગોવાભાઈ દેસાઈએ ડીસા તાલુકાના ખેંટવા ગામની મુલાકાત લીધી હતી અને ગામના પ્રશ્નો સાંભળ્યા હતા.

ખેંટવા ગામમાં કેશડોલ બિલકુલ ચુકવાઈ નથી. તેવી રજુઆત ગ્રામજનો દ્વારા કરાતાં ધારાસભ્યએ ઘટતુ કરવાની ખાત્રી આપી હતી. તેમની સાથે પ્રવાસમાં ડીસા કોંગ્રેસ સમિતિના તાલુકા પ્રમુખ પી.વી.રાજગોર, તાલુકા પંચાયત સભ્ય મુકેશભાઈ સોલંકી, કોંગ્રેસ અગ્રણી પ્રકાશભાઈ ભરતીયા વગેરે જોડાયા હતા.

# ધાનેરા ધારાસભ્ય પુરગ્રસ્ત ગામોની મુલાકાતે


એન.કે.મોદી

ગઈકાલ તા.૧૧.૮.૨૦૧૭નાં દિવસે ધાનેરાના કોંગ્રેસી ધારાસભ્ય જોઈતાભાઈ પટેલે મત વિસ્તારના વાસણ, એટા, ધરણોધર, શેરગઢ. રામપુરા અને જડિયા ગામની મુલાકત લીધી હતી. પુરથી થયેલ નુકશાનનું અવલોકન કરી મુદાસર અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. આવનારા સમયમાં લોકોને સહાય આપવાની અને સરકારશ્રીને રજૂઆત કરવામાં આવશે એવી હૈયાધારણ આપી હતી.

# થરાદના ઇઢાટામાં પાલનપુરની એનએસએસની ટીમ દ્વારા સફાઇ કરાઇ

પ્રતિનિધિ થરાદ

પાલનપુર જીડીમોદી કેમ્પસમાં આવેલી શ્રી આરઆર મહેતા કોલેજ ઓફ સાયન્સ અને સી એલ પરીખ કોલેજ ઓફ કોમર્સની એનએસએસની ટીમ દ્વારા પ્રોગ્રામ ઓફીસર આર ડી વરસાતના માર્ગદર્શન થરાદના ઈઢાટા ગામમાં સફાઇ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.જેમાં ટીમે ગામના બસસ્ટેશન સહિત વિસ્તારમાંથી ગંદકી દુર કરી હતી.આ કામગીરીમાં ગામના સરપંચ શંકરભાઇ વી રાજગોર,એમ પી એચ ડબલ્યુ પ્રવિણ સુથાર તથા પ્રાથમિક શાળાના આચાર્ય બી એન પટેલ પણ જોડાયા હતા.

# લાયન્સ કલબ ઓફ ભીલડી દ્વારા એચ.વી.વાલાણી વિદ્યામંદિરમાં વૃક્ષારોપણ


કંચનજી ઠાકોર

પ્રતિ. ભીલડી

લાયન્સ કલબ ઓફ ભીલડી દ્વારા ભીલડી એચ.વી. વાલાણી વિદ્યામંદિરના પટાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

લાયન્સ કલબ ભીલડીના પ્રમુખ નારાણભાઈ જોષીએ આવનાર મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટી હંશાકાકા સુથાર, બનાસ બેંક ડીરેકટર બાબુભાઈ પાનકુટા, શાળાના આચાર્ય ઈશ્વરભાઈ દેસાઈ, ઈન્ચાર્જ આચાર્ય સુધીરભાઈ પુરોહિત, લાયન્સ કલબ પરિવારના સર્વ નટુભાઈ ઠક્કર, રમેશભાઈ ધનાસરા, હસમુખભાઈ જોષી, લાલાભાઈ જોષી, અરવિંદભાઈ પટેલ, નટુભાઈ દેસાઈ, લાલાભાઈ દવે, શૈલેષ સિલ્વા, કનુભાઈ જોષી, પેલાદભાઈ જોષી, રઘુરામ રાજગોર, નાગજીભાઈ જોષી (સોયલા)તેમજ શાળા પરિવારના શક્ષિક ભાઈ - બહેનોએ સહકાર આપ્યો હતો.

# થરાદમાં રેવન્યુ તલાટીઓને મહેસુલી કામગીરી કરવાનો મામલતદારનો આદેશ

**સહીઓના અભાવે ગ્રામણિ વિસ્તારના લોકોને ભારે હાલાકીઓનો સામનો કરવો પડતો હતો**

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના રેવન્યુ તલાટીઓ પંથકમાં પ્રજાજનોની ખેતી તથા જમીનને લગતી કામગીરીમાં સહીઓ નહી કરતા હોવાના કારણે તેમને ભારે હાલાકીઓની સાથે પંચાયત તલાટીઓમાં તથા ગ્રામીણ પ્રજામાં આ અંગે ભારે કચવાટ સાથે ઉંહાપોહ સર્જાતાં આખરે મામલતદારે આ કામગીરી રેવન્યુ તલાટીઓને કરવાનો હુકમ કરતાં પ્રજામાં આનંદની લાગણી ફેલાવા પામી હતી. થરાદ તાલુકામાં રેવન્યુ સેજાઓની રચના કરીને દરેક સેજાઓમાં રેવ્નયુ તલાટીઓની નિમણુક પણ કરવામાં આવી હતી.

અનુસંધાન પાના નં.૬

# પાલનપુરના ગ્રામ્ય પંથકમાં ધાબળા-ચાદરનું વિતરણ


સંજય જોષી

પાલનપુર

પાલનપુર તાલુકાના અતિવૃષ્ટિ ગ્રસ્ત ગામો ચંડીસર, મડાણા ડાંગીયા, ગઢ, મડાણા સહિતના ગ્રામ્ય પંથકની પ્રદેશ ભાજપ કિસાન મોરચાના અગ્રણી ગીરીશભાઈ જગાણીયા, તાલુકા ભાજપ પ્રમુખ લાલજીભાઈ પ્રજાપતિ, યુવા ભાજપ અગ્રણી આશુતોષ બારોટએ મુલાકાત લઈને સરકારની કેશડોલ, પાક ધોવાણની માહિતિ મેળવી અસરગ્રસ્તોને ધાબળા - ચાદરોનું વીતરણ કર્યું હતું.


## જાહેર હરાજી

આથી જાહેર જનતાને જણાવવાનું કે, પેછડાલ પ્રા.શાળા, તા.ડીસા, જિ.બનાસકાંઠા સ્થિત સિમેન્ટના પતરાવાળા પાંચ ઓરડાની સામગ્રીના ભંગારના વેચાણ માટે જાહેર હરાજીનું આયોજન કરેલ છે. આ અંગે રસ ધરાવતા વ્યકિતઓએ ડિપોઝીટની રકમ રૂા.૫૦૦૦ સાથે સ્થળ પર હાજર રહેવું.

**તારીખ : ૧૮/૦૮/૨૦૧૭, શુક્રવાર, સમય : ૧૨ કલાકે**
**સ્થળ : પેછડાલ પ્રા.શાળા, તા.ડીસા, જિ.બ.કાં.**

નોંધ : ડિપોઝીટ વગરનાને હરાજીમાં ભાગ લેવા નહીં દેવાય. તમામ નિર્ણય શાળા વ્યવસ્થાપન સમિતિને આધિન રહેશે. તકરાર કે વિવાદ માટે કોર્ટ ડીસા રહેશે.

# રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...

## કેપ્સુલ

પતિ : સાંભળ્યું તે વગર ટીકીટે મુસાફરી કરવામાં પચીસ ટકા સ્ત્રીઓ હતી.

પત્ની : હું તો તમને પહેલાથી જ કહું છું કે સ્ત્રીઓ બચત કરવામાં પુરૂષો કરતાં આગળ છે.

૦૦૦

એક પાગલે બીજા પાગલને પુછયું અરે ભાઈ આ તારી ઘડીયાળ બંધ કેમ છે ?

બીજો પાગલ ખડખડાટ હસી પડતાં બોલ્યો, અરે પાગલ તને ખબર નથી ? આજે રવિવાર છે.

૦૦૦૦

પતિ : તું બહુ ખર્ચાળ છે. તારે બચત કરવી જોઈએ. પૈસા જમા કરીશ તો સો વરસની ઉંમરમાં કામ આવશે.

પણ હું સો વરસની ઉંમરમાં પૈસાનું શું કરીશ ? પત્નીએ પુછયું.

૦૦૦૦

ડૉક્ટર : મને હવે પચાસટકા ખાતરી થતી જાય છે કે તમને પાગલ કુતરાએ કરડયું છે.

ડૉક્ટર સાહેબ કુતરો હજુ સડક પર જ આંટા મારી રહ્યો છે લો આ ડંડો અને જઈને એને મારો પછી તમને સો ટકા ખાતરી થઈ જશે.

૦૦૦૦

પપલુ : મમ્મી હમણાં ગયું તે કયું સ્ટેશન હતું ?

મમ્મી : કેમ શું કામ છે તારે ?

પપલુ : ખાસ કાંઈ નહીં. પણ નાની બહેન રીંકી આ સ્ટેશને ઉતરી હતી તે પાછી ટ્રેનમાં આવી નથી.



# ઉત્સવઘેલા આપણે

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

ઉત્સવઘેલા આપણે

આપણે ઉત્સવઘેલા છીએ. કોઈક ઉત્સવ આવે તો આપણે અડધા અડધા કે કયાંક આખે આખા થઈ જઈએ છીએ. સંસ્કૃતમાં તો આપણા માણસોને ઉત્સવ પ્રીય કહ્યા છે. ઠીક છે એ સમય સુખશાંતિનો, ધનધાન્યથી છલકાતો હતો એટલે ઉત્સવ પ્રિય કહ્યા હોય. ઘરમાં રોકડ રકમ, કોઠીમાં અનાજ ચિક્કાર ભરેલું હોય પછી માણસને આવતી કાલ માટેના ઘીગોળની ચિંતા નથી હોતી. તેથી ખાવું પીવું ને જલસા કરવાની નીતિ હોય અને તેથી આપણી સંસ્કૃત ભાષાના કવિ-લેખકોએ લખ્યું હોય પણ આજે એવું રહ્યું નથી. આજે ઘડી ઘડી ઉત્સવ પ્રિય થવા જતાં અર્થાત્ ઉત્સવ ઉજવતા ખરા બપોરે બાર વાગી જાય છે. ઘણાને તો ઉત્સવ એટલે કે તહેવાર આવતાં પહેલાં શું શું લાવવાનું છે અને શો શો ખર્ચ કરવાનો કે એનું બજેટ તૈયાર કરવું પડે છે. બજારમાં ખરીદવા ગયા અને જો નાણાંકીય દશા અવળી દિશામાં જવા માંડી હોય તો પત્નીના સેન્ડલ કે પતિના બુટ લાવવાનું કેન્સલ કરવું પડે છે. હું જુના સેન્ડલથી ચલાવી લઈશ કે હું બુટ વગર દિવાળી ખેંચી કાઢીશ.. હા છોકરાઓની કોઈ ચીજમાં કાપ કરી નથી શકાતો.. એ નક્કી...

આજના ટ્રેન્ડ પ્રમાણે માબાપ પોતે પોતાના અરમાન પર કુહાડી, કરવત મારીને છોકરાને ગમતી વસ્તુ અપાવી રાજી રાખે છેએ જ છોકરાઓ સમય જતાં મા બાપની આશા અરમાનની હુતાસણી કરે છે.. એના પાર વિનાનાં કિસ્સા જોવા મળે છે. ખેર આપણે બજેટ બનાવવું પડે છે, પહેલાંના જમાનામાં રાજાઓએ બજેટ બનાવ્યાનો કોઈ ઉલ્લેખ નથી. આટલા રૂપિયાની તલવારો અને આટલા રૂપિયાના ગાંઠીયા..

એથી એ લોકો ઉત્સવ પ્રિય હતા. આજે જમાનો સમય બદલાયો છે તો પણ ઉત્સવો તો ઉજવાય જ છે. કયાંક ગાંઠના પૈસે કયાંક પારકાના પૈસે, આપણા દેશમાં બારે માસ ચૂંટણીઓ ચાલતી હોય છે અને એને ઘણા એક ઉત્સવ માનીને ઝંપલાવે છે. ચૂંટણીમાં તો ચૂંટાઈને એક જ આવવાનો હોય છે પણ પાછળ ફટાકડા ફોડનારા. .સૂત્રો પોકારનારા.. ગુલાલ ઉછાળનારા અને હજુ તો આ ચૂંટાઈ આવ્યા પહેલાંનો ઉત્સવ છે. ચૂંટાઈને આવશે તો ન જાણે કેવા ગાંડાઘેલા થઈ જશે.

આપણા દેશનું આ દ્રશ્ય છે અન્ય દેશોમાં આવું હશે કે કેમ ખબર નથી. બાકી આપણે આવું રોજ નહીં તો દર ચાર પાંચ દિવસ ખરૂ યાદ રહે. આવી રીતે મનાવનારા અન્યની પરવા કરતા નથી. એ બે નંબરની વાત છે ત્યારે હું તોભારપુર્વક કહું છું કરે કોઈ અને ભોગવે કોઈ.

એક કુંભારને એની પત્ની સાથે ચા બાબતે સવાર સવારમાં મગજમારી થઈ ગઈ. મગજમારી કયારે થાય એ કાંઈ નક્કી નથી હોતું. મોસમ અને મહિલા માટે તો સત્ય વાત છે.મોસમ અને મહિલાને કયારે સ્ક્રુ ઢીલો કે ટાઈટ થઈ જાય એ કાંઈ કહેવાય નહીં.. એવું જ કંઈક મગજમારીનું.. મગજમારી ગમે ત્યારે.. ગમે તેની સાથે થઈ જાય એમ ઘણીવાર સાવ કચરા જેવી વાત હોય છે તો કયાંક ખુબ મોટી..

આ કુંભારને ડાયાબીટીસ હતો અને એણે પોતાની પત્નીને સખ્તાઈથી આદેશ આપ્યો હતો કે તારે મારી ચા કાયમ મોળી બનાવવી એ પછી સવારની હોય કે બપોરની.. મોળી એટલે માનીને એના બધાય આદેશોનું પાકી રીતે પાલન કરતી હતી પણ એક દિવસ ટ્રેન ટ્રેક પરથી ઉતરી પડી.. રોજ મોળી બનતી ચા એ દિવસે બરાબરની શેરડીના રસની સમકક્ષ બની ગઈ. પછી મગજમારી થઈ.. ઉત્સવ પ્રીય લોકો ન જાણે શું શું બોલી નાખે છે કે.. ન કહી શકાય, ન સાંભળી શકાય.

એણે કહ્યું, આવી સ્ત્રી મને ગમતી નથી એની સાથે મારે રહેવું નથી. ઉત્સવ પ્રીય આ દેશમાં નારીઓ પણ જે જવાબ આપે છે.. શું કહેવું..? હું અદાલત જઈશ ને લગ્નની ગાંઠને છોડી દઈશ.. પત્નીના આવા સાહીત્યિક શબ્દો સાંભળી કુંભાર બહાર આવ્યો બહાર ભાર ઉંચકી ઉભેલા ગધેડાને દંડે ને દંડે ઝુડવા માંડયો.

અહીં કરે કોઈ અને ભોગવે કોઈ એ સાબિત થઈ ગયું. કુંભારની પત્નીએ ગળી ચા બનાવી અને માર ગધેડાને ખાવી પડી.. ગધેડો પણ ઉત્સવ પ્રિય છે. દેશનો નાગરીક હતો. ભાર સાથે ભાગ્યો. આખા રસ્તે ઢેખાળા પડયા. અને જતાં અવતાં લોકોને સહન કરે વારો આવ્યો.

ઉત્સવ પ્રીય આ દેશમાં કરે કોઈને ભોગવે કોઈ.. પછી શું થયું એની ખબર નથી પણ મગજમારી ગમે ત્યારે થઈ જાય. મગજમારી ગમે ત્યારે થઈ જાય એ વાત સાચી પણ કેટલાકની સાથે મગજમારી કરવી નકામી. સરવાળે મગજમારી મોંઘી પડે છે. એ ધ્યાન રાખવું ભલે ચાણકયે કહ્યું ના હોય પણ પત્ની આગળ સસરા એન્ડ કુ.આગળ.. બોસ આગળ...

.અનુસંધાન પાના નં.૬ ઉપર

# ૧૦૦ વર્ષ કરતાં વધારે આયુષ્ય કેવા ગ્રહો આપે ?




જીવને જીવવાનું જ છે કોઈપણ શરીરમાં હોય, સર્પ હોય હાથી હોય, વાઘ હરણ કે સસલું હોય કે પછીમગર, પાણીના નાનામાં નાની જીવાત કે પેટે ચાલી રહેલ જીવાત હોય છે. માનવ હોય પણ દરેકને લાંબુ જીવવાની આશા રાખતા હોય છે. માણસ તંદુરસ્ત હોય પણ તે જેમ લાંબુ જીવવાની આશા રાખતો હોય છે તેમ મનુષ્યમાં પથારીવશ હોય તેને પણ જીવવાની આશા હોય છે. જીવન દરેકને વહાલું હોય છે જે માટેમનુષ્યને તો ભગવાને સમજણ આપેલ છે જે નિરોગી રહેવા માટે, વ્યસનમુકત, વ્યાયામ અને સાત્વીક ખોરાક લે તેમજ બને તો આયુર્વેદનું શરણું લે તો જરૂરથી લાંબી જીવી શકાય.

કેવા ગ્રહો ૧૦૦ વર્ષ કરતાં લાંબી આયુષ્ય આપે ?

જે જાતકની જન્મકુંડળીમાં પ્રથમ ભાવમાં કર્કનો ગુરૂ હોય અને ત્રણ કે તેથી વધારે ગ્રહો ઉંચના થતા હોય.**દ્રષ્ટાંતકુંડળી:** અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં પ્રથમ ભાવમાં કર્કનો ગુરૂ રહ્યો છે ત્રીજા ભાવમાં બુધ ઉંચનો છે ચોથા ભાવમાં શની તુલામાં ઉંચનો છે સાતમા ભાવમાં મંગળ ઉંચનો છે અને અગ્યારમા ભાવમાં ચંદ્ર પણ ઉંચનો બને છે. આ વ્યકિત સો વર્ષ કરતાં વધારે જીવતા હોય છે. આવા ગ્રહવાળી વ્યકિત રસાયણ ક્રીયા કરે તો ૩૦૦ થી ૧૦૦૦ વર્ષ સુધીનું આયુષ્ય ભોગવતી હોય છે એમ આપણાા પ્રાચીન ઋષીમુનીઓનું કહેવું છે.

**-જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# ચોમાસામાં સૂરસૂરીયું કેમ થાય છે ?

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

અનરાધાર આફત કહીએ અથવા અતિવૃષ્ટી આફત જે કહીએ તે માની લેવાય એવા શબ્દો જ શબ્દો બસ મન ફાવે તેવા શબ્દોથી વરસાદના વધામણાં કરીને મન મનાવવા જેવી વાત છે.. દેખ કબીરા..

સરકારી યોજનામાં બે તંત્રો ચોમાસા માટે એટલે કે કોઈક નાની મોટી આફત માટે પ્રિ પ્લાનીંગ પ્લાનની જેમ ગોઠવાયેલાં હોય છે. થોડાંક વરસ પહેલાં સરકારને કંઈક વિચાર આવ્યો. ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ શરૂ કર્યો. એ ઓફિસને ગુજરાતી ભાષામાં આપત્તિ વ્યવસ્થાપન તંત્ર એવું રૂપાળું નામકરણ કરેલું છે. દેખ કબીરા.. આ એક ઠાલા સંતોષ મનાવવા માટે બેઠું કરેલું નિર્જીવતંત્ર હોય એવું લાગ્યા કરશે. આગ લાગે ત્યારે કુવા ખોદવા કે આગ લાગ્યા પહેલાં કુવા ખોદવા એ સમજુ અને પ્રબુધ્ધ નાગરીકો સમજી શકે તેવું છે. છતાંય ડીઝાસ્ટર મેનેજમેન્ટના નામે અનેક ડીઝાસ્ટર આવી ગઈ ત્યાં તંત્રનું તિકડમ્ તિકડમ..

દેખ કબીરા.. આવું જ કંઈક આપણી પાલિકાઓનું છે. જ્યાં પ્રિમોન્સુન પ્લાન ચોમાસા પુર્વે તૈયાર થાય છે. હવામાન ખાતાની અવગણના કરીને પ્રિ મોન્સુન પ્લાન તૈયાર કરવો એટલે જાણી જોઈને ખાડામાં પડવા જેવી આફત છે. આ આફતને આપણા પીએમ સાહેબ એવું માની બેઠા છે કે ગુજરાતની પ્રજા આફતને અવસરમાં બદલી દેશે એવી હૈયાધારણા આપી ફલાઈઝ વિઝીટ હવાઈ માર્ગે કરવાથી પેલા તણાયેલા અને ઘર બેઘર થયેલા માનવીઓની વ્યથા શું છે એ ખ્યાલ કેમ આવી શકે ? દેખ કબીરા..

હવાઈ નિરીક્ષણ સમયે ઉપરથી માત્ર ચારેકોર પાણી જ પાણી દેખાશે.. પણ પાણીમાં જીવવા માટે વલખાં મારતાં પેલા માનવ બંધુઓની વ્યથા કોણ સમજી શકશે ? આર્મીના જવાનોએ જે વીરતા અને બાહોશી બતાવી એ આપણા પોલીસ તંત્ર માટે બેહોશીનો નજારો છે. આશરે બે હજાર કરતાં વધુ માનવી પાણીના પ્રકોપનો ભોગ બન્યા છે. લોકોનો અસબાબ પાણીમાં તણાઈ ગયો છે અને જે યાતના ભોગવી રહ્યા છે એવા જીવો સુધી કે એવા જીવોને બચાવવા માત્રને માત્ર પાંચસો કરોડની સહાય શું પુરતી ગણાય ? દેખ કબીરા..

કોઈપણ સરકારી ઉત્સવ અને તેના પ્રદર્શન પાછળ કરોડોના ધુમાડા થાય છે ત્યાં આ કેટલે સુધી વ્યાજબી છે ? સરકાર પ્રી મોન્સુન પ્લાનના નામે જે ખર્ચ કરે છે એ વરસાદના પાણીસાથે ધોવાઈ જાય છે. મતલબ આવા આયોજનોનું સુરસુરીયું થઈ જાય છે. રાજકારણીઓને જેટલો રસ મતદારો પાસેથી મત લેવામાં હોય છે એટલો રસ મતદારોને કે તેમના કુટુંબોને બચાવવામાં નથી હોતો. આ એક નક્કર સત્ય છે. એક તરફ લાશોના ઢગલા થાય છે ત્યાં બીજી તરફ રાજયસભાની ચૂંટણીના પડઘમ ગાજતા સાંભળવા મળે છે આ કેવી ઈન્સાનિયત ?

ડિઝાસ્ટર મેનેજમેન્ટે અથવા તેના અધિકારી વર્ગે ડિઝાસ્ટર પહેલાં કે ડીઝાસ્ટર પછી કોઈપણ સેવા કાર્ય દિલથી કર્યું હોય અને તેનું પરિણામલક્ષી ચોક્કસ પૂર્ણ થયું હોય તેવું એકેય ફરજનિષ્ઠાનું કામ જોઈ શકાય તેવું નથી. એટલે ખરેખર આ તંત્રનું પણ આ વરસાદી આફતમાં સુરસુરીયું થઈ ગયું તેવું વર્તાય છે.. ચોક્કસ નિયંત્રણ અને સખ્તાઈના અભાવે આ દેશમાં તમામ યોજનાઓ કે તંત્રોનું સૂરસૂરીયુ થઈ રહ્યું છે. જાગૃત અને વિચારશીલ નાગરિકો માત્ર દ્રષ્ટા થઈ જોયા કરશે તો વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર કયાં જઈને અટકશે એ આજના સમયનું સૌથી મોટું સૂરસૂરીયુ છે. બાકી દિવાળીના દિવસોમાં હલકા પ્રકારના ફટાકડા ફુટતા નથી પણ તેનું સૂરસૂરીયું ચોક્કસ થાય છે એ વાત સર્વ સ્વીકૃત છે.

**બી.પાટણવાડીયા મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# અકીલ મોહંમદે બચાવ્યો એક નાનકડાં બાળકનો જીવ

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

'અમ્મા તું કયાં જાય છે ? અશ્મિલે પુછયું.

બેટા હું નદીએ કપડાં ધોવા જાઉં છું..

મારે પણ સાથેઆવવું છે..

ત્યાં ન અવાય.. તું ઘેર જ રહે.

ના..ના. અમ્મા હું તો તમારી સાથે આવવાનો જ..

સાડા ત્રણ વર્ષના અશ્મીલે પગ પછાડવા માંડયા તે ખુબ જીદી હતો એ વાત તેની માતા જાણતી હતી. તેણે અશ્મિલને સમજાવવાની બહુ કોશીશ કરી પણ તે માન્યો એટલે છેવટે તેને સાથે લીધો.

અશ્મિલની માતાએ કપડાંનું પોટલું માથે ઉપાડયું. તો અશ્મિલે કપડાં ધોવાનો ધોકો પકડી લીધો અને તે સાથે સાથે ચાલવા લાગ્યો.

કેરાલા રાજયમાં વન વિસ્તારમાં આવેલું તેમનું ગામ પઝહર નાનકડું ગામડું હતું. ગામમાં કેટલાક કાચાં પાકાં મકાનો હતા અને જરૂરીયાતની ચીજવસ્તુઓ મળી રહે તે માટેની થોડીક નાની નાની દુકાનો હતી.

ઘેરથી નીકળી અશ્મિલ અને તેની માં નદી તરફ જતાં હતાં. આમ તો તેમનું ગામ નદી કિનારે આવેલ હતું પણ નદી વારંવાર પ્રવાહ બદલતી હતી. થોડાં વર્ષો પુર્વે પુર આવેલું તે પછી નદીનો પ્રવાહ બદલાતાં હવે નદી ગામથી એકાદ કી.મી.દુર વહેતી હતી. માં દિકરો વાતો કરતાં કરતાં નદી તરફ આગળ વધી રહ્યા હતાં. અશ્મિલને નદીનું ખળખળ વહેતું પાણી ખુબ જ ગમતું. તેમજ આજુબાજુનાં વૃક્ષો, વેલાઓ, છોડવાઓ અને પતંગિયા તેમજ પક્ષીઓ પણ તેને જોવાની મજા પડતી તેથી તેની માતા જ્યારે કપડાં ધોવા નદીએ જાય ત્યારે અવારનવાર તે તેની સાથે જતો.

તેઓ હવે ગામની બહાર આવી ગયાં હતાં. તેથી ખેતરમાંથી આવતા જતાં કોઈ કોઈ લોકો સિવાય હવે વધુ લોકો સામે જોવા મળતાં ન હતાં.

'અમ્મા.. અમ્મા.. જો નદી આવી ગઈ..'

હાં બેટા.. ચાલ જરા ઉતાવળો થા..'

અમ્મા.. જો નદીમાં દુર દુર કોઈ હોત પણ તરતી દેખાય છે.. અશ્મિલે કહ્યું..

હાં પણ એ ઘણી દુર છે. સામે કીનારે પહોંચવા આવી છે.. માતાએ કહ્યું.

ચાલતાં ચાલતાં બંને છાલીયાર નદીને કાંઠે આવી ગયા. કપડાં ધોવાનો ધોકો માતાને સોંપી નદીની રેતમાં અશ્મિલ રમવા લાગ્યો. નદીની ભીની રેતમાંથી તે ઘેર બનાવતો હતો.

બીજી તરફ તેની માતાએ મેલાં કપડાનું પોટલું છોડયું અને કપડાં ધોવાનું શરૂ કર્યું. તે કપડાં ધોતી હતી ત્યારે પાણીના છાંટા ઉડતા હતા. તેથી અશ્મિલને તે મજા પડતી હતી. રમવાનું પડતું મુકી તે માતાની પાસે આવ્યો. જોકે તેની માતાનું ધ્યાન તેની તરફ હતું નહીં એ તો કપડાં ધોવામાં મશગુલ હતી. અશ્મીલ નજીક આવી નદીમાં પાણીમાં છબછબીયાં કરવા લાગ્યો. એમ કરતાં અચાનક તેનો પગ લપસ્યો.. તેણે બુમ પાડી...

અમ્મા.. અમ્મા..

અરે અશ્મિલ અશ્મિલને પાણીમાં તણાતો જોઈ તેની માતાના તો હોંશકોશ ઉડી ગયા શું કરવુ તેની તેને કંઈ સમજ પડતી ન હતી.કેમ કે તેને પોતાને તરતાં આવડતું ન હતું. વળી અશ્મિલ તણાઈને જે તરફ જઈ રહ્યો હતો ત્યાં પાણી બાર ફુટ જેટલું ઉંડુ હતું તે વાત તેની માતા જાણતી હતી. તેથી તરતાં ન આવડતું હોય તો પાણીમાં જવામાં પુરૂં જોખમ હતું. અશ્મિલ પાણીના પ્રવાહમાં પાંચ મીટર જેટલો દુર જતો રહ્યો હતો.તેની માતાએ મદદ માટે બુમો પાડવા માંડી..

'દોડો.. દોડો.. કોઈ મારા અશ્મિલને બચાવો..'

અશ્મિલ પણ પાણીના તેજ પ્રવાહને લીધે ગભરાઈ ગયો હતો અને રડવા લાગ્યો હતો પણ હવે થાય શું ?

બચાવો.. બચાવો.. ની બુમો સાંભળી દૂરથી દોડતો દોડતો એક છોકરો આવતો દેખાયો. નજીક આવતાં જોયું તો તે અકીલ મોહંમદ હતો. તેને તરતાં આવડતું હતું.

અકીલે આવતાંવેંત દોડીને સીધી જ પાણીમાં ડાઈવ લગાવી દીધી અને જોત જોતામાં તરતો તરતો અશ્મિલની નજીક પહોંચી ગયો. તેણે અશ્મિલના વાળ પકડી પાડયા. અશ્મિલ તરફડીયાં મારતો હતો. અકીલ તેને ખેંચીને કીનારે લઈ આવ્યો. અકીલની સમયસુચકતા અને હિંમતભર્યા કામને લીધે એક બાળકની જીંદગી બચી ગઈ.

૭ ડીસેમ્બર ૨૦૧૩ નો એ દિવસ હતો. દક્ષિણ ભારતમાં આવેલા કેરળ રાજયના કોઝી-કોડી જિલ્લામાં મવુર તાલુકાના પરૂહુર નામના નાનકડા ગામડામાં બનેલ આ ઘટનાની જાણ અખબારી માધ્યમથી થતાં આસપાસના પંથકમાં અકીલની બહાદુરી અને હિંમતભર્યા પરાક્રમની ચારે તરફ ચર્ચા થવા લાગી. આ વાતની જાણ થતાં અકીલ મહોમ્મદ એન.કે.ને રાષ્ટ્રીય બાળ વીરતા પુરસ્કાર ૨૪ જાન્યુઆરી ૨૦૧૫ ના રોજ દિલ્હી ખાતે એનાયત થયો.

**નટવર હેડાઉ**

# કંગના સાથે કામ કરવા સુશાંત રાજપુત ભારે ઈચ્છુક : રિપોર્ટ

એમએસ ધોની ધ અનટોલ્ડ સ્ટોરી ફિલ્મની સફળતાથી ખુશખુશાળ થયેલા સુશાંત સિંહ રાજપુતે હવે કંગના રાણાવત સાથે કામ કરવા માટે ઈચ્છા વ્યક્ત કરી છે. હાલમાં ચંદા મામા દુર કે ફિલ્મને લઈને નાસામાં ટ્રેનિંગ લઈ ચુકેલા સુશાંતનુ કહેવુ છે કે તે કંગના સાથે કામ કરવા આશાવાદી છે. સુશાંતસિંહે કહ્યુ છે કે તેની ફેવરીટ સ્ટાર તરીકે અનુષ્કા શર્મા છે. તે પીકેમાં તેની સાથે કામ કરી ચુક્યો છે. વર્ષ ૨૦૧૪માં રજૂ થયેલી ક્વીન ફિલ્મ મારફતે તે પોતાને ટોચની અભિનેત્રી હોવાની સાબિતી આપવામાં સફળ રહી હતી. તે હવે આવી જ મોટી ભૂમિકા અદા કરવા માટે તૈયાર છે. કંગના રાણાવતે હાલમાં પોતાની ભુમિકાના કારણે તમામ નિર્માતા નિર્દેશકોને આકર્ષિત કર્યા છે. રાણાવતનુ કહેવુ છે કે તે બોલિવૂડમાં ખુબ મજબુત રીતે આગળ વધવા માંગે છે. તે એવી ફિલ્મોમાં કામ કરવા માંગે છે જે ફિલ્મોને ચાહકો હંમેશા યાદ કરતા રહે. સિનેમાનો એક એવો હિસ્સો તે બનવા માંગે છે જેને ચાહકો ક્યારે પણ ભુલી ન શકે પોતાના પસંદગીના લોકો અંગે વાત કરતા કંગનાનું કહેવું છે કે બોલિવૂડમાં તે આમીર ખાનથી ખુબ જ પ્રભાવિત છે. આમીર ખાનની સાથે કંગના હજુસુધી કોઈ ફિલ્મ કરી શકી નથી. પરંતુ તે આમીર સાથે કામ કરવા ઈચ્છુક છે.

કંગનાની મિત્રતા સલમાન ખાન સાથે પણ જાણીતી રહી છે. તે સલમાન સાથે પણ ફિલ્મ કરનાર છે તેવી બાબતો સતત સપાટી પર આવતી રહી છે. પોતાના સ્વભાવના કારણે તે લોકપ્રિય છે. કંગના હાલમાં બે ફિલ્મમાં કામ કરી રહી છે. જેમાં સિમરન અને રાની લક્ષ્મીબાઈ ફિલ્મનો સમાવેશ થાય છે. લક્ષ્મીબાઈ ફિલ્મ માટે તે તલવાર બાજી પણ શિખી ચુકી છે. સુશાંત નાસામાં ટ્રેનિંગ લીધા બાદ કહી રહ્યો છેકે નિષ્ણાંતો સાથે ટ્રેનમિંગ લેવાનો તેનવો અનુભવ ખુબ શાનદાર રહ્યો છે.

# ભાજપ અધ્યક્ષ અમિત શાહની વિચારસરણી ડિસેમ્બરમાં રંગ લાવશે તેમાં બે મત નથી

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી



રાજયસભાની ચૂંટણીમાં અપેક્ષાથી વિપરીત પરિણામો આવ્યા પછી ભાજપના કાર્યકરોને પ્રોત્સાહીત કરતાં અમીત શાહે કાર્યકરોને આહવાન કર્યું હતું કે ડીસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. આ ચૂંટણીમાં હવે તમામ ભાજપના કાર્યકરોએ પરીશ્રમની પરાકાષ્ટાએ હજી તે ૧૫૦ પ્લસ બેઠકમાં ટાર્ગેટ સિદ્ધ કરવાનો રહેશે. જેથી ભવિષ્યમાં રાજયસભાની બેઠક આવા એક બે મતથી ગુમાવવી ન પડે.

લક્ષ્ય પાર પાડીશું તો રાજયસભાની એકેય બેઠક ગુમાવવી ન પડે. .ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહની વિચારસરણી ખુબ જ ઉંચી કક્ષાની છે અને તેમની આ વિચારસરણી આગામી ડીસેમ્બરમાં રંગ લાવશે તેમાં બે મત નથી.

રાજયસભાના સભ્યો તરીકે ચૂંટાયેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ અને કેન્દ્રીય કાપડ મંત્રી સ્મૃતિ ઈરાનીનું પ્રદેશ કાર્યાલય 'શ્રીકમલમ્' ખાતે ભવ્યાતિભવ્ય સન્માન કરવામાં આવેલ. આમ જોવા જઈએ તો

હકીકતમાં જોવા જઈએ તો ગુ-જરાતમાં ભાજપના શાસનથી જ વિકાસની નવી ઉંચાઈઓ સર થઈ છે. વિશેષ કરીને નરેન્દ્ર મોદીના તેર વર્ષના કાર્યકાળમાં ગરીબો, ખેડૂતો, ઓબીસી મહિલાઓ, યુવાનો સહિત સમાજના તમામ વર્ગ માટે યોજનાઓ અને કાર્યક્રમો સાકાર કરવામાં આવ્યા હતા.

આજે દેશની જનતાએ નરેન્દ્રભાઈને દેશનું સુકાન સોંપ્યું છે. હવે વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈએ નર્મદા યોજનાને પૂર્ણ કરી છે. ડેમના દરવાજા બંધ થતાં તેનું પાણી ગુજરાતના જ ખેડૂતો, ગામો, નગરો, શહેરોને મળવાનું છે ત્યારે હવે આ નર્મદા યોજનાના ખાત મુહુર્તથી લઈને આજે ડેમના દરવાજા બંધ થયા ત્યાં સુધી જુદી જુદી રીતે તેને અવરોધનાર કોંગ્રેસને વિધાનસભાની ચૂંટણીમાં બરાબર જવાબ આપવાનો છે. વર્તમાન સંજોગોમાં કોંગ્રેસ તૂટી રહી છે. એનું કારણ એનું નેતૃત્વ છે. હકીકતમાં કોઈ સક્ષમ નેતા હવે આ પક્ષમાં રહ્યા નથી. પક્ષ પ્રમુખ સોનિયા ગાંધી મહેનતુ છે પરંતુ તેમને કોઈ સાથ મળે તેવા કોઈ નેતા નથી. રાહુલ ગાંધી ભરોસામંદ નથી તેવો કોંગ્રેસની નાવને છેક કીનારે સુધી પહોંચાડી શકે તેમ નથી. મઝધારે જ નાવને ડુબાડીને મુકશે તેવું જણાય છે.

ગુજરાત સહિત દેશભરમાં ઓબીસી સમાજના કલ્યાણ માટે પોલીસી કમીશનને બંધારણીય દરજ્જો આપવા માટે ખાસ બીલ

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**ગુજરાતમાંથી નરેન્દ્ર મોદીના ૧૩ વર્ષના શાસનમાં વિકાસ કાર્યક્રમો સાકાર થયા હતા**

# બ્લડપ્રેશર માપતા કોમ્પ્યુટરો

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

લોહીના ઊંચા દબાણમાંથી જતે દહાડે હૃદયરોગ જન્મે છે અને ઘણી વાર આ પરિસ્થિતિ માનવીને મૃત્યુ સમીપ લઈ જાય છે. વધુ પડતું દબાણ મૂત્રપીંડને પણ નુકશાન કરે છે તો કયારેક લકવાનો હુમલો પણ થાય છે. આમ છતાં કેટલીક વાર લોહીના દબાણ વધવાનો ખ્યાલ તત્કાલ આવી શકતો નથી અને જ્યારે ખબર પડે છે ત્યારે ઘણું જ મોડું થઈ ગયું હોય છે.

આપણે ત્યાં ઘણાં ઓછા લોકો નિયમિતપણે પોતાની તબીબી તપાસ કરાવે છે પરંતુ તંદુરસ્તી વિશે અમેરીકાના લોકો કેટલા જાગૃત છે તેનો ખ્યાલ અમેરીકન હાર્ટ એસોસીએશન આપેછે. આ એસોસીએશનના કહેવાથી અડધો અડધ અમેરીકનોને લોહીના ઉંચા દબાણ વિશે કોઈ પ્રકારની માહિતી હોતી નથી. તેઓ સારવાર લેવી તો એક બાજુ રહી પરંતુ આ ગાફેલીયતના કારણે ઊંચુ દબાણ એટલે કે હાઈપરટેન્શન ત્યાંનો પ્રથમ નંબરનો જીવલેણ રોગ સાબિત થયો છે. અમેરીકામાં દર વર્ષે કેન્સર અને માર્ગ અકસ્માતમાં જેટલા વ્યક્તિઓ મૃત્યુ પામતા નથી એના કરતાં પણ વધુ લોકો હાઈપર ટેન્શનના ભોગ બનીને મૃત્યુ પામે છે. સામાન્ય રીતે લોહીના દબાણને (બ્લડપ્રેશર)માપવાને માટે ડોકટરની મદદ લેવી પડે છે. અમેરીકન સરકારે આળસુ સ્ત્રી પુરૂષોને માટે એક નવી તરકીબ મુકી છે. આપણે ત્યાં રેલ્વે સ્ટેશનો પર જેમ વજન કરવાને માટે વિવિધ યંત્રો ગોઠવ્યા છે તેવાં જ અવનવાં યંત્રો અમેરીકામાં વ્યક્તિના ઉભા ઉભા બ્લડપ્રેશર માપી શકે તેવા યંત્રો ઠેર ઠેર ગોઠવેલા છે.

દરેક યંત્રો સ્વયં સંચાલિત હોય છે. માત્ર એક જ મીનીટમાં સાચી રીતે માનવીના લોહીનું દબાણ કહી આપે છે. આ યંત્રમાં બહારની તરફ એક કેનવાસનું ગાળીયું હોય છે જે વ્યક્તિ આ યંત્રનો ઉપયોગ કરવા માંગતો હોય તો તે વ્યકિતએ પોતાનો હાથ આ ગાળીયામાં પરોવી દે છે. ત્યાર બાદ ૫૦ સેન્ટનો સિક્કો મશીનમાં નાખે એટલે આપોઆપ કોમ્પ્યુટર તે વ્યક્તિના લોહીના દબાણને માપીને વિસ્તૃત માહિતી રજુ કરે છે.થોડીક જ સેકન્ડમાં લોહીનું દબાણ કેટલું છે તે દર્શાવતા આંકડા કોમ્પ્યુટરની સ્ક્રીન પર ચમકી ઉઠે છે. જો તે સમયે તે વ્યક્તિના લોહીનું દબાણ વધુ હોય તો કોમ્પ્યુટરની પેનલ પર લાલબત્તી ઝળકી ઉઠે છે. જેથી તે વ્યક્તિ સાવચેત થઈ જાય છે.

આવા અનેક કોમ્પ્યુટરો દ્વારા બ્લડપ્રેશરની તપાસ કરવા અમેરીકાના અનેક નાના મોટા શહેરોમાં અવનવા યંત્રો ગોઠવ્યા બાદ લાખો અમેરીકનોને ખ્યાલ આવ્યો કે તેઓ હાઈપરટેન્શનથી પીડાય છે. પરિણામ સ્વરૂપે અનેક અમેરીકનોએ તબીબી સારવાર લેવાનાં પગલાં લીધા અને થોડા વર્ષો પહેલાં ત્યાં હાઈપર ટેન્શનથી મૃત્યુ પામનાર લોકોમાં ઘટાડો નોંધાયેલો જોવા મળેલો.

**કમલેશ કંસારા**

## ગોરખપુર કાંડ..

પાના નં.૧ ચાલુ

આમાથી કેટલાક મોત એઈએસ, ઈન્ફેક્શન, લીવર ફેઈલ થઇ જવાના કારણે થયા છે. સિદ્ધાર્થનાથે કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશની સંવેદનશીલ સરકાર છે. ગેસ પુરવઠો ખોરવાઈ જવાના મામલામાં પણ તપાસ ચાલી રહી છે. મુખ્ય સચિવના નેતૃત્વમાં એક તપાસ ટીમની રચના કરાઈ છે. જે કંઇ પણ દોષિત આવશેતેને છોડવામાં આવશે નહીં. છેલ્લા ૪૮ કલાકના ગાળામા ંજ ૫૪ લોકોના મોત બાદ સામાન્ય લોકોમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. તપાસના આદેશ જારી કરવામાં આવ્યા બાદ તપાસ કરવામાં આવી રહી છે. મૃત્યુ પામેલાઓમાં ૩૬ બાળકોનો સમાવેશ થાય છે. એમ કહેવામાં આવી રહ્યુ છે કે આ તમામના મોત લિક્વિડ ઓક્સીજનના કારણે થયા છે. અલબત્ત યુપીમાં યોગી આદિત્યનાથ સરકાર આ હેવાલને રદિયો આપી રહી છે. મોટી સંખ્યામાં મોત બાદ સરકાર પણ હચમચી ઉઠી છે. મળેલી માહિતી મુજબ યોગી આદિત્યનાથના ગૃહ નગરમાં આ મેડિકલ કોલેજ હોસ્પિટલ આવેલી છે. જેથી સામાન્ય લોકોમાં સરકારની પ્રતિષ્ઠાન વધારે ફટકો પડ્યો છે. વિરોધ પક્ષો હવે તપાસની માંગ કરી રહ્યા છે. દોષિતો સામે પગલા લેવાની માંગ ઉઠી રહી છે. સંબંધિત વોર્ડમાં ૧૬ ઓકસીજન હતા જે કલાકોના ગાળામા ંજ ખતમ થઇ ગયા હતા. ત્યારબાદતબીબો અને સ્ટાફે સિલિન્ડર માટે ભારે ભાગદોડ કરી હતી. આવી સ્થિતામાં પરિસ્થિતી વણસી ગઇ હતી. જાપાની તાપની બહાર પરિવારના સભ્યો નિસહાય સ્થિતીમાં દેખાયા હતા. મેડિકલ કોલેજના જાપાની વોર્ડમાં સૌથી પહેલા લિક્વિડ ઓક્સીજનની કમીના કારણે ચાર બાળકોના મોત થઇ ગયાહતા. મોડેથી મોતનો ખેલ ચાલતો રહ્યો હતો. ગંભીર દર્દીઓની સ્થિતીને ધ્યાનમાં લઇને ઓક્સીજન સિલિન્ડર લગાવવાની કામગીરીમાં વિલંબ થયો હતો. સમગ્ર મામલામાં તપાસ ચાલી રહી છે. કેટલીક ચોંકાવનારી વિગત ખુલે તેવી શક્યતા દેખાઇ રહી છે.

## દીઓદર તાલુકામાં ..

પાના નં.૧ ચાલુ

પણ દેખાઈ રહી છે. આ ગામના અનિલભાઈ પીરાભાઈ બારોટ તથા ગામના સરપંચ સ્વામી વાઘાભાઈરાયાભાઈ પરમાર પણ સ્વાઈન ફ્લૂની અસરમાં આવી જતાં ધારપુર (પાટણ) સારવાર અર્થે ખસેડાયેલ છે.

આમ દીઓદર તાલુકામાં સ્વાઈન ફ્લૂ થી બે - બે વ્યક્તિઓ મોતને ભેટી છે અને બે વ્યક્તિઓ સારવાર હેઠળ છે છતાં તંત્ર દ્વારા તાલુકામાં આરોગ્ય લક્ષી કોઈ પગલાં ન લેવાતાં લોકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

## પાલનપુર ખાતે ..

પાના નં.૧ ચાલુ

કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે પૂરમાં સપંર્ક વિહોણા બનતાં ગામોને જોડવા બ્રિજ અને પુલ-પુલીયા બનાવાશે. ધાનેરાને સાફ-સુથરું બનાવવા બદલ મંત્રીએ સુરત વહીવટીતંત્રની કામગીરીને બિરદાવી હતી. તેમણે કહ્યું કે ધાનેરા ખાતે જિલ્લાકક્ષાના સ્વાંત્ર્ય પર્વની ભવ્યાંતિભવ્ય ઉજવણી કરવામાં આવશે. બેઠકમાં બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી દિલીપ રાણાએ માહિતી આપતાં જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લામાં કુલ-૬૧ માનવ મૃત્યુ નોંધાયા છે. તેમાંથી ૫૨ કેસોમાં સહાય ચુકવી દેવામાં આવી છે અને બાકીના કિસ્સામાં વારસદારોની ઓળખ કરી ચુકવણું કરવામાં આવશે. જિલ્લામાં કુલ ૪૦૮ ટીમો ધ્વારા ૧૦,૬૯,૨૦૮ અસરગ્રસ્તોને કુલ રૂ. ૫૮.૬૦ કરોડ કેશડોલ સહાય અને ૫,૫૫,૫૩ કુંટુંબોને રૂ. ૩૪.૨૧ કરોડની ઘરવખરી સહાય ચુકવવામાં આવી છે. જિલ્લામાં કુલ-૧૨,૫૦૪ પશુ મૃત્યુ નોંધાયા છે તે પૈકી ૬,૪૨૪ કેસમાં કુલ-૧૪.૬૮ કરોડની સહાય ચુકવવામાં આવી છે. તેમણે કહ્યું કે જિલ્?લાના તમામ ગામો અને શહેરોમાં વીજ પુરવઠો, એસ.ટી.ની ટ્રીપો નિયમિત રીતે ચાલુ છે. સમગ્ર જિલ્લામાં ૬૯,૨૩૮ રાશન કીટોનું વિતરણ કરવામાં આવ્યું છે. પૂરથી અસરગ્રસ્ત તમામ રસ્તાઓ ચાલુ થઇ ગયા છે. કલેકટરએ કહ્યું કે ધાનેરા શહેરમાં ૧૭૫૦ દુકાનો અને લારીગલ્લાની વિડીયોગ્રાફી પૂર્ણ કરી દેવામાં આવી છે. તેમણે કહ્યું કે ગ્રામ્ય વિસ્તારમાં કુલ-૯૫૨૧ કાચા-પાકા મકાનોનો નુકશાનીનો સર્વે કરી ૨૭૧ કેસોમાં રૂ.૨૪.૧૯ લાખની સહાય ચુકવી છે. અને શહેરી વિસ્તારમાં કુલ-૧૪૧૨ કાચા-પાકા મકાનો-ઝુંપડાઓનો સર્વે કરી ૧૩૦૧ કેસમાં રૂા.૧૭૩.૫૧ લાખનું ચુકવણું કરવામાં આવ્યું છે. પાક નુકશાનીના સર્વે માટે ૧૨૭ ટીમો ધ્વારા આજદિન સુધીમાં ૯૪૭ ગામોમાં ૧,૬૫,૩૬૦ ખેડુતોની ૧,૬૭,૩૧૦ હેકટર જમીનમાં સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જમીન ધોવાણ સર્વે કામગીરી અંતર્ગત ૨૨૬ ગામોમાં ૧૮૪૭૯ ખેડુતોની ૩૦૮૨૯.૪૦ હેકટર જમીનની સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. કલેકટરએ કહ્યું કે બનાસકાંઠાના નીચાણવાળા વિસ્તારોના ગામોને નવેસરથી વસાવવાનું આયોજન કરવામાં

આવી રહ્યું છે.

પાટણ જિલ્લા કલેકટર આનંદ પટેલે માહિતી આપતાં જણાવ્યું કે પાટણ જિલ્લામાં કુલ-૭ માનવમૃત્યુ નોંધાયા છે. તેમાંથી ૪ કેસોમાં સહાય ચુકવી દેવામાં આવી છે. જિલ્લામાં કુલ ૨,૩૯,૦૯૫ અસરગ્રસ્તોને કુલ રૂા.૧૩.૧૯ કરોડ કેશડોલ સહાય અને ૧૬,૪૫૮ કુંટુંબોને રૂ. ૧૧.૫૨ કરોડની ઘરવખરી સહાય ચુકવવામાં આવી છે. જિલ્લામાં કુલ-૧૪૯૩ પશુ મૃત્યુ નોંધાયા છે તેમાં કુલ-૩૦૫.૮૫ લાખની સહાય ચુકવવામાં આવી છે. તેમણે કહ્યું કે કાચા-પાકા મકાનો ૩૮૧૯ મકાનોનો સર્વે કરી રૂ. ૨૭૮.૬૬ લાખની સહાય ચુકવવામાં આવી છે. પાટણ જિલ્લામાં વીજ પુરવઠો અને એસ.ટી.ની તમામ ટ્રીપો નિયમિત રીતે ચાલુ છે. તેમણે કહ્યું કે પાટણ જિલ્લામાં પાક નુકશાન સર્વે પૂર્ણ કરી દેવામાં આવ્યો છે. આમ સમગ્ર જિલ્લામાં પૂર્વવત સ્થિતિના નિર્માણ માટે તંત્ર ધ્વારા ટીમવર્કથી કામ કરવામાં આવે છે. આ પ્રસંગે ધારાસભ્ય પરબતભાઇ પટેલ, દાંતીવાડા તા.પંચાયત પ્રમુખ ઈશ્વરસિંહ સોલંકી, અગ્રણીઓ સર્વ ઉમેદદાન ગઢવી, ભારતસિંહ ભટેસરીયા, કિર્તીસિંહ વાઘેલા, બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીશ્રી

અમિત અરોરા અને પાટણ ડી.ડી.ઓ. રાજેશ રાજયગુરૂ, પોલીસ અધિક્ષક નિરજ બડગુજર અને અશ્વિન ચૌહાણ સહિત બંન્ને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શરદ યાદવ..

પાના નં.૧ ચાલુ

રાજ્યસભામાં જેડીયુના નેતા તરીકે સિંહના નિમણૂંકની સાથે સંબંધિત પત્ર સુપરત કર્યો હતો. નારાયણે કહ્યું હતું કે, રાજ્યસભામાં અમારા નેતા તરીકે આસીપી સિંહને ચૂંટી કાઢવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશ કેડરના ૧૯૮૪ની બેચના આઈએએસ ઓફિસર સિંહ ૨૦૧૦માં સિવિલ સર્વિસમાં સ્વૈચ્છિકરીતે નિવૃત્ત થયા હતા અને જેડીયુમાં જોડાયા હતા. નીતિશકુમારના નજીકના સાથી તરીકે તેઓ રહેલા છે. પાર્ટી સુત્રોનો દાવો છે કે, વર્ષ ૨૦૧૫માં બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલા તેઓએ જ મહાગઠબંધનની વાત કરીને આરજેડી અને જેડીયુ વચ્ચે મિત્રતા કરવામાં ભૂમિકા ભજવી હતી. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારના નિર્ણયની સામે શરદ યાદવે વાંધો ઉઠાવ્યો હતો. મહાગઠબંધન સાથે છેડો ફાડીને નીતિશકુમારે ભાજપ સાથે મળીને બિહારમાં નવી સરકાર બનાવી હતી.

નીતિશકુમારે શુક્રવારના દિવસે સંસદીય પાર્ટી ગ્રુપમાંથી સાંસદ અલી અનવરને પણ સસ્પેન્ડ કરી દીધા હતા. પૂર્વ ગઠબંધન ભાગીદાર કોંગ્રેસ દ્વારા બોલાવવામાં આવેલી વિરોધ પક્ષોની બેઠકમાં ભાગ લેવા બદલ તેમને સસ્પેન્ડ કરાયા હતા. શુક્રવારના દિવસે નીતિશકુમાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. મહાગઠબંધનમાંથી બહાર નિકળી ગયા બાદ નીતિશકુમાર પ્રથમ વખત દિલ્હી પહોંચ્યા હતા અને ભાજપ પ્રમુખ અમિત શાહને પણ મળ્યા હતા. બીજી બાજુ શરદ યાદવ રાજ્યના લોકોને એકત્રિત કરવાના ઈરાદાથી બિહારને ત્રણ દિવસના પ્રવાસ ઉપર છે. તેઓએ જેડીયુના વડા નીતિશકુમારની રાજકીય ઈચ્છા શક્તિને લઇને આક્ષેપબાજી કરી છે. રાજ્યના ૧૧ કરોડ લોકોની સાથે વિશ્વાસઘાત કરવાનો નીતિશકુમાર ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે. મુઝફ્ફરપુરમાં ગુરુવારના દિવસે જાહેર સભાને સંબોધતા યાદવે કહ્યું હતું કે, મહાગઠબંધન સાથે તેઓ જોડાયેલા છે અને નીતિશકુમારના નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો છે.

## સ્વાઇન ફ્લુનો ..

પાના નં.૧ ચાલુ

રીતે વધી રહી છે. રાજયમાં સૌથી વધુ મોત અત્યાર સુધીમાં રાજકોટ-સૌરાષ્ટ્રમાં ૫૭થી વધુ નોંધાયા છે. આજે પણ અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, કચ્છ-ભુજ, સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં સ્વાઇન ફ્લુ પોઝીટીવના નવા કેસો નોંધાયા હતા. સ્વાઇન ફ્લુના ભયાનક સ્વરૂપને જોતાં આજે રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આજે તમામ જિલ્લા કલેકટરો, મ્યુનિસિપલ કમિશનરો, જિલ્લા વિકાસ અધિકારીઓ અને આરોગ્ય અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ કરી તાજી પરિસ્થિતિ જાણી હતી અને સ્વાઇન ફ્લુની સારવાર અને તેને નિયંત્રણ સંબંધી જરૂરી સૂચનો પણ કર્યા હતા. તો, રાજયના આરોગ્ય પ્રધાન શંકર ચૌધરીએ પણ સ્વાઇન ફ્લુની પૂરતી દવા ઉપલબ્ધ હોવાનો દાવો કર્યો હતો. જો કે, આ તમામ સરકારી દવાઓને સ્વાઇન ફ્લુની રાજયની વાસ્તવિક સ્થિતિ જાણે પોકળ સાબિત કરી રહ્યા છે. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં સ્વાઇન ફ્લુ પોઝીટીવના કેસો અને ટપોટપ મરી રહેલા નાગરિકોના આંક પરથી જ સરકારના દાવા ખુલ્લા પડી જાય છે.

## કેન્ડી ટેસ્ટ મેચ..

પાના નં.૧ ચાલુ

ઉપર એક ઈનિંગ્સ અને ૫૩ રને ભારતે જીત મેળવી હતી. આની સાથે જ ભારતે ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણી ૨-૦થી જીતી લીધી હતી. દુનિયાની નંબર વન ટીમ ભારતે સતત આઠમી શ્રેણી જીતી છે. ૨૦૧૪-૧૫માં ઓસ્ટ્રેલિયાની જમીન પર ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં ૨-૦થી શ્રેણી ગુમાવી દીધા બાદથી ટીમ ઈન્ડિયાએ કોઈપણ ટેસ્ટ શ્રેણી ગુમાવી નથી. ગોલના મેદાન ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે યજમાન શ્રીલંકા પર ૩૦૪ રને ભવ્ય જીત મેળવી હતી. આની સાથે જ ટેસ્ટ શ્રેણીમાં ૧-૦ની મહત્વપૂર્ણ લીડ પણ મેળવી લીધી હતી. મેચના ચોથા દિવસે જ ભારતે આ ટેસ્ટ પોતાના નામ પર કરી હતી. શ્રીલંકાની ટીમ તેના બીજા દાવમાં માત્ર ૨૪૫ રન કરીને ઓલઆઉટ થઇ ગઇ હતી. ઈજાના કારણે બે બેટ્સમેન બેટિંગ કરવા માટે મેદાનમાં આવી શક્યા ન હતા. ત્રણ ટેસ્ટ મેચની શ્રેણી બાદ બન્ને ટીમો વચ્ચે પાંચ વનડે મેચો અને એક ટ્વેન્ટી મેચ રમાનાર છે. ભારતીય ટીમમાં સ્ટાર ખેલાડી શાનાદાર દેખાવ કરવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. પ્રથમ ટેસ્ટમાં જ ભારત તરફથી ત્રણ ખેલાડીઓ સદી કરી હતી. જેમાં શિખર ધવન, ચેતેશ્વર પુજારા અને વિરાટ કોહલીનો સમાવેશ થાય છે. બીજી ટેસ્ટમાં પણ ભારત તરફી ચેતેશ્વર પુજારાએ સદી કરી હતી. રહણેએ પણ સદી કરી હતી. વર્ષ ૨૦૧૫ પહેલા વર્ષે ૨૦૧૦માં રમાયેલી ટેસ્ટ શ્રેણી ૧-૧થી ડ્રોમાં રહી હતી. આ શ્રેણીમાં મુરલીધરણે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ૮૦૦ વિકેટની સિદ્ધી હાંસલ કરી હતી.

## નયા ભારતના ..

પાના નં.૧ ચાલુ

આપતાં ભાજપાના પ્રદેશ પ્રવકતા ભરત પંડ્યાએ જણાવ્યું હતું તા. ૯ ઓગષ્ટ થી ૧૪ ઓગષ્ટ સુધી દરેક મંડલમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ શહીદોની પ્રતિમાઓને ભાજપ દ્વારા પુષ્પાંજલી કરીને મશાલ સરઘસ કાઢવામાં આવશે. દરેક મંડલ સ્તરે મોટર સાઈકલ રેલી દ્વારા ત્રિરંગા યાત્રાનું આયોજન થશે. તા. ૧૪ ઓગષ્ટે આઝાદીની પૂર્વ સંધ્યાએ દેશભક્તિના ગીતોના કાર્યક્રમોનું આયોજન કરશે. તા. ૧૫ ઓગષ્ટે ધ્વજવંદનના કાર્યક્રમો કરવા. આ દિવસે ગંદકી, ભ્રષ્ટાચાર, આતં-કવાદ, જાતિવાદ, સંપ્રદાયવાદ વગેરે દૂર કરવાના સંકલ્પો લેવામાં આવશે. આ મહિના દરમ્યાન સ્વચ્છતા અભિયાન, રક્તદાન કેમ્પ, વૃક્ષારોપણ જેવા સામાજીક સેવાના કાર્યક્રમો ભાજપ દ્વારા કરવામાં આવશે.

પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, ‘‘ભારત જોડો’’ ના આહ્‌વાન સાથે ‘‘નયા ભારત’’ના નિર્માણ માટે ના સમગ્ર કાર્યક્રમો માટે પ્રદેશ પ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં પ્રદેશની એક બેઠક તા. ૧૮ મી ઓગષ્ટ, ૨૦૧૭ના રોજ બપોરે ૩.૦૦ કલાકે ભાજપ પ્રદેશ કાર્યાલય, ‘‘શ્રી કમલમ્‌’’, કોબા, ગાંધીનગાર ખાતે મળશે. તેમાં રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારી ભૂપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી. સતીષજી વગેરેની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ હોદ્દેદારો, પ્રદેશ મોરચાના પ્રમુખો અને જીલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ હાજર રહેશે.

પ્રવકતાએ જણાવ્યુ હતું કે, ૨૦૨૨ના રોજ ૭૫ વર્ષ પૂર્ણ થાય છે, ત્યારે ૨૦૧૭ થી ૨૦૨૨ સુધી ‘‘સંકલ્પ સે સિધ્ધિ’’ સાથે ‘‘નયા ભારત’’ મંથનના ગુજરાતમાં તા. ૩૦ ઓગષ્ટ સુધીમાં ૭-૮ કાર્યક્રમો ગોઠવવામાં આવશે. તેમા કેન્દ્રીય મંત્રીશ્રીઓ અને રાષ્ટ્રીય પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે.

## બનાસકાંઠાની ગ્રામ..

પાના નં.૧ ચાલુ

સરકારના કરોડો રૂપિયાનું આંધણ થવા પામ્યું છે. આ બાબતે ‘રખેવાળ’ ની ટીમે લાખણી તાલુકાના ધુણસોલ ગામની ગ્રામ પંચાયત કચેરીની મુલાકાત લેતા કચેરીને તાળા લાગેલા હતા જે બાબતે તલાટીને પૂછતા સ્ટેશનરી ન હોવાના કારણે કોમ્પ્યુટર બંધ છે. તેમ જણાવ્યું હતું. આવી લગભગ તમામ ગામોની હાલત છે. જેથી ખેડૂતો અને લોકોને દાખલા કે ઉતારા મેળવવા ફરજીયાત તાલુકા મથક સુધી લાંબા થવું પડે છે. જ્યાં પણ ભારે ભીડ કાયમી રહેતી હોવાના કારણે બે-બે દિવસની રઝળપાટ પછી માંડ દાખલા કે ઉતારા મળે છે.

ખેડૂતો અને આમ પ્રજાને પડતી હાડમારીઓને ગંભીરતાથી લઈ જિલ્લા કલેક્ટર સત્વરે આ બાબતે ઘટતા પગલા ભરી સ્ટેશનરી અને ઓપરેટરોની પૂર્તતા કરે તેવો જનમત પ્રવર્તે છે.

## થરાદમાં રેવન્યુ...

પાના નં.૩ ચાલુ

તાજેતરમાં થરાદ તાલુકામાં સર્જાયેલી અતિવૃષ્ટી અને પુરની સ્થિતીમાં રેવન્યુ રેકર્ડ રેવન્યુ તલાટીઓ પાસે હોવા છતાં અને તેઓ પાણીપત્રકની કામગીરી કરતા હોવા છતાં પણ તેઓ ખેડુતોના પાકનુકશાન જમીનધોવાણ જેવી કામગીરીના ફોર્મમાં તેમને આવો કોઇ ઓર્ડર થયો નથી તેમ કહીને ખેડુતોને સહીઓ કરવાની ના પાડતા હતા.આથી તેમના રોષ અને કચવાટની લાગણી ફેલાવા પામી હતી.

વળી મહેસુલી વિભાગ દ્વારા પાકનુકશાનની કામગીરી ખેતીવાડી વિભાગની સાથે અને જમીનધોવાણ જીએલડીસી સાથે મળીને સંયુક્ત રીતે કરવામાં આવતી હોવા છતાં પણ તેઓ કરતા ન હોવાથી પંચાયત વિભાગના તલાટીઓમાં પણ કચવાટ સાથે ધારાસભ્ય પરબતભાઇ પટેલ અને તાલુકાના વહીવટીવિભાગને કરવામાં આવી હતી.જેના પગલે થરાદના મામલતદારે ઉપરોક્ત કામગીરીમાં ગ્રામ્યકક્ષાના રેકર્ડથી ખાત્રી સાથેની કામગીરી કરવા માટે મહેકમના રેવન્યુ તલાટીઓને હુકમ કર્યો હતો.તેમજ રેકર્ડથી ખાત્રી કરી પ્રમાણપત્રો આપવાની તલાટીઓને તેમના સેજામાં સમાવિષ્ટ ગામોમાં કરવાની પણ તાકીદ કરી હતી.આથી તાલુકાની પ્રજામાં પણ આનંદની લાગણી ફેલાવા પામી હતી.અત્રે નોંધનીયછેકે થરાદ તાલુકાના તમામ ૨૫ મહેસુલી તલાટીઓને કામગીરી માટે નાયબકલેક્ટર અને મામલતદાર કચેરીમાં પુરની સરકારી કામગીરી માટે રોકવમાં આવ્યા હતા.

## થરા પોલીસે...

પાના નં.૩ ચાલુ

ટીનાજી મફાજી ઠાકોર, દલપતભાઈ સુરાજી ઠાકોર, શ્રવણજી રામાજી ઠાકોર, હેમજીજી રામસંગજી ઠાકોર તમામ રહે. રૂવેલ તા. કાંકરેજને પકડતા તેમની પાસેથી રૂા. ૧૧૫૩૦/- તથા મોબાઈલ નંગ-૪ કિંમત રૂા. ૫૦૦૦ પ્લાસ્ટિકનું કંતાન-ગંજીપાના મળી કુલ રૂા. ૧૬૫૩૦ ની રોકડ- મુદ્દામાલ જપ્ત કરી પાંચ ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી. થરાનગરમાં અને આસપાસમાં ચાલતા શ્રાવણીયા જુગારના અડ્ડા પકડવામાં પોલીસને કેમ સફળતા મળતી નથી. જે લોકોમાં ચર્ચાનો વિષય છે પોલીસ ખાતું જ કંઈક જવાબ આપી શકે. બાકી બધું ટ્રાફિકજામ જેવું.

## થરાદ - સાંચોર...

પાના નં.૮ ચાલુ

ઈએમટી અમરાભાઇ સ્થળ પર દોડ્યા હતા. પણ યુવકને સીધી રીતે બહાર નિકાળવો મુશ્કેલ હતો.

આથી તેમણે પોલીસને જાણ કરતાં પીએસઆઇ આરજી ચૌધરી અને કાન્તીલાલ પેટ્રોલીંગમાં હોઇ તાબડતોબ દોડી આવ્યા હતા.જેમને ૧૦૮ની ટીમે યુવકના શ્વાસ ચાલુ હોવાનું જણાવતાં પોલીસે બાજુના ગામમાંથી તરત જેસીબી મંગાવી તેની મદદથી ડાલાનો ડ્રાયવર સાઇડનો ભાગ કાપવામાં આવ્યો હતો.અને અડધો કલાક રેસ્કયુ ઓપરેશન હાથ ધરી યુવકને બહાર કાઢી તરત શહેરની જેજે પટેલ હોસ્પીટલમાં લઇ જવામાં આવ્યો હતો.જ્યાં તબીબે ફક્ત ૨૦ મિનીટ લેટ થયા હોતતો યુવકને ન બચાવી શકાયો હોત તેમ જણાવતાં પોલીસ અને ૧૦૮ની ટીમે જહેમત ઉઠાવી હાથ ધરેલા ઓપરેશનની પ્રશંસા થવા પામી હતી.કર્મચારીઓએ પણ એક જીવ બચાવ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો.જોકે ગંભીર ઇજાને કારણે યુવકને પ્રાથમિક બાદ વધુ સારવાર માટે થરાદથી મહેસાણા ખસેડાયો હતો.

## થરાદ તાલુકાનું ...

પાના નં.૮ ચાલુ

આ રેલ નદીમાં તબાહ થયેલા લોઢનોર ગામની જાત તપાસ માટે અને ખેડુતો માથે આવી પડેલી આફતમાં ખબર અંતર પુછવા માટે ગુજરાત સરકારના મંત્રી શંકરભાઇ ચૌધરી, થરાદના ધારાસભ્ય પરબતભાઇ પટેલ અને બનાસકાંઠા જિલ્લા ભાજપ મહામંત્રી રૂપશીભાઇ ચૌધરીએ આવી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. ગામના સરપંચ ધરમશીભાઇ પટેલ સાથે માહિતી મેળવી ગુજરાત સરકારના મંત્રી શંકરભાઇ ચૌધરીએ સરકાર તરફથી ત્વરિત પગલાંભરી તમામ મદદની ખાત્રી આપી હતી. સરપંચ સાથે ગામ લોકોના સહયોગથી રેલ નદીના વહેણને કાયમી ઉકેલ માટે સહકારની અપેક્ષાએ કામ કરવાનું માર્ગદર્શન આપ્યું હતું. ગામ લોકો પણ તેમની વાતને સહયોગ આપવા તત્પરતા દાખવી હતી.

## વડગામના સેંભર..

પાના નં.૮ ચાલુ

સવા લાખ નાગની આકૃતિવાળુ આ પ્રથમ મંદિર છે. અરવલ્લીની ગિરીકંદરાઓમાં, લોકમાતા દર્શન કરી યાત્રિકો ધન્યતા અનુભવે છે. ગુજરાત એસટી વિભાગના ખેરાલુ-સિધ્ધપુર- પાલનપુર ડેપો દ્વારા મેળાની સ્પેશ્યલ બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉપરાંત મંદિર ટ્રસ્ટ દ્વારા ભોજન પ્રસાદી, ચા-પાણી- વિસામો સહિત તમામ પ્રાથમિક સગવડો કાર્યરત હતી. વડગામ પોલીસ હોમગાર્ડઝ યુનિટ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## મહિલાઓના ચોટલા ...

પાના નં.૮ ચાલુ

હોય છે. જેમાં મુખ્યત્વે મહિલાઓ જ તેમનો ઝડપભેર શિકાર બને છે. ત્યારે શિક્ષિતવર્ગ સમાજે આવા લોકોની વહારે આવવું જોઈએ. હમણાંથી આ અફવા પર ભારે કોમેન્ટ- વૉટસઅપ ફેસબુકને અન્ય માધ્યમો થકી થઈ રહી છે. જિલ્લા પોલીસ વડાઓ કલેક્ટર તથા શિક્ષિત વ્યક્તિઓએ જાગૃતિ બતાવી આવા અફવાબાજોને પકડવા સક્રિય બનવું જોઈએ ને જયાં આ પ્રકારનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હોય ત્યાં સત્ય હકીકતનો પર્દાભાષ થશે તો જ આવા લોકોની વૃત્તિ ઠેકાણે આવશે. તેવો એક મત છે.

મહિલાના ચોટલા કાપવાની ઘટનાએ ગુજરાતના શૈક્ષણિક પછાત એવા બનાસકાંઠા- પાટણના પશ્ચિમ વિસ્તાર, સાબરકાંઠા જિલ્લામાં દહેશતનો માહોલ ઉભો કર્યો છે. ત્યારે કોમેન્ટ કર્તાઓએ મહિલાઓના અંબોડે તાળુ મારવું... લીંબુ મરચાંની માળા પહેરવી. બંગાળી ટાઈપ સાડી પહેરી પાછળ તાળુ લગાવવું. રાત્રે મહિલાઓએ સુતી વખતે હેલમેટ પહેરીને જ સુઈ રહેવું વગેરે વગેરે અહી પ્રસ્તુત એક ફોટોગ્રાફીમાં કપાયેલા ચોટલાઓને ત્યારબાદ ચોટલા માટે મહિલાઓએ કેવી રીતે સુરક્ષિત બનવું તે બતાવ્યું છે. આ કોમેન્ટ છે બાકી શિક્ષિત વર્ગ જાગૃત બની પોતાની આસપાસમાં આવી અફવાને ઈંધણ ન મળે તેવા પ્રયત્નો ચોક્કસ કરવા જોઈએ. જન્મ- મૃત્યુ એ કુદરતની ઘટમાળ છે તે બાબતે ક્યારેય શંકા ન કરવી જોઈએ. આવા તત્વો કોઈ કંઈ બગાડી શકતા નથી તે સમજવું જોઈએ.

## જેણે ગરીબોના..

પાના નં.૮ ચાલુ

કરવાની પણ હૈયાધારણા આપી છે. અલ્પેશ ઠાકોરે જનસભાને સંબોધતા જણાવ્યુ હતુ કે સરકારને વંદન કરૂ છું. પણ ક્યાંક ગોટાળા થઈ ગયા છે. સરકારે જાગૃત થવાની જરૂર છે. ગોટાળામાં ગરીબોના પૈસા ખવાઈ રહ્યા છે. સરકારે ગરીબોના પૈસા અપાવવાની જરૂર છે. હું બે દિવસ અહી ગામડાઓમાં જ ફરવાનો છું અને તા. ૧૮ ના રોજ સર્વે કરવાનું છે અને સર્વે બાદ જોઉ છું તમારા પૈસા કોણ ખાય છે, અને તમને કોણ અન્યાય કરે છે? જેણે પૈસા ખાધા હશે તેના પેટમાંથી પૈસા કઢાવતા અલ્પેશ ઠાકોરને આવડે છે.

આ પ્રસંગે ડૉ.ગોવિંદભાઈ ઠાકોર, દેવરાજજી ઠાકોર, વિષ્ણુજી ઠાકોર, પ્રહલાદજી ઠાકોર, રમેશજી ઠાકોર સહિત ઉપસ્થિત રહ્યા હતા.

## રામપુરામાં કેશડોલ...

પાના નં.૮ ચાલુ

ફાળવાઈ છે.જે સહાયનું વહીવટીતંત્ર દ્વારા પુરજોશમાં વિતરણ થઈ રહ્યુ છે.પરંતુ અનેક ગામોમાં વિતરણમાં ભય વગરનો ભ્રષ્ટાચાર આચરાતો હોવાથી બુમરાડો ઉઠવા પામી છે.ત્યારે રામપુરા ગામે પણ પુરથી સર્જાયેલી અતિવૃષ્ટિથી ખેતીની જમીન ધોવાણ અને પાક નિષ્ફળ જતા ખેડૂતોને મોટું આર્થિક નુકશાન થયું છે.પરંતુ સરપંચ અને તલાટીએ સાંઠગાંઠ રચી તેમના મળતીયાઓને કેશડોલનું વિતરણ કરી દીધું છે જ્યારે સાચા ૫૦ ટકા જેટલા અસરગ્રસ્તો સહાયથી વંચિત રહી ગયા છે.તેથી સહાયથી વંચિત લોકોએ તાલુકા પંચાયતથી માંડી મુખ્યમંત્રી સુધી રજૂઆતો કરી જણાવ્યું હતુ કે અમો ગરીબ ખેડૂતો અને મજૂર વર્ગના લોકોને પુરમાં ઘણું નુકશાન થયું છે.તેમ છતાં સહાય ચુકવવામાં વ્હાલા-દવાલાની નીતી અપનાવી અમોને હળાહળ અન્યાય કરાયો છે.તેની સાચી તપાસ કરી સત્વરે સહાય ચુકવવાની માંગ કરી હતી.

જિલ્લા કલેક્ટર પુર અસરગ્રસ્તોની વ્યાજબી રજૂઆતને ગંભીરતાથી લઈ સત્વરે ઘટતા પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

# વાવ તાલુકાના ઢીમામાં છેલ્લા બે દિવસથી વિજપુરવઠો બંધ

પ્રતિનિધિ ઢીમા

યાત્રાધામ ઢીમાનો સમાવેશ જ્યોતિ ગ્રામમાં હોવા છતાં ઢીમાં ગામમાં છેલ્લા બે દિવસથી વિજપુરવઠો મળતો નથી. ગ્રામજનો દ્વારા અનેકવાર તંત્રને રજુઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. જોકે ઢીમાનાં મોટા ભાગના ગ્રામજનો ખેતરોમાં રહે છે. ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા ખેતરોમાં ખેડૂતોને મીટરો ફાળવવામાં આવેલ છે. જોકે ખેતરોમાં પણ છેલ્લા ચાર દિવસથી વીજપુરવઠો મળતો નથી. અત્યારે ચોમાસાની ઋતુ અને બનાસકાંઠામાં આવેલા પૂરના કારણે ઢીમા ગામની અંદર ચારે બાજુ પાણી પાણી થઈ ગયું છે. જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે. અને વીજ કંપની દ્વારા વીજ પુરવઠો છેલ્લા બે દિવસથી ચાલુ કરવામાં ન આવતા ગ્રામજનો પરેશાન થઈ ઉઠ્યા છે. તો વીજ પુરવઠો ઢીમામાં સત્વરે ચાલુ કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે.

## કંઈક નરમ ગરમ

### અનુસંધાન પાના નં.૫ નું ચાલું

પોલીસ આગળ કોઈ ગુંડા આગળ.. સામાજીક કાર્યકર આગળ.. પત્રકાર આગળ પણ કયારેય મગજમારી કરવી નહીં. આપણે ઉત્સવ પ્રીય છીએ મન મોટું રાખીને જવા દેવું.

હમણાં વર્લ્ડ હેરીટેજમાં અમદાવાદનું નામ આવ્યું અને ઉત્સવઘેલા સૌ બહારે આવી ગયા. કોઈકે કેક કાપી તો કોઈએ પેંડા વહેંચ્યા. કોઈ એકબીજાના ગળે મળ્યા.. ફટાકડા ન ફુટે એ કેમ ચાલે ? કયાંક રોશની થઈ આહાહા..હા.. જાણે એવો માહોલ થયો કે અમદાવાદ બધા નાગરીકો ઈંગ્લેન્ડની રૂપાળી છોકરીઓ સાથે લગ્ન કરીને દહેજમાં એક એક કરોડ લઈ આવ્યા પણ..

પણ વાત અમદાવાદને વિશ્વ ધરોહરમાં સ્થાન મળ્યું. સાચું ખોટું રામ જાણે પણ ફટાકડા ફોડતા.. ગુલાલની છોળો ઉડાડતાં મેં જોયા.. અરે મીઠાઈ ખાતા.. ડીજેના તાલ નાચતાં જોયું.

ઉત્સવ ઘેલા લોકો છે એ નક્કી એક જગ્યાએ નાચા નાચ મંડી હતી. મને થયું ગુજરાતમાં ગુજરાતણો એ જેમ નામ કાઢયું છે એમ આ..

ત્યાં તો એક જણાએ કહ્યું અંકલ જોઈ શું રહ્યા છો જોડાઈ જાવ.. પણ જ્યાં હું સગાં છોકરાના સાળીના લગ્ન પ્રસંગે નાચ્યો નથી ત્યાં અમદાવાદના હેરીટેઝ પ્રસંગે નાચવાનો હતો. રામ રામ કરો ભાઈ.. ત્યાં તો એક જણાએ મને રીતસરનો ખેંચીને કહ્યું, યુવાનો તો સદાય નાચતા હોય છે પણ કાકાઓ નાચતા નથી. ચાલો નાચો.. અને અમદાવાદના પ્રસંગે એક હાથ આમ કર્યો.. પગ આમ કર્યો અને થોડુંક નાચી લીધું. અમદાવાદ તારા નામ પર પણ..

પણ.. અમદાવાદના નામ પર ખુશ થઈને નચાય એવું નથી. એ નક્કી ઠીક છે વર્લ્ડ ધરોહરમાં એનું નામ કંઈક આવ્યું હોય પણ અમદાવાદનું નામ.. શામાં શામાં આવે એ આ ઉત્સવ પ્રીયા પ્રજા તો જાણે છે. કદાચ નેતાઓ નહીં જાણતા હોય કે શું એ પ્રશ્ન છે ?

ગંદકીમાં નંબર વન છે દર પંદર કે વીસ ડગ કાપો તો નાનો ઉકરડો હોય જ.. અને ખાડાઓની તો વાત જ શું કરવી ? એમાં કંઈ કેટલાયના અંગ ભંગ થતાં હશે વાહન પણ તુટતાં હશે અને કુતરાંનો ફુલટાઈમ ત્રાસ. અરે.. અરે જેના માથે ટ્રાફિકની જવાબદારી છે એવા ખાં સાહેબો.. મેમા માસ્તરો ખરે ટાણે જ ખોવાઈ જાય છે. આ બધીય વિગતોનો કાચો પાકો ચિક્કો મોકલો પછી વર્લ્ડ હેરીટેઝમાં સ્થાનનો આનંદ લો.

વિશ્વના અન્ય શિસ્તબદ્ધ શહેર જુવો ત્યાંની વ્યવસ્થા જુઓ. ઉત્સવ પ્રિય પ્રજા તો ભલે પછી શીખે પણ જે ટોચ પર બેઠા છે એમને ખાસ શીખવા જેવું છે. વિદેશી યાત્રીઓ આવે છે ત્યારે લીલા પડદા શું કામ ભરવા-લગાવવામાં આવે છે ? પહેલાં બરાબરની સફાઈનો મર્મ શીખો, ઉત્સવ પ્રીયો.. પછી જ ખોટા ખેલ તમાશા કરો.. ઘરમાં કુલ્લે તેલ નથી અને તાજમહાલ બનાવવો છે .. હેં મારા દેશના બુડથલો..

સબકો સંમતિ દે.. ભગવાન.

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## દ્રષ્ટીકોણ..

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

વડાપ્રધાન મોદીએ બહુમતીથી પસાર કરાવ્યું પરંતુ કોંગ્રેસે રાજયસભામાં તેને અવરોધતાં આ બિલ બિનઉપયોગી થઈ પડયું છે ત્યારે હવે જનતાએ જ કોંગ્રેસ પાસે એનો જવાબ માગવાનો છે.

રાજયસભાની ચૂંટણીમાં ભાજપે એવી ગણતરી મુકી હતી કે રાજયસભાની ચૂંટણીમાં આંકડાકીય ગણિત મુજબ વિધાનસભામાં ૧૭૩ ધારાસભ્યો છે તેમાં ભાજપના ૧૨૧ મત છે. એક ધારાસભ્યનું મૂલ્ય ૧૦૦ ગણાય તે જોતાં જે ઉમેદવારોને ૪૪ એકડા મળે તે વિજેતા બને. ભાજપના ગણીત મુજબ અમીત શાહને ૪૬ એકડા, સ્મૃતિ ઈરાનીને ૪૫ એકડા મળે અને બાકી રહેલા ૩૦ એકડા બવલંતસીંહને મળે. ભાજપના દાવા સાથેના ૭ ની ગણતરી કરતાં ૩૦+૧૨ એટલે ૪૨ એકડા બલવંતસિંહ રાજપુતને મળે છે. અમીતશાહને મળનાર ૪૬૦માંથી જીત માટેના ૪૪૦૧ મત બાદ કરતાં ૧૯૯ મત વધે તે રીતે સ્મૃતિ ઈરાનીને ૪૫૦૦ મતમાંથી ૪૪૦૧ બાદ કરવામાં આવે તો ૯૯ મત વધે. આમ અમીત શાહના અને સ્મૃતિના ૯૯ મત ગણાય. કુલ ૧૯૮ મત વધે તે મત બલવંતસિંહને મળતાં ૪૨૦૦ માં ૨૯૮ મત ઉમેરવામાં આવે તો ૪૪૯૮ મત બલવંતસિંહને મળે. તેમાંથી જીત માટે ૪૪૦૧ મત બાદ કરવામાં આવે તો ભાજપને ૯૭૫ વધારાના મળે. આમ ભાજપના ત્રણે ઉમેદવારોએ વિજેતા સતત પરંતુ ચૂંટણી પંચે બે મત રદ કરતાં સમગ્ર રાજકીય ગણિત બદલાયું છે. આમ ભાજપ કેમ્પમાં માસુમી છવાઈ ગઈ હતી. જોકે ગુજરાત વિધાનસભાની ચૂંટણી નર્મદા યોજનાના મુદ્દે લડવાનો ભાજપે નિર્ધાર કર્યો છે અને એ નિર્ધાર મહત્વનો સાબીત થશે.

# હવે સુનિલ દત્તની અમ્રપાલી ફિલ્મની રિમેકની તૈયારીઓ

વર્ષ ૧૯૬૬માં બનેલી સુનિલ દત્ત અને વૈજયંતિ માલા અભિનિત ફિલ્મ અમ્રપાલીની રિમેક બનાવવાની તૈયારી હવે શરૂ કરવામાં આવી ચુકી છે. આ ફિલ્મનુ શુટિંગ ટુંક સમયમાં જ શરૂ કરવામાં આવનાર છે. દક્ષિણ ભારતની અભિનેત્રી જિનાલ પંડ્યા આ ફિલ્મમાં અભિનેત્રી તરીકેની ભૂમિકા અદા કરનાર છે. હવે એવુ જાણવા મળ્યુ છે કે ફિલ્મના નિર્માતાઓએ ફિલ્મમાં સંજયદત્તને લેવાનો નિર્ણય કર્યો છે. જે મોટી ભૂમિકા અદા કરનાર છે. આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા લોકોનુ કહેવુ છે કે ગયા વર્ષે જ જિનાલ સાથે સંબંધિત કેટલીક બાબતોને પૂર્ણ કરી લેવામાં આવી છે. સંજય દત્ત પહેલથી જ આ પ્રોજેક્ટને લઈને લીલીઝંડી આપી ચુક્યો છે. ફિલ્મના નિર્માતા સંજયદત્ત જેલની અવધિ પૂર્ણ કરીને બહાર નિકળે તેની રાહ જોઈ રહ્યા હતા. હવે સંજયદત્ત બહાર આવી ચુક્યો છે ત્યારે ફિલ્મના શુટિંગને ટેકનિકલ કામ પૂર્ણ કરી લીધા બાદ આગળ વધારી દેવામાં આવનાર છે. સંજયદત્તે ફિલ્મને લઈને તારીખ પણ આપી દીધી છે. શરૂઆતના હિસ્સાનુ નિર્દેશન અતુલ ગર્ગ કરનાર છે. સરોજ ખાન અને ગાયિકા મધુશ્રીની મદદ લેવામાં આવી રહી છે. મધુશ્રીએ માહિતી આપતા કહ્યુ છે કે આ ફિલ્મ સંગીત પ્રધાન છે. તેમાં લતાના ગીતો આજે પણ તમામને રોમાંચક કરી નાંખે છે. ફિલ્મનુ શુટિંગ વારાણસી, જયપુર, ગયા, સહિતની જગ્યાએ કરવામાં આવનાર છે.

ફિલ્મના સેટને તૈયાર કરવા માટે ખાસ લોકોને આમંત્રિત કરવામા આવી રહ્યા છે. સ્ટાર સંજય દત્ત અન્ય કેટલીક ફિલ્મો પણ હાલમાં કરી રહ્યો છે જેમાં ભૂમિ ફિલ્મનુ શુટિંગ પૂર્ણ કરી લેવામા ંઆવ્યુ છે. ફિલ્મમાં તેની સાથે અદિતી રાવ હેદરી મુખ્ય અભિનેત્રી તરીકે કામ કરી રહી છે. ફિલ્મ ખુબ લોકપ્રિય અને સફળ થાય તેવી પણ શક્યતા દેખાઈ રહી છે.

## હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી અમરજયોત એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી અમરજયોત ઈન્ટરનેશનલ સ્કૂલ માં 'સોસયલ વર્કર ડે' ની ઉજવણી

રાધનપુર

હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી અમરજયોત એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી અમરજયોત ઈન્ટરનેશનલ સ્કૂલ (દાતાઃ શ્રીમતી ઈન્દુબેન વસંતલાલ ઝોટા, મુંબઈ) માં 'સોસયલ વર્કર ડે' ની ઉજવણી કરવામાં આવી. જેમાં બાળકો વિવિધ પ્રકારની વેશભુષા ધારણ કરીને આવ્યા હતા. જેવા કે ડોકટર, વકીલ, જજ, ખેડૂત, મીકેનીક, ટીચર, પ્રિન્સિપાલ, સુથાર, લુહાર, ઈલેકટ્રીશીયન વગેરે દરેક બાળકો પોતાના રોલ વિશે સ્ટેજ ઉપર આવીને સમજ આપી હતી.સમગ્ર કાર્યક્રમ પ્રિન્સિપાલ મેઘાબેન જે.ઠક્કરના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે કો.ઓર્ડિનેટર જયેશ રાવલ, એમીનીસ્ટ્રેટર કૃણાલ ઠક્કર, સુપરવાઈઝર મીત્તલ આર.ઠક્કર, એકટીવીટી ઈન્ચાર્જ દિશા ગોકલાણી, કાજલ ઠક્કર, બંસરી ઠક્કર તથા સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમની સફળતા બદલ ટ્રસ્ટના પ્રમુખ ડો.મહેશભાઈ મુલાણી, મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ કે.ઠક્કર, ઓનેરરી સેક્રેટરી ડો.નવીનભાઈ ઠક્કર તેમજ કોષાધ્યક્ષ ધીરૂભાઈ પી.ઠક્કર (પંપવાળા) એ શુભેચ્છાઓ પાઠવી હતી.

## રાધનપુરમાં નેશનલ હાઈવેની ગટરમાં ગાય ફસાઈ




પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા ફોરલાઈન રોડની સાઈડમાં પાંચ ફૂટ ઉંડી બનાવેલી ગટરોના ધાબા ઠેરઠેર તૂટી ગયા છે. અને જાનહાનિ થવાની સંભાવના રહેલી છે. આ ગટરમાં વારાહી રોડ ઉપર ગુરૂવારે મોડી સાંજે એક ગાય પડી જતાં ફસાઈ ગઈ હતી. જેની જાણ શ્રીરામ સેવા સમિતિના પ્રમુખ પ્રકાશભાઈ દક્ષિણીને થતા તાત્કાલિક સમિતિના સદસ્યો ગોવિંદભાઈ નાડોદા, ડ્રાઈવર ભાવેશભાઈ ઠાકોર અને કાર્યકરો પહોંચી ગયા હતા અને ભારે જહેમત બાદ ગાયને સહી સલામત બહાર કાઢી ગૌમાતાને જીવતદાન આપ્યું હતું.

## ધાનેરામાં વરસાદના પૂરથી અસરગ્રસ્ત ઈસમને હિંમતનગર ફોટો એસો.૨૫ હજારની સહાય




હિંમતનગર

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ગામના મહેન્દ્રભાઈ કે જેઓનું માટીનું મકાન પડી ગયું તથા ભાડાની દુકાન, કેમેરા, કોમ્પ્યુટર વરસાદી પૂરના કારણે મોટુ નુકશાન થયુ હતું.તેમની સ્થિતિની જાણ મળતા રૂા.૨૫,૦૦૦ હજારની રોકડ રકમ હિંમતનગર ફોટો એસોસીએશન, પ્રાંતિજ ફોટો એસોસીએશન, ભિલોડાના જીતુભાઈ, ખેરાલુ ફોટોગ્રાફર વિષ્ણુજી ઠાકોર, આણંદના ધનંજય સિંઘે મદદ કરેલ છે.કેમેરાની સર્વિસ ભાવેશ પંચાલ, હિંમતનગરે વિના મુલ્યે કરી આપી.

## રાધનપુરમાં કચ્છ જિલ્લા ભાજપના કાર્યકરો દ્વારા સફાઈ અભિયાન




પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર શહેરમાં ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિ બાદ ચારેબાજુ ગંદકીનું સામ્રાજય ફેલાયેલું હોઈ કચ્છ જિલ્લાના ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો સફાઈ અભિયાન માટે આવ્યા હતા અને શહેરમા સ્થાનિક આગેવાનોને સાથે રાખી ૧૦ ટીમો બનાવી શહેરના અલગ- અલગ વિસ્તારોમાં સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. જેમાં પાલિકાના પૂર્વ પ્રમુખ ડૉ.દેવજીભાઈ પટેલ, જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવિણભાઈ મહાલક્ષ્મી, શહેર ભાજપ પ્રમુખ જશુભાઈ રાવલ, મહામંત્રી કમલેશભાઈ તન્ના સહિતના તમામ હોદ્દેદારોની આગેવાની હેઠળ ૧૦ ટીમો બનાવી હતી. જેમાં ભૂજ શહેર ભાજપ પ્રમુખ નવિનભાઈ લાલન, મંત્રી અનિલભાઈ છત્રાડા, ઉપપ્રમુખ ભાવેશભાઈ જે.ઠક્કર, જયસુખભાઈ ઠક્કર, અલીમહંમદભાઈ સહિત જિલ્લાના હોદ્દેદારો અલગ- અલગ ટીમોમાં જોડાયા હતા. અને કચરાના ઢગલા ઉપાડવા બાવળ કટીંગ કરવા, વરસાદી પાણીનો નિકાલ કરવો, દવાનો છંટકાવ કરવો સહિતની કામગીરીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં શહેરના સૌથી ધનાઢ્ય અને પોશ ગણાતા શિતલ બંગ્લોઝની ગંદકી જોઈને કચ્છના કાર્યકરો દંગ રહી ગયા હતા.

## વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| | વાવ | ઘઉં | ૩૦૬ | | ૩૧૫૦ |
| જીરૂ | ૩૨૪૨ | ગવાર | ૬૫૪ | વરીયાળી | ૭૫૦-૯૧૧ |
| | -૩૩૫૧ | | થરા | મેથી | ૪૧૧-૪૭૧ |
| એરંડા | ૮૬૦-૮૭૦ | જીરૂ | ૩૧૦૦- | સુવા | ૭૬૨-૯૧૧ |
| | વડગામ | | ૩૩૯૦ | બંટી | ૩૪૩-૩૬૫ |
| ઘઉં | ૨૯૬-૩૦૦ | એરંડા | ૮૭૨-૮૮૩ | રાયડો | ૬૧૫-૬૬૮ |
| બાજરી | ૨૪૨-૨૫૭ | રાયડો | ૬૪૭-૬૫૦ | એરંડા | ૮૬૦-૮૯૯ |
| એરંડા | ૮૭૦-૮૮૦ | ગવાર | ૬૦૮-૬૬૪ | તલ | ૧૦૦૦ |
| ગવાર | ૭૧૭ | ઘઉં | ૩૦૮-૩૨૨ | ઘઉં | ૩૧૨-૩૫૦ |
| | ભીલડી | બાજરી | ૨૧૦-૨૫૬ | જુવાર | ૫૦૦-૮૧૧ |
| એરંડા | ૮૬૫-૮૬૬ | જુવાર | ૬૨૯-૭૮૦ | બાજરી | ૨૨૦-૨૬૩ |
| રાયડો | ૬૫૦-૬૫૫ | મગ | ૮૧૧ | અડદ | ૬૫૧-૭૦૦ |
| રાજગરો | ૭૦૦-૭૪૭ | | પાટણ | ગવાર | ૬૭૧-૭૦૧ |
| બાજરી | ૨૨૯-૨૫૭ | જીરૂ | ૨૭૬૧- | ર.બાજરી | ૨૧૫-૨૬૨ |

*પોતાની માંગણીયો સંદર્ભે*

## સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનોના સંચાલકોએ મામલતદારને આપેલુ આવેદનપત્ર

ઉંઝા

ગુજરાત ફેર પ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિયેશન માંગણીઓ સરકાર દ્વારા સંતોષવામાં ન આવતા એસોસિએશનના આદેશ મુજબ ગતરોજ મહેસાણા જિલ્લા સહિત તાલુકા મથકોએ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનોના સંચાલકોએ સામૂહિક રીતે મામલતદાર કચેરીઓમાં આવેદનપત્ર પાઠવી આગામી માસથી અનાજ, ચોખા, કેરોસીન સહિતના જથ્થાની પરમિટનો સામૂહિક બહિષ્કાર કરવાનો નિર્ણય કર્યો છે.ઉંઝા તાલુકાના સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનોના સંચાલકોએ ગતરોજ ઉંઝા તાલુકા મામલતદારને એક આવેદનપત્ર પાઠવ્યું હતું.જેમાં જણાવાયુ છે કે, ગુ-જરાત રાજ્ય એફ.પી.એસ.અને કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશન અમદાવાદ દ્વારા રાજ્ય સરકારને એક પત્ર દ્વારા અલ્ટીમેટમ આપી જણાવેલ છે કે, અમો ડીલર્સની પોષણક્ષમતામાં સુધારો થાય તે પ્રકારની વિવિધ માંગણીઓ સરકાર દ્વારા છેલ્લા અઢી માસથી સ્વીકારવામાં આવી નથી.તેમજ આ માગણીઓ સંદર્ભે કોઈ હકારાત્મક જવાબ આપવામાં આવ્યો નથી.જેથી રાજ્ય એસોસિએશન જિલ્લા એસોસિએશનના હોદ્દેદારો સામે બેઠક યોજી ચર્ચા વિચારણાના અંતે અમો ડીલર્સએ ૧૫ મી ઓગસ્ટ ૨૦૧૭ થી પરમિટનો બહિષ્કાર કરવાનું નક્કી કરેલ છે.

## ચાણસ્મા ગોગા મહારાજના મંદિરે નાગ પંચમીનો લોકમેળો ભરાયો



ચાણસ્મા

ભારતીય સંસ્કૃતિમાં ફૂલેમઢ્યા ગજરાની જેમ રખોપાયેલા તહેવારોમાં લોકજીવન વધુ ખીલી ઉઠે છે. આવો જ એક તહેવાર છે નાગપંચમી. શનિવારે નાગપંચમી નિમિત્તે ચાણસ્મા શહેર સહિત સમગ્ર પાટણવાડા પંથકમાં ગોગા મહારાજના સ્થાનકોએ મેળા ભરાયા હતા. ચાણસ્માના જૂના રબારીવાસમાં આરૂઢ ૧૨૦૦ વર્ષ પ્રાચીન શેષનારાયણ ગોગા મહારાજના પવિત્ર સ્થાનકે પણ ભવ્ય લોકમેળો ભરાયો હતો. જેમાં ચાણસ્મા, મોઢેરા, બહુચરાજી, પાટણ, હારિજ પંથકમાંથી માલધારી સહિત અઢારેય વરણના હજારો લોકો કળિયુગના દેવ ગોગા મહારાજના દર્શને ઉમટી પડી દર્શન, પૂજા અને પ્રસાદનો લાભ લીધો હતો.

આ પ્રસંગે ચાણસ્મા ગોગા મહારાજની ભક્તિગાથાને ઉજાગર કરતી, જાણીતા ગાયક હેમંત ચૌહાણના કંઠે સ્વરબધ્ધ કરાયેલી મણિધર મહારાજ સીડીનું વિમોચન સંસદીય સચિવ રણછોડભાઈ દેસાઈના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે ગાયક હેમંત ચૌહાણ, ભુવાજી મહેન્દ્રભાઈ, અમથાભાઈ દેસાઈ, અગ્રણી મોતીભાઈ દેસાઈ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ દેસાઈ, ગોવિંદભાઈ ગોપાલબંધુ, પૂજારી હસમુખગીરી ગોસ્વામી વગેરે હાજર રહ્યા હતા. ગોગા મહારાજ પરિવારના હિતુ દેસાઈ અને પરેશ દેસાઈએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. અત્રે નાગપંચમી નિમિત્તે સવારે લઘુરુદ્ર યજ્ઞ તેમજ મંદિરે ધ્વજારોહણ કરાયું. તે સમયે બોલ મારા ગોગા જય જય ગોગાના જયઘોષથી વાતાવરણ ગાજી ઉઠ્યું હતું.

ભુવાજી મહેન્દ્રભાઈ એડવોકેટના જણાવ્યા મુજબ, આ સ્થાનક ચાણસ્મા નગરની થાંભલી મુકાઈ તે સમયના જૂના રબારી નેસડામાં આવેલું છે. ગોગા મહારાજના હાલના મંદિરનો ગોગા બાપાના પરમ ઉપાસક જોરાભા અને તે પછી તેમના પુત્ર અમથાભાઈ દેસાઈ દ્વારા જીર્ણોદ્ધાર કરાયો હતો. હાલમાં આરસપહાણમાં મઢાયેલા સ્થાનકમાં ગોગા મહારાજની સાથે જેથી સિકોતર સહિતના દેવ- દેવીની સ્થાપના કરાઈ છે.

## જમીયતે ઉલમાએ હિંદ દ્વારા આજે પાટણમાં કોમી એકતા રેલી યોજાશે

પાટણ

વર્તમાન સંજોગોમાં દેશની કોમી એકતાને જાળવી રાખવા અને વિદેશી તાકતોના ખતરા સામે પ્રત્યેક દેશવાસી રાષ્ટ્ર ધર્મ નિભાવી એકતા અખંડિતતા જાળવવામાં સહયોગી બને તે હેતુથી ''જમીયતે ઉલમાએ હિંદ'' પાટણ દ્વારા આજે ૧૩ ઓગસ્ટના રોજ સવારે ૧૦/૩૦ વાગે જુના પાવરહાઉસ પાસેથી, ઝવેરી બજાર, રેલવે સ્ટેશન સુધીની એકતા રેલી યોજવામાં આવશે. આ અંગે પત્રકારોને સંસ્થાના પ્રમુખ ઈમરાન શેખે જણાવેલ કે દેશમાં કોમી એકતાને ખેરવવાના પ્રયાસો અને આંતરિક વાતાવરણ બગડવાની સાજીશ સામે તમામ ધર્મ, કોમ, નાત- જાતના લોકો એક બની રાષ્ટ્રધર્મ જગાવવાની જરૂર હોઈ ૧૫ ઓગસ્ટ પૂર્વે રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલીમાં તમામ જાતિના લોકોને સાથે જોડી રેલી નીકળશે. જ્યારે પાટીદાર એકતા સમિતિના કિરીટભાઈ પટેલે પણ કોમવાદને ભૂલી રાષ્ટ્ર ધર્મને સર્વોપરી ગણાવેલ.

આ કાર્યક્રમમાં પાટણ શહેરના પત્રકારો રાજેશ સોની, ભરતભાઈ સોની, બી.એસ.પઢીયાર, ઈલ્યાસ મેમણ સહિત અન્ય અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## રાધનપુર બી.જે.ગઢવી બી.એડ.કોલેજમાં અવકાશ કાર્યક્રમના પિતા અને સાહિત્યકારની જન્મજયંતિ ઉજવાઈ



રાધનપુર

શ્રી કરણી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી બી.જે.ગઢવી બી.એડ.કોલેજ, રાધનપુરમાં ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા જેમને કહેવાય છે તેવા ડો. વિક્રમ સારાભાઈ અને નવલકથાકાર, નાટ્યકાર, વિવેચક તથા 'લીલુડી ધરતી' અને 'ધુંધવતાના પુર' જેવી નવલકથાના સર્જક ચુનીલાલ મડીયાના જન્મજયંતિ ઉજવવામાં આવી.જેમાં બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓમાં ચૌધરી વર્ષાએ ડો.વિક્રમસારાભાઈનું જીવન-કથન, જોષી હિતેષે શોધ-સંસોધન તથા વસાણી વિકિતાએ તેમનું જીવન તથા સિધ્ધિઓની પી.પી.ટી.સ્લાઈડ દ્વારા વકતવ્ય આપ્યુ હતું.ત્યારબાદ ચૌધરી આશાબેને ઉત્તમ ચુનીલાલ મડીયાના જીવન-કથન અને તેમના સાહિત્ય વિશે વિશેષ રસપાન કરાવ્યું હતું. પ્રા. દિલિપભાઈ પ્રજાતપિએ ડો. વિક્રમ સારાભાઈનું વિજ્ઞાન અને સંશોધનમાં વિશેષ પ્રદાનની માહિતી આપી હતી. ત્યારબાદ કોલેજના પ્રિન્સીપાલ ડો. મનીષાબેન વ્યાસે પ્રશિક્ષણાર્થીઓના આ કાર્યક્રમને બિરદાવ્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.શૈલેષભાઈ યોગીએ કર્યું હતું.આ પ્રસંગે કોલેજના અધ્યાપક ગણ અમિતભાઈ સોલંકી, સ્નેહલબેન સોલંકી, જીજ્ઞાબેન ઠક્કર, રામજીભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

## રાધનપુર તાલુકામાં નાસ્તાના દસ હજાર પેકેટનું વિતરણ




પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના પ્રેમનગર, ધર્મનગર, કોલાપુર, બંધવડ, પેદાશપુરા, સરદારપુરા, કમાલપુર, મોટી પીંપળી સહિત અન્ય ગામોની શાળાઓમાં જિલ્લા પંચાયતની ગ્રાન્ટમાંથી બાળકોને દસ હજાર નાસ્તાના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના અધિકારીઓ સાથે જિલ્લા પંચાયતના સદસ્ય જગદીશભાઈ રાઠોડ, હરદાસભાઈ આહિર, ધનરાજભાઈ, બાબુભાઈ કોલાપુર, ભેમાજી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ધી ન્યૂ પ્રોગ્રેસિવ બી.એડ.કોલેજ દ્વારા બે કાર્યક્રમો યોજાયા

મહેસાણા

ધી ન્યૂ પ્રોગ્રેસિવ કોલેજ ઓફ ટીચર્સ એજયુકેશન, મહેસાણા દ્વારા તા.૩૧-૦૭-૨૦૧૭ ના રોજ બનાસકાંઠા પૂર અસરગ્રસ્તો એમએટીઈ પ્રશિક્ષણાર્થીઓ દ્વારા મહેસાણાના જુદા જુદા વિસ્તારમાંથી ફંડ ફાળો રૂા. ૧૯,૦૦૦ એકત્ર કરીને કોલેજના પ્રિ.ડો.એમ.કે.પટેલના હસ્તે કલેક્ટર(મહેસાણા)ને ચેક રૂપે અર્પણ કરાયો હતો.કોલેજના પ્રશિક્ષણાર્થીઓમાં આ સરાહનીય કાર્ય દ્વારા એક રાષ્ટ્રના નાગરિક તરીકે પોતાનું કર્તવ્ય અને સેવા ભાવનાનો વિકાસ થયો હતો.તેમજ તા.૧-૮-૨૦૧૭ ના રદજ 'વિદ્યારંભ કાર્યક્રમ' યોજાયો.જે અંતર્ગત કોલેજમાં પ્રવેશ મેળવેલ પ્રશિક્ષણાર્થીઓનું કુમકુમ તિલક અને મોં મીઠુ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પ્રિ.કે. એન. માથુર (પૂર્વ પ્રિન્સિપાલ, સી.એન. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કડી, કો.ઓર્ડીનેટર, ઈગ્નુ સ્ટડી સેન્ટર, મહેસાણા.) ઉપસ્થિત રહી સફળ શિક્ષક થઈને સમાજોત્કર્ષ કરવા અને નૂતન પ્રવાહોને આત્મસાત કરીને શિક્ષણ ક્ષેત્રમાં કાર્યરત રહેવા પર ભાર મુકી આર્શીવચન આપ્યા હતા. કાર્યકર્મનું સંચાલન ડો. લતાબેન શર્માએ કર્યું હતું.ઉપસ્થિત મહેમાનનો શાબ્દિક પરીચય અને આવકાર પ્રિ.ડો.એમ. કે.પટેલે અને અંતે આભારવિધિ પ્રા.કમલેશભાઈ ગોહિલે રજૂ કરી હતી.

## નાગ દુધ પિતો નથી : નિકુલભાઈ

હિંમતનગર

હિંદુ ધર્મમાં નાગ પંચમીનો દિન પવિત્ર માનવામાં આવે છે... લોકો જ્યાં સાપ કે નાગ દેખાય તો તેની આગળ દુધ મૂકી દેતા હોય છે...પણ શું સાચે જ નાગ અથવા સાપ દૂધ પીતા હોય છે.?? અને આ દૂધ પીધા પછી તેમની શું હાલત થતી હોય છે એ બાબતથી લોકો અજાણ હોય છે...નાગ પંચમીને દિને હજુ પણ કેટલાક ગામડાઓમાં શ્રદ્ધાળુઓ મદારીઓ પાસે જઈને નાગને દૂધ પીવડાવે છે કાં તો નાગના નામે દુધના પૈસા કમાતા હોય છે... ત્યારે જાણકારોનું માનીએ તો નાગ દૂધ પીતો જ નથી....અને આ બાબતે લોકોને જાગૃત કરી રહ્યા છે હિમતનગરનાં નિકુલભાઈ. છેલ્લા ઘણા વર્ષોથી જીવદયાનું કામ કરતા નિકુલભાઈએ અત્યાર સુધીમાં ઘણા નાગ પકડ્યા છે... અને આ નાગનો અભ્યાસ પણ કર્યો છે... ત્યારે શું સાચે જ નાગ દૂધ પીવે છે???આ બાબતે નિકુલભાઈએ જણાવ્યુંહતું કે, મદારીઓ સાપ પકડીને તેનું ઝેર કાઢી દેતા હોય છે...અને તમને જાણીને નવાઈ લાગશે પણ ઘણા કિસ્સામાં ઝેર કાઢી દીધા બાદ સાપ મૃત્યુ પામતા હોય છે...સાપને અઠવાડિયા દસ દિવસ સુધી ભૂખ્યો રાખવામાં આવે તો ભૂખનો માર્યો તે દૂધ પણ પી લેતો હોય છે..પરંતુ આ દુધની અસરથી પણ નાગ મૃત્યુ પામતા હોવાના દાખલા છે.. નિકુલભાઈની દીકરી પણ હાલમાં આ બાબતનો અભ્યાસ કરી રહી છે...

હિંમતનગરમાં ક્યાંય પણ સાપ નીકળે કે લોકો નિકુલભાઈને યાદ કરે...અને નિકુલભાઈ આ સાપને પકડીને લોકોને સાપ બાબતે જાગૃત પણ કરે છે... ત્યારે નાગ પંચમીને દિવસે આજે આપણે પણ સાપને દૂધ ના આપતા તેણે જંગલમાં છોડી દઈને એને પણ જીવવાનો હક આપીએ એ જરૂરી છે....

## પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિના પગલે ત્વરીત રોગ અટકાયતી પગલાં લેવાયા

પાટણ

પાટણ જિલ્લાના ૯ તાલુકાઓમાંથી સાંતલપુર, રાધનપુર, સમી અને હારીજ તાલુકાઓ અતિવૃષ્ટિદના કારણે વધુ અસરગ્રસ્ત બન્યા છે. પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે રોગચાળો ફેલાય નહીં તે માટે ત્વિરીત રોગ અટકાયતી કામગીરી શરૂ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા ૧૩૩ મેડીકલ ટીમો કાર્યરત કરવામાં આવી છે. પાટણ જિલ્લાયની ૬૪, ભાવનગર-૯, અરવલ્લી-૫ મહેસાણા-૫ આણંદ-૫, ગાંધીનગર-૫ અને ધારપુર મેડીકલ કોલેજની ૪૦ ટીમો રોગ અટકાયતી કામગીરી માટે સતત કાર્યરત છે. પાટણ જિલ્લામની-૪, ભચાઉ, રાપર, મહેસાણા, ભુજ અને અમદાવાદની દરેક એક એક મોબાઈલવાન એમ કુલ-૯ મોબાઈલવાન આરોગ્યકની કામગીરી કરી રહી છે. ૩૫૪ પેરા મેડીકલ ટીમો કાર્યરત કરાઈ છે. પાટણ જિલ્લામમાં આરોગ્ય ટીમો દ્વારા અત્યાર સુધી ૯૦૭૭ સર્વેલન્સે કેસ, ૩૭,૧૯૩ દર્દીઓને ઓ.પી.ડી. સારવાર, ૨૧૫૨ દર્દીઓને આઇ.પી.ડી. સારવાર આપવામાં આવી છે.

અસરગ્રસ્તુ વિસ્તારોમાં ૩૩૧ મેડીકલકેમ્પ યોજી ૩૦,૨૧૫ વ્યકિતઓને સારવાર આપવામાં આવી. ૫,૩૨,૦૬૫ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુંય. ૪૮૭૪ કલોરીને ટેસ્ટ કરવામાં આવ્યા. ૫૧૪૮ બી.એસ.ના ટેસ્ટી લેવામાં આવ્યા. પાટણ જિલ્લાલના અસરગ્રસ્ત વિસ્તાોમાંથી ૩૦ પોઝીટ-ીવ મેલેરીયા કેસો થયા છે. ૧૭૭૩ લીટર બળેલ ઓઈલનો છંટકાવ કરવામાં આવ્યો છે. આરોગ્ય ટીમને ૬,૫૫,૪૨૦ કલોરીનની ટેબલેટ, ૩.૮ ટન ટી.સી.એલ.પાવડર, ૫૫,૦૦૦ ઓ.આર.એસ. અને ૧૦ ટન લાઈમબેગનો જથ્થો ફાળવવામાં આવેલ છે.

## પાટણ જિલ્લામાં પુરગ્રસ્ત વિસ્તારોમાં ૩,૧૯,૧૨૫ કિ.ગ્રામ કિ.ગ્રામ ઘાસનું વિતરણ કરાયું

પાટણ.

પાટણ જિલ્લામાં અતિવૃષટિને કારણે પશુઓને ઘાસચારો મળી રહે માટે જિલ્લા વહીવટી તંત્રપાટણ દ્વારા વ્યવસ્થા કરવામાં આવેલ છે. જિલ્લા વહીવટીતંત્ર, પાટણ દ્વારા જિલ્લાના પાટણ તાલુકામાં ૨ ટ્રક દ્વારા ૯૭ ગાંસડી, સરસ્વતી તાલુકામાં ૩ ટ્રક દ્વારા ૧૨૯ ગાંસડી, હારીજ તાલુકામાં ૧૩ ટ્રક દ્વારા ૬૩૨ ગાંસડી, સમી તાલુકામાં ૧૮ ટ્રક દ્વારા ૭૩૫ ગાંસડી, રાધનપુર તાલુકામાં ૩૫ ટ્રક દ્વારા ૧,૭૩૬ ગાંસડી, સાંતલપુર તાલુકામાં ૧૯ ટ્રક દ્વારા ૬૨૨ ગાંસડી એમ કુલ જિલ્લામાં ૯૦ ટ્રક દ્વારા ૩,૯૫૧ ઘાસની ગાંસડીઓનુંવિતરણ કરવામાં આવ્યું. પાટણ જિલ્લામાં પુરગ્રસ્ત વિસ્તારોમાં પશુઓને સમયસરઘાસચારો મળી રહે તે માટે પાટણ તાલુકામાં ૨, સરસ્વતી તાલુકામાં ૩૯૯, હારીજ તાલુકામાં ૩૫૦, સમી તાલુકામાં ૩૮૬, રાધનપુર તાલુકામાં ૧,૬૬૪, સાંતલપુર તાલુકામાં ૫૪૩ ઘાસકાર્ડ એમ કુલ

જિલ્લામાં ૩,૩૪૪ ઘાસકાર્ડનું વિતરણ કરવામાં આવેલ છે.પાટણ તાલુકામાં ૬,૭૦૫ કિ.ગ્રામ, સરસ્વતી તાલુકામાં ૯,૬૯૭ કિ.ગ્રામ, હારીજ તાલુકામાં ૪૬,૬૨૫ કિ.ગ્રામ, સમી તાલુકામાં ૬૦,૭૭૫ કિ.ગ્રામ, રાધનપુર તાલુકામાં ૧,૩૭,૨૨૫ કિ.ગ્રામ,સાંતલપુર તાલુકામાં ૫૮,૦૯૮ કિ.ગ્રામ એમ કુલ જિલ્લામાં ૩,૧૯,૧૨૫ કિ.ગ્રામ ઘાસનું વિતરણકરવામાં આવેલ છે, તેમ જિલ્લા કલેકટર આનંદ પટેલની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## લોર્ડ ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સ ખાતે યોજાયેલ 'જન્માષ્ટમી' નિમિત્તે મટકી ફોડ કાર્યક્રમ



પાટણ

લોર્ડ ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સના પ્રાયમરી, પ્રાથમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગ તથા કેઆઈપીએસ અંગ્રેજી માધ્યમ સ્કુલમાં આજરોજ જન્માષ્ટમી પર્વ નિમિત્તે સ્કુલમાં તમામ બાળકો અને બાળાઓ દ્વારા મટકીફોડ કાર્યક્રમ કરવામાં આવેલ. કૃષ્ણના પરિવેશમાં સજજ થયેલ બાળકો દ્વારા પિરામીડ રચી મટકી ફોડી કૃષ્ણ લીલાનું પ્રાત્યક્ષિક કરવામાં આવેલ. તમામ બાળકોએ 'જય કનૈયાલાલ કી'' ના નાદથી વાતાવરણમાં આદ્યાત્મિકતાથી મનાવવામાં આવ્યો. શાળાના સંગીત શિક્ષક નિરવભાઈ ગાંધી અને નિલભાઈ રાવલની ટીમ વડે રજુ કરવામાં આવેલ સંગીતના તાલે બાળકોએ ઝુમી આનંદ કર્યો.

શાળાના મેનેજીંગ ટ્રસ્ટી અમિતભાઈ, પ્રમુખ દિનાબેન, ટ્રસ્ટી કે.પી. પટેલ, એલ.કે.પટેલ, ડી.એન. પટેલ માધ્યમિક ઉ.મા ના આચાર્ય કિશોરભાઈ રામી, પ્રાથમિક આચાર્ય જગદીશચંદ્ર પંચાલ, અંગ્રેજી માધ્યમ આચાર્ય, રીચાબેન દિવાન તથા તમામ સ્ટાફ ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભાયમાન કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચિરાગભાઈ પટેલ, બળદેવભાઈ જોશી, સુરજભાઈ, તન્વીબેન મોદીએ કર્યું હતું.

### રાધનપુરની ઈંગ્લીશ મિડીયમ સ્કુલમાં મટકી ફોડ કાર્યક્રમ

પ્રતિનિધિ રાધનપુર



રાધનપુરમાં હિમતા વિદ્યાનગર સ્થિત ઈંગ્લિશ મીડીયમ સ્કુલમાં શુક્રવારે જન્માષ્ટમીના પવિત્ર પ્રસંગે મટકી ફોડનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. નાના ભૂલકાઓ કાનુડાનો વેશ ધારણ કરીને આ કાર્યક્રમમાં ઓતપ્રોત બની ગયા હતા. આ પ્રસંગે પ્રિન્સીપાલ મિત્તલબેન પટેલ, શિલ્પાબેન ઠક્કર, ધરતીબેન ઠક્કર, રીનાબેન ઠક્કર તથા સ્ટાફે ભુલકાઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. જ્યારે સંસ્થાના પ્રમુખ મહેશભાઈ મુલાણી, મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર સહિતે શુભેચ્છાઓ પાઠવી હતી.

# થરાદ તાલુકાનું લોઢનોર પૂર પ્રકોપમાં પાયમાલ

### આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીની નદીના વહેણના કાયમી નિરાકરણની ખાત્રી





મુકેશ સોની

પ્રતિનિધિ ગણતા

સમગ્ર બનાસકાંઠાને હચમચાવી નાખનાર અતિવૃષ્ટિએ ઠેરઠેર તેનુ રૂદ્ર સ્વરૂપ વેર્યુ છે. રાજસ્થાનના ઉપરવાસમાં પડેલ ભારે વરસાદથી આવેલા પુરે કઠણકાળજાના માનવીને પણ ડગાવી મુક્યો છે. ધાનેરાથી પસાર થતી રેલ નદી આ ચોમાસામાં રૂદ્ર રૂપ ધારણ કરતા તેના પાણી ધાનેરા અને થરાદ તાલુકાના કેટલાય ગામોમાં ફરી વળ્યા હતાં.

થરાદ તાલુકાનુ લોઢનોર ગામ પણ આ પુરપ્રકોપનુ શિકાર બની ચુક્યુ છે. વર્ષોથી જ્યાં નદીનું જુનુ વહેણ હતુ ત્યાં રેલ નદીના નામથી ઓળખાતી નદીમાં આવેલા ભારે પુરે ભારે તબાહી મચાવી છે. લોઢનોર ગામમાંથી પસાર થતી નદીએ કેટલાય ખેતરોનું ધોવાણ કર્યુ છે. તો ગામના કેટલાય ઘરો, દુધ મંડળી, પાણીની ટાંકી, પક્ષીઓના ચણનો ચબુતરો, મંદિર, પ્રાથમિક શાળા વગેરે અનેક જગ્યાએ ભારે નુકસાન કર્યુ છે. આજુબાજુના ગામોમાં જવા આવવાના રસ્તા ઓનો નામ નિશાન રહ્યું નથી.

અનુસંધાન પાના નં.૬

## રામપુરામાં કેશડોલ સહાય ચુકવવામાં ગેરરીતીની રાડ

ડીસા

ડીસા તાલુકાના રામપુરા ગામે અતિવૃષ્ટિથી વ્યાપક નુકશાન થયું છે. તેમ છતાં સરપંચ અને તલાટીએ માત્ર મળતીયાઓને સરકારી સહાય ચુકવી હોવાના આક્ષેપ સાથે સહાયથી વંચિત પુર અસરગ્રસ્તોએ ઉચ્ચ સ્તરે રજૂઆતો કરતા નાનકડા ગામમાં ચકચાર મચી જવા પામી છે.

ગત જુલાઈ મહિનામાં આવેલા પુરે જિલ્લાના અનેક ગામોમાં વિનાસ વેર્યો છે. જેમાં ખાસ કરીને ખેતરો ધોવાતા ખેડૂતોને પરાવાર નુકશાન થયું છે. જ્યારે ઘરો પડી જતા કે તણાઈ જતા અનેક પરિવારો બેઘર બન્યા છે. ત્યારે આવા પુરગ્રસ્તોના પુનઃવસન માટે સરકાર દ્વારા ૨૦ હજાર કરોડ રૂપિયાની સહાય

અનુસંધાન પાના નં.૬

# થરાદ - સાંચોર હાઈવે પર ગમખ્વાર અકસ્માતમાં પોલીસ અને ૧૦૮નું દિલધડક રેસ્કયુ ઓપરેશન

### ૨૦ મિનીટ લેટ પડયા હોત તો યુવક ના બચી શક્યો ન હોત : તબીબ





(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદ સાંચોર હાઈવે પર શુક્રવારની રાત્રે સર્જાયેલા એક ગમખ્વાર અકસ્માતમાં પોલીસ અને ૧૦૮ની ટીમે અડધો કલાક દિલધડક રેસ્કયુ ઓપરેશન કરી જેસીબીથી ડાલાનું પડખું ચીરીને શ્વાસ લઈ રહેલા યુવકને નવજીવન બક્ષ્યું હતું. જો કે જો માત્ર ૨૦ મિનીટ લેટ પડ્યા હોત તો યુવકને બચાવવો મુશ્કેલ થાત તેવું તબીબે જણાવતાં પોલીસ અને ૧૦૮ની ટીમે પણ માનવતાના કાર્યની લાગણી અનુભવી હતી.

શુક્રવારની રાત્રે ત્રણેક વાગ્યાના સુમારે સાંચોર હાઈવે પર માંગરોળ પીલુડા ગામની વચ્ચે RJ19GA 9368 નંબરની ટ્રક સાથે GJ6TT 7773 નંબરના બોલેરો કેમ્પર જીપડાલાને ધડાકાભેર અકસ્માત સર્જાવા પામ્યો હતો.આથી કચ્ચરઘાણ વળેલા ડાલામાં બેઠેલ પરેશભાઈ સોલંકી ઉ.વ.૨૦ નામનો યુવક ફસાઈ જવા પામ્યો હતો. આ બનાવની ૧૦૮ને જાણ કરાતાં પાયલોટ ભરતમાળી અને

અનુસંધાન પાના નં.૬

### પૂરની પરિસ્થિતિ બાદ...

## વાવ પંથકમાં રોગચાળાનો ઉપદ્રવ દર્દીઓની સંખ્યામાં વધારો

### રેફરલમાં દરરોજ ૩૦૦થી વધુની ઓ.પી.ડી.



વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

પુરની પરિસ્થિતિ બાદ વાવ પંથકમાં ઓગષ્ટ માસના પ્રારંભથી જ રોગચાળાનું પ્રમાણ વધ્યું છે. ખાનગી અને સરકારી દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. આ બાબતે વાવ રેફરલ હોસ્પિટલની રૂબરૂ મુલાકાત લેતાં જવાબદાર તંત્ર દ્વારા જાણવા મળ્યું હતું કે ઓગષ્ટના પ્રારંભથી રોજીંદુ ૩૦૦ થી વધુ કેસોનું ઓ.પી.ડી. રહે છે. જેમાં મુખ્યત્વે વાયરલ ફીવરના કેસો છે. કોઈ જાતની ગંભીર બીમારી નથી. આરોગ્યતંત્ર તેની જવાબદારીના ભાગરૂપે ફોગીગની કામગીરી તેમજ પોરાનાશક દવા, ક્લોરોક્વીન ગોળીઓનું વિતરણ થઈ રહ્યું છે.

રેફરલ હોસ્પિટલ ખાતે ૩ એમ.બી.બી.એસ. ડૉક્ટરો તેમજ સ્ટાફમિત્રો રજાના દિવસે પણ ખડેપગે સેવા આપી પોતાની ફરજ અદા કરી રહ્યા છે. રેફરલ હોસ્પિટલમાં દર્દીઓને ઈંજેક્શન, ગોળી, દવા, બાટલાઓ તેમજ લેબોરેટરીની પણ ઉત્તમ સુવિધા મળી રહી છે. આરોગ્ય બાબતે રેફરલ હોસ્પિટલની સુવાસ સમગ્ર વાવ પંથકમાં પ્રસરી રહી છે.

# ડીસા સહિત જિલ્લામાં ફરી વરસાદી માહોલ

### ક્યાંક ઝરમર તો ક્યાંક હળવા વરસાદના ઝાંપટાં



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા સહિત જિલ્લામાં છેલ્લા ચાર પાંચ દિવસથી વરસાદી માહોલ સર્જાતા શ્રાવણના સરવડા સાથે વરસાદી ઝાંપટા પડી રહ્યા છે.

કચ્છ અને અરબી સમુદ્રના ઉપર અપર એર સરક્યુલેશન સર્જાયુ છે. જેના કારણે સમગ્ર ગુજરાતમાં આકાશમાં વાદળો છવાતા અનેક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ થઈ રહ્યો છે. ગતરોજ જિલ્લાના ડીસા પંથકમાં વરસાદનું જોરદાર ઝાપટુ પડતા ઠેરઠેર પાણી ભરાયુ હતું. ત્યારે શનિવારે સવારથી ઝરમર વરસાદ શરૂ થયો હતો. તેથી દિવસભર વરસાદી માહોલ જોવા મળ્યો હતો. આકાશમાં ઘનઘોર વાદળો અને ઠંડા પવનો ફુંકાતા હોવાના કારણે વાતાવરણ પણ ઠંડુગાર બની જવા પામ્યું હતું. જેથી પ્રજાજનોને ગરમી અને ઉકળાટથી મોટી રાહત મળી રહી છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી પાંચ દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં હળવા ઝાપટાં થવાના પણ અહેવાલો મળી રહ્યા છે.

ડીસા પંથકમાં શનિવારે વહેલી સવારેથી ઝરમર વરસાદના આગમન સાથે દિવસભર ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. જેના કારણે વરસાદી માહોલથી મચ્છરોનો ઉપદ્રવ વધી પડ્યો છે. તેથી બિમારીઓ સાથે સતત વરસાદથી ખાસ કરીને ગૃહીણીઓ કંટાળી ગઈ છે. જેથી 'વહુ અને વરસાદને જશ નહી' ઉક્તિ સાર્થક થવા પામી છે.

# મહિલાઓના ચોટલા કપાવાની અફવા રાજ્યમાં પણ પ્રસરી

### સોશ્યિલ મીડીયા અફવાની આગમાં ઈંધણ પૂરે છે



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

ભારત એ બિનસાંપ્રદાયિક વિવિધ ધર્મ પ્રતિક હવા, પાણી, અગ્નિ, વૃક્ષ, પથ્થર, પશુ- પક્ષી માનવથી માંડીને નાના છોડમાં અનોખી શ્રધ્ધા ભક્તિ આસ્થાની ભાવના ધરાવતો દેશ છે. જેનો ગેરલાભ કેટલાક ઠગ ટિખળીખોર વિકૃત માનસ ધરાવતા લોકો દહેશત ફેલાવતા કે ઠગાઈ કરવામાં સફળ થાય છે. બહેનને સાડલા ઓઢાડવા, ઘરના બારણે લીંબુ બાધવા, રક્ષાબંધનની રાખડીઓ છોડી નાખવી, હમણાથી રાજસ્થાનમાં અને બીજા કેટલાક રાજ્યોમાં રાત્રે એકલી સુતેલી કે બેઠેલી મહિલાના ચોટલા કોઈ કાપી જતુ હોવાના અહેવાલે સ્વાઈન ફલુને બનાસ નદીની તારાજી કરતા વધુ પ્રિન્ટ ઈલેક્ટ્રોનિક સોશ્યિલ મીડીયાના કાનેકાને ફરતા થયા છે. જેની અસર ગુજરાતના રાજકોટ- કચ્છ- અને બીજા જિલ્લાઓમાં થવા લાગી છે. ત્યારે સમાજ- સરકારે જાગૃત બની આવી અફવા - દહેશત ફેલાવનાર કે તેને પ્રોત્સાહન આપનાર તત્વો પ્રત્યે કડક વલણ અપનાવવું જોઈએ. નહીતર આવા લોકો આ રીતે લોકોને ગેરલાભ દહેશત ફેલાવીને લેતા રહેશે. શિક્ષણનો અભાવ અને અંધશ્રદ્ધામાં ગળાડૂબ હોય તેવા પરિવારોને આવા લોકો નિશાન બનાવતા અનુસંધાન પાના નં.૬

## વડગામના સેંભર ગોગ મહારાજના મંદિરે ભાવિકોનું ઘોડાપુર



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

ગઈકાલ તારીખ ૧૨ મી ઓગષ્ટને શનિવારે નાગપંચમી પર્વ પ્રસંગે વડગામના ઐતિહાસિક, ચમત્કારિક શ્રી સેંભર ગોગ મહારાજ તિર્થસ્થાને ભવ્ય લોકમેળો યોજાયો હતો. જેમાં ઉત્તર ગુજરાતના ભાવિકો ઉમટી પડ્યા હતા. શ્રાવણ વદ ચોથથી જ સેંભર તિર્થ તરફના માર્ગો પદયાત્રીઓથી ઉભરાયા હતા. સમગ્ર ગુજરાતમાં

અનુસંધાન પાના નં.૬

## ધાનેરામાં પૂરપીડીત ખેડૂતોનો સહાય મેળવવા ભારે ઘસારો

### કસ્બા તલાટીની ઓફિસે ભારે ભીડ

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરામાં આવેલા પૂરથી લોકોને અઢળક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે શહેરી વિસ્તારના ખેડુતોની જમીન અને પાકને થયેલા નુકશાનની સહાય મેળવવા માટે તેમને કલાકો સુધી લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડે છે.

ધાનેરામાં પૂર આવ્યા બાદ સરકાર દ્વારા પૂર અસરગ્રસ્તો માટે વિવિધ સહાયો આપવામાં આવી રહી છે. ત્યારે ખેડુતોને પોતાના પાક અને જમીનને થયેલા નુકશાનની સહાય આપવામાં આવી રહી છે. ત્યારે ધાનેરાના શહેરી વિસ્તારના ખેડુતોને થયેલા જમીન ધોવાણ અને પાકના નુકશાન માટેના ફોર્મ પર સહી સિક્કાઓ કરાવવા કસ્બા તલાટી પાસે જવું પડતું હોય છે.

જો કે, અહી કસ્બા તલાટીના ટેબલ પર અરજદારોની સંખ્યા વધારે હોવાથી આવનારા અરજદારોને કલાકોના કલાકો સુધી લાઈનોમાં ઉભુ રહેવાની ફરજ પડે છે. ત્યારે અહી કર્મચારીઓની ટેબલ વધારવામાં આવે તો આવનારા ખેડુતોને ઝડપથી પોતાના કાર્યો થઈ શકે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

### મોતની સવારી....



ભરત સુંદેશા

ડીસા - થરાદ રોડ ઉપર બસોની અછત અને અનિયમિતતાના કારણે ખાનગી વાહનોને તડાકો પડી રહ્યો છે. વિદ્યાર્થી સહિત મુસાફરોને જીવના જોખમે ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડે છે.

## કાંકરેજના ખારીયામાં મૃત પશુઓના નિકાલ માટે તંત્ર દોડ્યું

### જિલ્લા કલેક્ટરના પ્રજાભિમુખ અભિગમને આવકાર

પ્રતિનિધિ કંબોઈ

કાંકરેજના ખારીયા ગામે સર્જાયેલી પુર હોનારતમાં વાઘેલા ભુરૂભા, પ્રહલાદસિંહની ત્રણ ભેંસો મોતને ભેટી હતી પરંતુ તકેદારીના ભાગ રૂપે તે વખતે તંત્ર જે.સી.બી. થી ખાડો ખોદાવી ત્રણેય ભેંસો દાટી દીધી હતી. પરંતુ એ પછી પશુપાલન વિભાગ અને વેટરનરી ડોક્ટરોની ટીમ પી.એમ. કરવા પશુ માલિક પાસે ત્રણ ભેંસો બહાર કઢાવી પરંતુ અસહ્ય દુર્ગંધના કારણે ડોક્ટરોએ પી.એમ. કર્યુ નહતું અને ફરી તેમને હટાવવાની પણ તસ્દી લીધી નહતી. જેથી ઘર આગળ પડી રહેલા ત્રણેય પશુની દુર્ગંધથી રોગચાળાનો ખતરો મંડરાયો હતો. જેના કારણે પશુ માલિકે પશુઓના નિકાલ માટે તંત્રને વારંવાર રજૂઆતો કરી હતી. પરંતુ તેમનું કોઈ સાંભળતું નહતું જેથી પશુ માલિકે અમારા પત્રકારના માધ્યમથી જિલ્લા કલેક્ટર દિલિપ રાણાને "વોટસએપ" મારફત જાણ કરી હતી. જેથી જિલ્લા કલેક્ટરના આદેશથી તંત્ર દોડતું થઈ ગયું હતું. અને તાત્કાલિક મૃત પશુઓના પી.એમ. બાદ તેમના મૃતદેહનો નિકાલ પણ કર્યો હતો.

જિલ્લા કલેક્ટરના આ પ્રજાભિમુખ અભિગમને લોકોએ મુક્તકંઠે બિરદાવ્યો હતો.

## જેણે ગરીબોના પૈસા ખાધા હશે તે પૈસા હું કઢાવીશ : અલ્પેશ ઠાકોર



કમલ ચક્રવર્તી

### રાધનપુર- સાંતલપુરના પૂરગ્રસ્તોની મુલાકાત

પ્રતિનિધિ રાધનપુર

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે રાધનપુર અને સાંતલપુર તાલુકાના ગોતરકા, અબિયાણા, ગડસઈ, લુણીયાણા, ઉનડી, અગીયાણા, પરસુંદ, નવા કમાલપુરા સહિતના ગામોમાં ઝઝાવાતી પ્રવાસ કરીને વિશાળ જનસભાઓ કરીને લોકોની સમસ્યાઓ સંભાળી હતી. જેમાં અનેક લોકોએ કેશડૉલ, ઘરવખરી, જમીન ધોવાણ કે અન્ય સહાય ના મળ્યાની ફરિયાદ કરી હતી. જેમને ન્યાય અપાવવા અલ્પેશ ઠાકોરે ખાતરી આપી હતી. આ ઉપરાંત અબિયાણા અને પેદાશપુરા વચ્ચે પુલ બાંધવાની સરકારમાં રજુઆત

અનુસંધાન પાના નં.૬

## ધાનેરામાં પૂર સહાય ચુકવવામાં ભેદભાવની રાડ

### સહાયથી વંચિત લોકોની આમરણાંત ઉપવાસની ચિમકી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાના આંબેડકર ચોક, લાધાપુરા, જવાહર ચોક, શિવનગર, ભીલવાસ વગેરે વિસ્તારોમાં પાલિકા દ્વારા પૂર સહાય ચુકવવામાં ભેદભાવ આચરાયો હોવાનો આક્ષેપ સાથે ૫૦ લોકોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું અને સહાય નહીં મળે તો આમરણાંત ઉપવાસ ઉપર ઉતરવાની ચિમકી ઉચ્ચારી હતી.

આ બાબતે કરશનભાઈ છગનભાઈ અને સોલંકી હિતેષભાઈ છગનભાઈએ રોષ ઠાલવતા જણાવ્યું હતુ કે નગરપાલિકાના કર્મચારીઓએ તેમના સગા સંબંધીઓને કે જ્યાં પાણી આવ્યુ નથી તેમને સહાય ચુકવી દીધી છે. જ્યારે બાજુના મકાનમાં પાણીથી નુકશાન થયું હોવા છતાં સહાય ચુકવી નથી.

પાંચ વર્ષ અગાઉ મકાન પડી ગયુ હોય તેમને સહાય અપાઈ છે. જ્યારે ખરેખર મકાન કે દિવાલ પડી ગઈ છે અને મકાન પડવાના આરે ઉભુ છે તેવા સાચા અસરગ્રસ્તોને મામુલી સહાય ચુકવી છે. તેથી આવા અસરગ્રસ્તોને સહાય નહીં ચુકવાય તો તા. ૧૪/૮/૨૦૧૭ ના રોજ મંજૂરી નહીં મળે તો પણ આમરણાંત ઉપવાસ ઉપર ઉતરવાની ચિમકી આપી હતી.

**જાહેર અપીલ**

**'સ્વચ્છતામાં સહકાર આપવા વિનંતી'**

આથી ધાનેરા નગરપાલિકાના તમામ વેપારી મિત્રોને જણાવવાનું કે, ભારે વરસાદ અને પુરમાં બગડેલ માલ-સામાન રોડ ઉપર ગમે તેમ ન નાંખતા હવે જો માલ બગડેલ હોય તો તેનો નિકાલ કરવાનો થાય તો ધાનેરા નગરપાલિકાનો સંપર્ક કરવો અને તે માલના નિકાલની વ્યવસ્થા કર્યા બાદ નગરપાલિકાને સાથે રાખી ગંદા માલ - સામાનનો નિકાલ કરવાનું રાખશો, જો તમારો બગડેલ માલ - સામાન જાહેર રસ્તા પર નાંખવામાં આવશે તો તમારી સામે જાહેરમાં ગંદકી ફેલાવવા બદલ ગુ.મ્યુ.એકટની જોગવાઈઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

'સહકારની અપેક્ષા સહ'

ધાનેરા નગરપાલિકા

**બેસણું**



સ્વ.જામીબેન ઈશ્વરભાઈ આલ
સ્વ.તા.૧૦-૮-૨૦૧૭

અમારે બેન જામીબેન ઈશ્વરભાઈ આલનું તા.૧૦-૮-૨૦૧૭ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.પ્રભુને ગમ્યું તે ખરું.સદ્‌ગતનું બેસણું તા.૧૪-૮-૨૦૧૭ ના રોજ સમાજના રીત રીવાજ મુજબ રાખેલ છે.

સ્થળ: ફાર્મ હાઉસ, મુ.વડા, તા.કાંકરેજ, જી.બ.કાં.

લિ.

સમસ્ત દિયા પરિવાર લુદરા,તા.દીઓદર

**બંગલો ભાડે આપવાનો છે**

ડીસાના પોર્સ રહેણાંક વિસ્તારમાં નેશનલ હાઈવે ટચ ગાયત્રી મંદિરથી નજીક ઉન્નતી પાર્કમાં ૩૪૦૦ ફુટ પ્લોટ એરીયામાં ૨૫૦૦ ફુટના બાંધકામવાળો ૩ બેડરૂમ, હોલ, કિચન સ્ટોર રૂમ, પુજા રૂમ, ચારે બાજુ છુટવાળો ગાર્ડન સાથે, ડો. તથા ઓફીસર વિગેરેને લાયક ભાડે આપવાનો છે.

સંપર્ક કરો (૧) દિનેશ સોની મો.૯૮૨૪૧૩૫૩૬૬
(૨) શ્રેયસ પી.શાહ મો.૯૮૨૪૬૬૬૮૪૬

